بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-મે-૨૦૧૩**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૫, સળંગ અંક : ૧૧૩

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી (B.Sc.)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | વારસામાં બહેનોના હિસ્સા વિશે કુર્આની આદેશને પાળો ! | ૦૨ |
| ૦૨ | સુન્નીઓ સાવધાન ! તમે ક્યાં છો ? એક કડવી સચ્ચાઈ ! | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૪ |
| ૦૫ | હ઼દાઈકે બખ્શિશ | ૧૬ |
| ૦૬ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૯ |
| ૦૭ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૨ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૫ |
| ૦૯ | 'અઝાને ક઼બ્ર' વિશે એક દિલચસ્પ મુનાઝરો ! | ૨૭ |
| ૧૦ | સીરતે નબવી ﷺના પ્રકાશમાં ભૂલ કરનારને સજા આપવાના તરીક઼ા | ૩૦ |
| ૧૧ | સદ્કાર્યોમાં નબી ﷺના ઘરની સ્ત્રીઓની સખાવત | ૩૫ |
| ૧૨ | મેડિકલેમ ઈન્સ્યૂરન્સનો હુકમ | ૩૯ |
| ૧૩ | જૂઠા દજ્જાલના ચેલા ક઼ાદયાનીઓથી સાવધાન ! | ૪૨ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## દરશાને હઝરત અહમદ કબીર રિફાઈ (رضی اللہ عنہ)

અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી

દિલબરે રબ્બુલ ઉલા અહમદ કબીર
નૂર ચશ્મે મુસ્તફા અહમદ કબીર
વોહ હુસૈની જિન્કા હય આ'લા નસબ
આલે અતહર બા ખુદા અહમદ કબીર
દૌરે ગૌષે પાક સે હંય ફૈઝયાબ
બા કરામત બા સફા અહમદ કબીર
લાએ ખ્વાજા હિન્દમેં દીને નબી
આ ગયા ફિર સિલસિલા, અહમદ કબીર
ગૌષ કા પરતવ કબીરી સિલસિલા
પયરવે ગૌષુલવરા અહમદ કબીર
ક઼બ્રે અન્વર સે મુસાફાહ જિન્કો હો
ઔલિયામેં મરહબા અહમદ કબીર
ઈન્કેસારી સાદગી મેં બે મિષાલ
ખુલ્ક઼મેં સિદક઼ો સફા અહમદ કબીર
ફઝ્લે રબ સે કરતે હય ઈમ્દાદ વોહ
હય વલી મુશ્કિલકુશા અહમદ કબીર
માંગો ઉન્સે આશિક઼ો રબ કે તુફૈલ
પીર હય હાજત રવા અહમદ કબીર
ખાલી કોઈ રૌઝે સે જાતા નહીં
સાહિબે જૂદો સખા અહમદ કબીર
કયા **'ગનીમત'** હો કિસી સે ઉન્કા વસ્ફ
નાઈબે ગૌષુલવરા અહમદ કબીર

# વારસામાં બહેનોના હિસ્સા વિશે
## કુર્આની આદેશને પાળો !

કાર્યાલય

મુસલમાનો ! કુર્આન પર ઈમાન છે તો તેના આદેશોને માથે ચઢાવો અને પિતાના મૃત્યુ બાદ પિતાની જે મિલ્કત જમીનો, ઘરો, બેલેન્સ તથા અન્ય થાપણો જે બચ્યું કે બાકી રહ્યું હોય તેના કુર્આની આદેશ મુજબ ભાઈઓ તથા બહેનોમાં ભાગ પાડી દરેકનો હક્ક દરેકને સોંપો, નહીં તો તમો કોઈનો માલ હડપ કરનારા ગણાશો, અને તેની સજા દુનિયા તથા આખેરતમાં વેઠવી પડશે. **કોઈની એક ઈંચ જમીન પચાવી પાડી હશે તો કયામતમાં એ બધી જ જમીનનો પાતાળ સુધીનો ભાગ (સાત જમીનો) પચાવી પાડનારના ગળે લટકાવવામાં આવશે.** એવો અસહ્ય અઝાબ ત્યાં વેઠવાનો થશે. *(મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

બહેનને હિસ્સો આપવાની વાત આવે છે તો કેટલાક કહે છે કે બહેનો તો માફ કરી આપે છે ! ભાઈ ભાઈ હિસ્સા માટે દુશ્મન બને છે અને ઝઘડે છે તેને જોતાં બહેન બીચારી કાંઈ બોલતી નથી તો હિસ્સો આપ્યા વિના તેણી પાસે એફીડેવીટ કરાવીને હક્ક ઉઠાવી લેવડાવે છે ! તમારે મિલ્કતની જરૂરત છે તો કેમ તે માણસ નથી ?! તેને જીવન જીવવાનું નથી ?! તેણીને ઔલાદ નથી ?! અને તેણીને જરૂરત હોય કે ન હોય પણ શરીઅતે આપેલ તેણીનો હક્ક તેને આપવો જ જોઈએ.

વળી કેટલાક કહે છે કે બહેનને તો અમે શાદી કરી આપી, ઘરેણા આપ્યાં વગેરે.......તો કેમ ભાઈ ?! તમારી શાદીમાં ખર્ચા નથી થયા ? તમારી પાછળ ખર્ચા નથી થયા ?! એ તો માબાપની ભાઈની ફરજ હતી કે દીકરીને ઠેકાણે પાડે, પણ **બાપની મિલ્કતમાં એનો ચોક્કસ હક્ક છે એ તેણીને આપો નહીં તો હરામનો માલ પચાવી પાડનારમાં તમારું નામ લખાશે ! અને કયામતમાં બધું જ ગળે વળગશે !**

વળી હાલમાં જમીનો કરોડો ને અબજોમાં વેચાય રહી છે તો બહેનોને શરીઅત મુજબ ભાગ આપવાને બદલે ભાઈઓ અમુક લાખ પકડાવીને પતાવી નાખે છે ! તો આ સરાસર ધોકો છે ! એમને કુલ મિલ્કતમાંથી જે શરીઅત સૂચવે છે તેટલો ભાગ આપો અને આપો જ ! મરનારની પત્ની તથા પુત્રો પુત્રીઓ હયાત છે તો કુલ મરનારની મિલ્કતના આઠ હિસ્સા થશે, માને એક હિસ્સો, બાકીના હિસ્સાઓમાંથી પુત્રોને ડબલ, પુત્રીઓને સિંગલ હિસ્સો વહેંચાશે. બાપની મિલ્કતમાંથી બહેનને ''ચોથાઈ'' આપવી એવું જે બોલાય છે એ ગલત છે. કેટલા ભાઈ, કેટલી બહેનો છે તે પ્રમાણે મિલ્કતના હિસ્સા પાડીને પછી જ વહેંચણી થશે. વાંચકોની સમજ માટે નીચે એક વારસા વિશેનો સવાલ જવાબ રજૂ કરીએ છીએ જેને વાંચો અને હિદાયત મેળવો.

**સવાલ :** શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ આ મસ્અલામાં કે 'ઝયદ'ના પિતા મૃત્યુ પામ્યા છે અને માતા પણ મૃત્યુ પામ્યાં છે. 'ઝયદ'ના પિતાનું એક મકાન છે. ઝયદને એક ભાઈ તથા બે બહેનો છે. એટલે કે મરનારના કુલ બે પુત્રો તથા બે પુત્રીઓ હયાત છે. ઝયદ પોતાની બહેનોને હિસ્સો આપવાની ના પાડે છે. જેથી કુર્આન તથા હદીષની રોશનીમાં જવાબ આપશો કે પુત્રીનો પિતાની મિલ્કતમાં કેટલો હિસ્સો છે, તો મહેરબાની થશે.

**અલ્જવાબ : الجواب هو الموفق للحق والصواب**
પુત્રીઓ કદી મેહરૂમ (વંચિત) થતી જ નથી, ચાહે કેટલીયે વૃધ્ધ થઈ જાય, ચાહે પરણિત હોય, દરેક સંજોગોમાં બાપના વારસામાં તેણીઓનો હિસ્સો છે. જો ભાઈ માબાપના મૃત્યુ પછી બહેનોને હિસ્સો આપવાથી ઈન્કાર કરે તો હદીષે પાકમાં એના માટે સખત ચેતવણી આવી છે. ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૭૬૬ પર નકલ થયેલ છે : હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''કયામતના દિવસે ત્રણ પૈસા જેટલા માલના બદલામાં સાતસો બાજમાઅત નમાઝોનો સવાબ આપવો પડશે, અને જો નમાઝોનો સવાબ નહીં હોય તો અન્ય નેકીઓનો સવાબ આપવો પડશે. અને જો તેની પાસે અન્ય નેકીઓ પણ નહીં હોય તો હક્કદારના ગુનાહો તેના ઉપર નાખવામાં આવશે, અને તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. (અલ્અયાઝુબિલ્લાહિ તઆલા)

પુત્રીઓનો હિસ્સો કુર્આનમાં નિશ્ચિત કરેલો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**یو صیکم اللّٰہ فی اولاد کم للذ کر مثلُ حظ الا نثیین**

''તમારી ઔલાદના બારામાં અલ્લાહ તમને હુકમ આપે છે કે એક પુત્રનો હિસ્સો બે પુત્રીઓના સમાન છે.'' જેથી વર્ણવેલ સ્થિતિમાં બાપની સંપત્તિ (મિલ્કત) સ્થાવર કે કેશ વગેરેના કુલ છ ભાગ કરવામાં આવે, બે બે હિસ્સા બંને ભાઈઓને અને એક એક હિસ્સો બંને પુત્રીઓને મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** (મુફતી) મુહમ્મદ શાબાનઅલી નઈમી, માલોની–મુંબઈ *(બહવાલા માહનામા ઝિયાએ સાબિર–મુંબઈ, નવેમ્બર–૨૦૦૮)*

# સુન્નીઓ સાવધાન ! તમે ક્યાં છો ? એક કડવી સચ્ચાઈ !

**તંત્રી લેખ** પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! કોઈપણ કૌમના ઉજ્જવળ ભવિષ્યની શક્યતાઓ એના પર છે કે કૌમ પોતાની અંદર ઉદ્ભવી રહેલ નકારાત્મક પરિબળો, ખરાબીઓ તથા દૂષણો અને ઉણપો જે તે કૌમના બંધારણીય નિયમોની વિરુદ્ધ હોય તેને ઓળખી લે અને વહેલી તકે તેને દૂર કરવાની કોશિશમાં સાચા દિલથી, તન મન ધનથી લાગી જાય. જો કૌમમાં ખરાબીઓ ફેલાતી રહે, ગલત આચરણો થતાં રહે છતાંય કૌમ ન સમજે અને બેપરવા રહીને જાગૃત ન થાય, કૌમના રહબરો એના પ્રત્યે આંખ આડા કાન કરે બલ્કે જાણવા છતાં એ ખરાબીઓના નિવારણમાં ઢીલ કરે, સુસ્તી કરે અથવા કૌમના કહેવાતા રહબરો જ ખૂદ અંગત સ્વાર્થ તથા માલ તથા વાહ વાહ ખાતર ગલત રવિશ પર દોડવા લાગે કે આપસમાં ટકરાવા લાગે તો તે કૌમ અવશ્ય તબાહ અને બર્બાદ થવાની જ છે !

**★ સુન્નીઓ ! તમારી પાસે તબાહીથી બચવા કોઈ આયોજન કે એજન્ડો છે ?! ★**

આજે દેશભરમાં બલ્કે જગતભરમાં દરેક કૌમના, ગૃપોના, સંઘોના, કંપનીઓનાં સંમેલનો થાય છે. તા'લીમ શિબીરો, ચિંતન શિબીરો યોજાય છે, ટ્રેનિંગ આપવામાં આવે છે. સ્ત્રી પુરૂષોને કૌમનું બંધારણ સમજાવવામાં આવે છે, આગામી આયોજનો વિશે સમજાવવામાં આવે છે. સૌ પ્રથમ તેમના લીડરો, માર્ગદર્શકો મિટિંગો કરે છે અને કૌમ ગૃપ, સંઘ કે કંપની ક્યાં આગળ ગલત માર્ગે, અધોગતિના માર્ગે જઈ રહી છે, ક્યા કારણે નુકસાન તથા ખરાબીમાં પડી રહી છે તેના વિશે તથા તેના નિવારણ માટે શું કરવું જોઈએ એના પર શોધખોળ અને વિચારણા બાદ એક બંધારણ તથા એજન્ડો ઘડે છે કે આ એજન્ડા મુજબ સૌને ચાલવા સૂચન કરીએ. આ નક્કી થયા બાદ સંમેલનો જે તે કૌમ કે સંઘની સામાન્ય પબ્લિકનાં કે કંપનીના કર્મચારીઓના થાય છે અને તેમાં તેમની સુધારણા માટેના બંધારણીય સૂચનો રજૂ થાય છે અને તેના પર પબ્લિક કે માણસો અમલ કરે છે તો તે કૌમ કે કંપની કામયાબીના પંથે આગળ વધે છે.

એક સાદી તથા સામાન્ય સમજની વાત છે કે જેવી રીતે એક ઘર, એક કુટુંબ એક કબીલાના માણસો, સ્ત્રી, પુરૂષો, યુવાનો, યુવતીઓ તે ઘરના કુટુંબના સંસ્કારિક તથા સામાજિક નિયમોને અનુસરીને જીવ્યા કરે તો સમાજમાં તે ઘર કુટુંબની આબરૂ તથા તેની તરક્કી સલામત રહેશે, પણ જો તે કુટુંબની વ્યક્તિઓ મનમાન્યું કરવા લાગશે તો આગળ જતાં તેની બર્બાદી તથા અધોગતિ તથા બેઈજ્જતી નિશ્ચિત છે.

તો હે સુન્નીઓ ! તમારા પૂર્વજ સુન્ની બુઝુર્ગો તથા વડવાઓ જેમણે જગતભરમાં ઈસ્લામ તથા સુન્નિયતનો ડંકો વગાડયો તે જ સંસ્કાર, તે જ અખ્લાક઼, તે જ આદતો, તે જ ખૌફે ખુદા, તે જ મહબ્બતે રસૂલ, તે જ મહબ્બતે અવલિયા, તે જ હયા શરમ, તે જ જગત પર વર્ચસ્વ, તે જ પ્રભાવ તમારો પણ જગત પર કે દેશ પર છે ?! તમારી જગતમાં કોઈ એક પણ હુકૂમત છે ખરી ?! અહલે સુન્નતના ઈતિહાસને વાંચો અને તમારી તુલના તેઓ સાથે કરો, તે બુઝુર્ગો વડીલોના કિરદારનો આયનો તમારી સામે ધરો ! તો તમારામાંની ખામીઓ તમને એક પછી એક દેખાવા લાગશે અને તમો ક્યાં છો ? તમારી શું હેસિયત દેશમાં જગતમાં બાકી રહી છે તે સમજાય જશે ! હવે પછી એ પણ વિચારો કે હે સુન્નીઓ ! તમારું અસ્તિત્વ તથા તમારી તે આગલી હૈસિયત સલામત રાખવા કે પાછી મેળવવા તમારી પાસે પણ કોઈ

એજન્ડો છે ખરો ?! વર્તમાન જાહેર સ્થિતિ જોતાં અમને તો ઉલ્ટો જ પ્રવાહ જોવા મળી રહ્યો છે ! જેમ કે :

**★ સુન્નીઓ ! કોઈ ભરમ હોય તો કાઢી નાખજો ! તમારી હાલત આજે દારૂણ છે ! ★**

આજે કેટલાક સુન્ની ભાઈઓ જોશમાં આવીને કહેતા હોય છે કે હિંદુસ્તાનમાં અમો જ બહુમતિમાં છીએ. તદ્દન સાચી વાત ! બેશક ! એકદમ સાચી વાત ! જગતભરમાં સુન્નીઓ જ બહુમતિમાં છે પણ મને બતાવો ! દિલ પર હાથ રાખીને બતાવો ! શું એ ઈમાનની પુખ્તગી રહી છે ?! સુન્નીઓનું કયુ ઘર એવું છે જેને વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, શીઆ....વગેરેમાંથી ગમે તે બાતિલ ફિર્કાવાળા જોડે સંબંધ નથી ?! (ઈલ્લા માશા અલ્લાહ !) કયો સુન્ની એવો છે જેનો કોઈ જ સગો દેવબંદી નથી અને તેઓ તેમની સાથે સગાઈ સંબંધ, તેમને ત્યાં આવન જાવન, દાવત, મેળાપ નથી રાખતા ? (ઈલ્લા માશા અલ્લાહ !) મૈયત તથા શાદીમાં કયો સુન્ની છે જેના ઘરે બદ્‌મઝહબોને માટે પ્રવેશ નિષેધ છે ?! અથવા કયો સુન્ની એવો છે જે તેમના ત્યાં શાદી મૈયતમાં નથી જતો ?! તમારા યુવાન યુવતીઓની કટ્ટર વહાબીઓ સાથે શાદીઓ રોજબરોજ થઈ રહી છે જ્યારે કે સ્પષ્ટ શરઈ હુકમ છે કે તેમની સાથે નિકાહ થતા નથી, જે ઔલાદ થશે વલદુઝ્ ઝિના ગણાશે ! અને કેટલા તો એન્ગેજડ થયા બાદ તેમને સુન્ની ઠરાવવા નિરર્થક ફાંફાં મારતા રહે છે ! ક્યાં છે સુન્નિયત ?! એ જ પ્રમાણે કોઈ દેવબંદી મરી જાય તો તેને જીવનભર દેવબંદી કહેનારા હવે તેને સુન્ની ઠરાવવા, તેમને જનાઝો આપવા, તેમની નમાઝે જનાઝા પઢાવવા તેમનું ઉપરાણુ લઈને બોગસ દલીલો કરવા માંડે છે ! (ઈલ્લા માશા અલ્લાહ !) સૌને મળનારા, ગળે લગાડનારા બલ્કે મૈયતમાં તેમની જનાઝાની નમાઝો પણ પઢનારા અને તેમને "મર્હૂમ" કહીને મસ્જિદોમાં તેમનાં એલાનો★ આગ્રહપૂર્વક કરાવનારા, તેમના માટે મગફેરતની દુઆ કરાવનારા પોતાને કટ્ટર સુન્ની કહે છે !!... આવા અસંખ્ય લોકો છે ! બલ્કે જાહેરી તૌર પર તો આ ઉપર બતાવ્યા તેવા જ સુન્નીઓ એ બહુમતિમાં સમાયેલા જોવા મળે છે ! તો જાતે જ ફેંસલો કરો કે આગળ જતાં તેઓ કયા ગુમરાહીના ખાડામાં પડશે ? વહાબીઓ સાથે શાદી સગાઈ સંબંધ કરનારા, તેમના નિકાહમાં તથા જનાઝાની નમાઝમાં પ્રથમ સફોમાં રહેનારા, જનાઝાને કાંધો દેનારા, પોતાને કટ્ટર સુન્નીમાં ખપાવે છે, કેમ ?! પોતે નઅતની મહેફિલો કરાવે છે ! તેમાં ઈશ્કે નબીમાં નોટોની થપ્પીઓ ઉડાવે છે ! પોતે આખા જગતમાં ન્યાઝો ખવડાવે છે, બગદાદ શરીફ તથા અજમેર શરીફ જાય છે ! બાલ મુબારકની ઝિયારત કરે છે ! એટલે !

સુન્નીઓ ! કોઈ ભરમ હોય તો કાઢી નાખો ! આવા ડબલ ઢોલકી સુન્ની એ સુન્નિયતના અસલ બંધારણથી જ નાવાકેફ છે તથા તેનાથી દૂર ભાગી રહેલા છે, ભલે સુન્નીઓની રસમો, દર વર્ષે મદીના શરીફ પહોંચી જવું, દરગાહો પર જવું, ફૂલ ચઢાવવાં, ન્યાઝ તથા નઅતની મહેફિલો કરવી, સલાતો સલામ પઢવું, તેમાં જાણે મહોબ્બતમાં લાગણીવશ થઈ રડી પણ પડવું ! **આ બધી સુન્નિયતની નિશાનીઓ છે પણ સુન્નિયતની દલીલ હરગિઝ નથી !** આવો વાંચો સુન્નિયતનો પાયો આ રહ્યો !

**★ કુર્આન હદીષના આ ફર્માનો પર ચાલો તો સાચા સુન્ની ! ★**

વહાબી દેવબંદી વગેરે ફિર્કાવાળાઓએ તકવિયતુલ ઈમાન, તહઝીરુન્નાસ, બરાહીને કાતિઆ, હિફઝુલ ઈમાન વગેરે કિતાબો લખીને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની શાનમાં ગુસ્તાખી કરીને કુફ્રને પસંદ કર્યું છે અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَથી યકીનન દુશ્મની વહોરેલી છે. એવાઓના વિશે

★ *કેટલાય ગામોમાં શહેરોમાં આ થઈ રહ્યું છે અને કહેવાતા મૌલાનાઓ ખામોશ છે ! અન્ય ફુરૂઈ વાતોમાં હંગામો કરનારાઓની અહીં ચુપકીદી આશ્ચર્યજનક તથા અફસોસજનક છે ! –તંત્રી*

કુર્આનમાં તમારો પરવદિગાર (સૂ. તૌબા, આ. ૨૩)માં ફર્માવે છે : "અય ઈમાનવાળાઓ ! તમારા બાપ તમારા ભાઈ જો ઈમાન છોડી **કુફ્રને પસંદ કરતાં હોય** તો **તેમને દોસ્ત બનાવો નહીં**. અને તમારાંથી જે એમની **દોસ્તી કરે** તો **તે** જ લોકો **જુલ્મી** છે."

અને (સૂ. મુમ્તહિનહ્, આ. ૧) ફર્માવે છે : **અર્થ** : "અય ઈમાનવાળાઓ ! **મારા** અને **તમારા દુશ્મનને મિત્ર ન બનાવો**, તમે છુપી રીતે તેમની સાથે દોસ્તી કરો છો અને **હું ખૂબ જાણું છું, જે તમે છુપાવો અને જાહેર કરો છો તે**, અને તમારામાંથી જે આવું કરશે તે જરૂર **સીધા માર્ગથી ભટક્યો**. તમારા સંબંધો અને તમારા બાળકો તમને કાંઈ ફાયદો નહીં આપે, કિયામતના દિવસે અલ્લાહ તમારા અને તમારાં પ્રિયજનો વચ્ચે જુદાઈ કરી દેશે જેથી એકબીજાને કાંઈ કામ લાગી શકશે નહીં, અને અલ્લાહ તમારા કાર્યો જોઈ રહ્યો છે." અને ફર્માવે છે : وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ۭ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ "જે તમારામાંથી તેમની સાથે મિત્રતા કેળવશે તો બેશક ! તે તેમનામાંથી જ છે. બેશક ! અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો." પ્રથમની બે આયતોમાં તો તેમની સાથે દોસ્તી કરનારાઓને માત્ર જાલિમ અને ભટકેલા જ ફર્માવ્યા હતા, પણ આ આયતે તો ફેંસલો જ કરી દીધો કે **જે તેમની સાથે દોસ્તી ધરાવશે તે પણ તેમનામાંનો જ છે, તેમની જેમ જ કાફિર છે, તેમના સાથે એક દોરડામાં બાંધવામાં આવશે**. અને પેલો ચાબુક પણ યાદ રાખશો કે **તમે છુપે છુપે તેમની સાથે મેળ રાખો છો પણ હું તમારા ગુપ્ત, જાહેર બધાને જાણું છું !** *(તમ્હીદે ઈમાન)*

અલ્લાહનો હુકમ કુર્આન થકી જાણી લીધો, હવે આવો ! રસૂલે પાક ﷺનો હુકમ જુઓ ! મુસ્લિમ શરીફની હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه એ કહ્યું કે સરકારે અકદસ ﷺ એ ફર્માવ્યું કે બદ્‌મઝહબ જો બીમાર પડે તો તેની ખબરગીરી ન (અયાદત) કરો, જો મરી જાય તો **તેમના જનાઝામાં શરીક ન થાવ**, તેમની સાથે મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે **શાદી વિવાહ ન કરો**, તેમના **જનાઝાની નમાઝ ન પઢો**, અને ન તેમની સાથે નમાઝ પઢો. *(મુસ્લિમ શરીફ)* સારાંશ કે બદ્‌અક઼ીદા શીઆ, રાફઝી, ખારજી, વહાબી વગેરે સર્વ સાથે અહીં વર્ણવેલ કુર્આન હદીષ પ્રમાણેનું વર્તન જ સાચા સુન્ની હોવાની દલીલ બનશે, નહીં તો કેવળ દાવા જ દાવા રહી જશે, જેથી કુર્આન હદીષ પર ચાલો અને જે કાંઈ વહેમ જુદો હોય તે કાઢી નાખો અને ન જ માનવું હોય તો જહન્નમના અઝાબ માટે તૈયાર રહો !

## ★ આગલા બુઝુર્ગોની દીન માટેની કોશિશો તથા અડગતા ★

ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરો તો જાણવા મળશે કે દરેક દૌરમાં દરેક યુગમાં મુસલમાનોમાં ઉદ્‌ભવ પામતા બાતિલ ફિર્કાઓ તથા ગલત તેમજ ગુમરાહ ખયાલોનો અલલ એલાન રદિયો જે તે સમયના બુઝુર્ગો રહબરોએ કરી નાખીને ઈસ્લામને બદ્‌અક઼ીદગી તથા ગુમરાહીની ઉડતી ધૂળથી પાક સાફ રાખ્યો અને મુસલમાનોને કુફ્રથી, શિર્કથી તથા ગુમરાહીમાં પડવાથી બચાવ્યા હતા. અમુક અમુક દષ્ટાંત જોતા ચાલો.

**હઝરત ખ્વાજા હસન બસરી** رضي الله عنهને કોણ નથી જાણતું ? "વાસિલ બિન અતા" નામનો શખ્સ જેના હાથ નીચે છ લાખ માણસોએ ઈસ્લામ સ્વીકાર્યો હતો પણ આ શખ્સને શું કુબુદ્ધિ સુઝી કે તેણે કુર્આન હદીષ વિરુદ્ધ નવો અક઼ીદો બહાર પાડયો કે "કબીરો ગુનોહ કરનાર ન મુસલમાન છે ન કાફિર ! ન જન્નતમાં જશે ન જહન્નમમાં !" તો હઝરત હસન બસરી رضي الله عنهએ તેને પોતાની મહેફિલથી મરદૂદ કર્યો અને તેને કાફિરનો ફત્વો આપીને મુસલમાનોનાં ઈમાન ખરાબ થતાં બચાવ્યાં. એ "મોઅતઝલા" ફિર્કા તરીકે ઓળખાયો.

એ જ પ્રમાણે **ગ઼ૌષે આ'ઝમ હઝરત શયખ અબ્દુલક઼ાદિર જીલાની** رضي الله عنهના દૌરમાં શીઆ

ફિર્કાએ માથુ ઉઠાવ્યું તો તેની ભરપુર રદ આપે કરીને મુસલમાનોના ઈમાનની રક્ષા કરી હતી. સારાંશ કે જે તે દૌરમાં અહલે સુન્નત વ જમાઅત સામે ઉઠેલ ફિત્ના તથા ફિર્કાને જે તે સમયના બુઝુર્ગોએ બાતિલ તથા ગલત સાબિત કરીને સુન્નીઓના ઈમાનની રક્ષા કરી. **સુલ્તાનુલ હિંદ, અતાએ રસૂલ, ગરીબ નવાઝ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી** رحمۃ اللہ علیہએ કેટલા કપળા સંજોગોમાં કાફિર બાદશાહ પૃથ્વીરાજ ચૌહાણ સાથે વિના તલવારે ટક્કર લીધી અને પોતાના અખ્લાક઼ તથા કરામતો વડે સંપૂર્ણ કુફ્રસ્તાનમાં એવો ઈસ્લામનો ઝંડો લહેરાવ્યો જે પૂરા હિંદુસ્તાનમાં લહેરાતો થઈ ગયો અને ક઼યામત સુધી લહેરાતો રહેશે. આપે સખતથી સખત મુશ્રિકોના સરદારોને સાચા પાકા મુસલમાન બનાવી આપ્યા. **હઝરત મુજદ્દિદે અલ્ફેસાની** رحمۃ اللہ علیہએ જાહોજલાલવાળા શહેનશાહ અકબરે જે સર્વ ધર્મોનું મિશ્રણ કરતો "ભેળસેળિયો ધર્મ" "દીને ઈલાહી" નામથી ખડો કર્યો હતો તો જાનની પરવા કર્યા વિના અકબર રાજા સાથે ટકરાઈ ગયા અને તેના જૂઠા ધર્મનાં પીછાં વેરી નાખ્યાં ! અને મુસલમાનોને મુર્તદ થતા બચાવ્યા.

**આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہના દૌરમાં વહાબિયત, ક઼ાદયાનિયત, નેચરીયતે સર ઉઠાવ્યું તો તેમની કુર્આન, હદીષ, અક઼વાલથી એવી રદ કરી કે **ક઼યામત સુધી તેઓ પોતાની સચ્ચાઈ સાબિત કરવાથી લાચાર છે !** છેવટમાં ત્યારના સુન્ની ઉલમાએ હરમૈન શરીફૈન સમક્ષ તેમના કુફ્રને રજૂ કરીને તેઓના કાફિર હોવા પર મહોર લગાડી આપી, જેનાથી કરોડો સુન્નીઓ મુર્તદ થવાથી બચી ગયા. આ મહાન એહસાન આ'લા હઝરત رحمۃ اللہ علیہનું આપણા પર છે.

**હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં** رحمۃ اللہ علیہના દૌરમાં સાધુઓ તથા સ્વામીઓ થકી ગોળ ગોળ સમજાવી ગામડાની ભોળી પ્રજાને મુસ્લિમમાંથી ફરીથી મૂર્તિપૂજક બનાવવાની પ્રવૃત્તિ "શુધ્ધિ ચળવળ" નામથી ચાલી હતી તો વૃદ્ધાવસ્થામાં પગપાળા પણ ચાલીને સાધુઓ સાથે મુનાઝરા તથા આગમાં પડવાની દરખાસ્તો કરીને લોકોને મુર્તદ થવાથી બચાવી લીધા. એ જ પ્રમાણે **હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની, હાફિઝે મિલ્લત, હુઝૂર મુજાહિદે મિલ્લત, હુઝૂર બુરહાને મિલ્લત, હુઝૂર શેરબે શએ અહલે સુન્નત, હુઝૂર મુફતીએ કાનપુર હઝરત રિફાક઼ત હુસૈન, હઝરત અર્શદુલ ક઼ાદરી, સૈયદ મુઝફ્ફરહુસૈન કછોછવી** (رحمۃ اللہ علیہم اجمعین)...... વગેરેએ શેરની જેમ પ્રભાવશાળી રીતે બાતિલ ફિર્કાઓ તથા બાતિલ ચળવળો સામે ટક્કરો લીધી, તકલીફો પણ વેઠી પણ અહલે સુન્નતનો ઝંડો બુલંદ રાખ્યો. વાંચો ! તેમનાં કારનામાંઓનો ઈતિહાસ !

## ★ આજે ઘણા કહેવાતા રહબરોની સ્થિતિ ડામોડાળ ! ★

**જ્યારે આજે ?!** ક઼ૌમની શું હાલત છે ? ક઼ૌમ કઈ ગુમરાહીની ખાઈ તરફ વહી રહી છે ? તેમને શી રીતે રાહે રાસ્ત પર રાખવામાં આવે ? એની ફિકર કરનારા જોવા નથી મળતા ! (ઈલ્લા માશા અલ્લાહ !) ક઼ૌમ પર કોઈ મુસીબત આવે ત્યારે આગલા બુઝુર્ગો રહબરો જે ભાગદોડ કરતા હતા, ક઼ૌમની ખબર લેતા હતા, માર્ગદર્શન તથા સાંત્વનો આપતા હતા, તેનાથી ઉલ્ટુ આજકાલ જોવા મળે છે કે ક઼ૌમ મુસીબતમાં હોય છે ત્યારે તેઓનો પડછાયો પણ કે અવાજ પણ નથી સંભળાતો જ્યાં સુધી માહોલ રાબેતા મુજબનો ન થઈ જાય. (ઈલ્લા માશાઅલ્લાહ !) આગલા રહબરો ક઼ૌમને ખુદા વ રસૂલ ﷺની નજીક કરવા તનમન ધનથી જદ્દોજેહદ કરતા હતા પણ આજે જાહેરી ખેંચતાણ, પક્ષા પક્ષી, સુન્નિયતની શું સ્થિતિ છે એવી વાતોથી બેપરવા બની અંગત સ્વાર્થ ખાતર થર્ડ કલાસથી ઉતરતી ભાષામાં થતી તક઼રીરોમાં અંદરો અંદર કાપા કુપી તથા કોઈ બુઝુર્ગ હસ્તીએ પોતાના તક઼વા હેઠળ કહેલી કોઈક વાતનુ વતેસર બનાવી પોતે જ બે અમલ હોવા છતાં અન્યો પર ક્યાંથી ક્યાંના હુકમો ઠોકી દેવામાં આવી રહ્યા છે, તથા

એકબીજા પ્રત્યે ઉદ્ધત અસભ્ય વાણી વિલાસ કરીને કૌમમાં નફરત ફેલાવવાના માહોલ પરથી **એવું જણાય છે કે આજે કહેવાતા કેટલાક રહબરો પોતાના અસ્તિત્વની જંગમાં છે !** પબ્લિકને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની નહીં પણ પોતાની નજીક કરવાના પેંતરા રચી રહ્યા છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) પહેલાં સુન્ની પીરો તથા ઉલમાનું જે સંગઠન હતું તે જોવા નથી મળતું. બલ્કે આજે રોજ ભાગલા વધી રહ્યા છે. સામાન્ય મુસલમાનનું દિમાગ ચક્કર ખાઈ જાય તેવા વિવાદો રોજ ખડા થઈ રહ્યા છે અને આ બધું જોઈને કૌમ વિખેરાઈ રહી છે.

આગલા બુઝુર્ગો તથા રહબરો તથા ઉલમાએ તો બાતિલ ફિર્કાઓની રદમાં તથા લોકોને તેમનાથી બચાવવા પાછળ જીવન ખપાવી દીધું, જ્યારે આજે બાતિલ ફિર્કાઓની રદ પેશ કરવામાં આવે તો કેટલાક જાહિલ પીરો "યહ સબ મોલ્વીયોં કા ઝઘડા હૈ !" એવું કહીને મુરીદોને અવળા માર્ગે દોરે છે, રસૂલે પાક ﷺની ગુસ્તાખી કરનારાથી તેમને વાંધો નથી પણ જો એવા બનાવટી પીરની કોઈ પોલ બહાર પાડી દે તો મુરીદોને તેનાથી દુશ્મનાવટ કરવા પર નિર્દેશ કરે છે ! વળી **આગલા બુઝુર્ગો તો મુશ્રિકોના પૂજા સ્થાન પાસેથી પસાર થતાં થતાંમાં વર્ષોના કટ્ટર મુશ્રિકોને મુસલમાન બનાવી દેતા હતા, જ્યારે આજે પૂજારીઓને ખાનકાહો પર કે દરગાહો પર બોલાવીને તેમનાં સન્માનો કરીને તેમને સ્ટેજો પર બેસાડી તેમનાં કુફ્રી વચનો શ્લોકો લોકોને સંભળાવી લોકો પાસે તાળીઓ પડાવી કેટલાયનાં ઈમાનને એવી રીતે ખતમ કરવામાં આવે છે કે તેમને ખબર પણ નથી પડતી અને હજી તેઓ પોતે મુસલમાન હોવાના વહેમમાં તૌબા વિના જીવી રહ્યા છે !** તો ક્યાંક પીરોની મૂર્તિ જેમ આરતી ઉતરી રહી છે ! પહેલાંના ઉલમા પબ્લિકને બદમઝહબોથી બચાવવા માટે લેખિત મૌખિક દરેક રીતે ઝઝુમતા હતા તથા કોઈ બદઅકીદાની તેમની નજીક ફરકવાની હિંમત ન થતી હતી, જ્યારે **આજના કહેવાતા કેટલાય મૌલાનાઓ, ખતીબો એવા છે જેઓ રોજ બરોજ બાતિલ ફિર્કાવાળા સાથે ઉઠક બેઠક પણ રાખે છે, તેમનું ઝબહ કરેલ (મુરદાર) ગોશ્ત પણ ખાય છે, બદઅકીદાના નિકાહ શોખથી પઢાવી આપે છે, તેમની નમાઝે જનાઝા પણ પઢાવી આપે છે, અને શરમાવાના બદલે આ કામ કરવા પર પોતાને જાણે મુજાહિદ હોય એવો ગર્વ અનુભવનારા પણ છે !** અને શરીઅતનો હુકમ સંભળાવી આ બાબતો મના કરનારાને ફિત્નાખોર કહે છે ! આટલી વાતો ખૂબ જ "સેન્સર" સાથે રજૂ કરી છે, જો હજી પર્દો સહેજ ઊંચકીને અધિક વાતો જાહેર થઈ જાય તો શક્ય છે કેટલાક લોકો પચાવી ન શકે ! જેથી આટલેથી જ અટકુ છું. બંનેવ વલણ, હકીકત સ્પષ્ટ કરવાના તથા ન કરી શકવાના બદલ મને માફ કરશો !

## ★ આપણા મકતબ મદ્રસા મુદર્રિસો તથા સંચાલકોની હાલત ! ★

મદ્રસા તથા મકતબો બાળકોમાં **ઈમાન** તથા **ઈસ્લામ**ના સિંચન માટેનાં એકલાં કેન્દ્રો છે, ઈસ્લામના વિરોધીઓએ જ્યાં વિજય મેળવ્યો ત્યાં મુસલમાનોના મદ્રસા પર પાબંદીઓ લગાડી અને લાયબ્રેરીઓનો નાશ કર્યો હતો, કારણ કે આ જ ઈલ્મે દીનના કેન્દ્રો છે. એના સિવાયની સ્કૂલો વગેરેમાં એજ્યુકેશન તો મળશે પણ ઈમાન તથા ઈસ્લામની પ્રાથમિક તાલીમ તથા દીની જ્ઞાન, મુસલમાન એટલે શું ? ઈમાન કોને કહેવાય ? અલ્લાહ વિશે, રસૂલ વિશે, નબીઓ, વલીઓ, ફરિશ્તાઓ વિશે, કબ્ર, કયામત, મીઝાન, પુલ સિરાત, આખેરત, જન્નત, જહન્નમ, સારા બુરા અમલો.......વગેરેની તાલીમ તથા અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયત તથા બાતિલ ફિર્કાઓની ઓળખ આ જ મદ્રસા મકતબોમાંથી ક્રમે ક્રમે ઉંમર પ્રમાણે બાળકોને આપવામાં આવે છે. અને આ મકતબોમાં રેગ્યુલર હાજરી આપનાર બાળક પ્રાથમિક દીની ઈલ્મની સાથોસાથ કુર્આને પાક અરબીમાં પઢતો થઈ જાય છે.

અલ્હમ્દુલિલ્લાહ ! ઘણા ઠેકાણે મદ્રસાઓનું સંચાલન વ્યવસ્થિત રીતે સારા મહેનતુ ઉસ્તાદો થકી, દીની કોર્સ પ્રમાણે નિયમાનુસાર શિસ્તબધ્ધ રીતે થતુ જોવા મળે છે, પણ મોટાભાગે આ પાયાના ક્ષેત્રે આપણે ઘણા કમજોર છીએ. ક્યાંક મોટી મોટી બિલ્ડિંગો મદ્રસાની બની જાય છે પણ પઢાઈ સંતોષકારક નથી હોતી ! ન પઢાઈનો કોર્સ વ્યવસ્થિત હોય છે ન ઉસ્તાદોના ઠેકાણા હોય છે, ન મદ્રસાના સમયની ડિસિપ્લીનથી પાબંદી ઉસ્તાદ કરે છે ન બાળકો પાસે કરાવે. સ્કૂલે તો યુનિફોર્મ સાથે બાળકો વ્યવસ્થિત બનીને જાય છે પણ નથી મદ્રસા વિશે કોઈ યુનિફોર્મના કે સમયની પાબંદીના માટે વિચારાતુ કે ન તો યોગ્ય કોર્સનું વિચારાય છે ! ઘણા ઠેકાણે એક જ મુદર્રિસ અને બાળકો ૮૦ થી ૧૦૦ સુધી હોય છે ! તો એ બિચારો બાળકોને સાચવશે કે પઢાવશે ?! વળી મોટાભાગે અરબી શીખવાડવામાં રસ્મી પઢાઈ ચાલે છે, બાળકોને પાયામાંથી અલિફ, બા, તા, ષા........થી જ સહીહ મખરજ સાથે પઢાવવાને બદલે આડેધડ એક તેણીયા પાસે અથવા ઉસ્તાદ પોતે અલિફ, બે, તે ષે.......બૂમો પાડીને બાળકોને પઢાવાય છે, જેથી બાળકોને સુઝ જ નથી આવતી કે કયા અક્ષરનો ઉચ્ચાર ક્યાંથી થશે ! વળી ઘણે ભાગે ઉસ્તાદોને જ ઉર્દૂ પઢતાં નથી આવડતું અને ઉર્દૂ કિતાબો પઢાવવા બેસે છે તો કઈ રીતે સારુ ફળ મળી શકે ?!

પૂરતી સંખ્યામાં સારા પગારો સાથે સારા ઉસ્તાદો રાખવાની કોઈ વાત રજૂ કરે તો સુસ્ત ટ્રસ્ટીઓ, ગ્રામ્યજનો તથા મહોલ્લાવાસીઓ ગરીબાઈનાં રોદણા રડે છે ! મુદર્રિસના પગારોની વ્યવસ્થા નથી કરી શકતા એવી વાતો કરનારાઓને તમે હજારોના ચંદા કરીને તાઝીયા બનાવતા તથા ઢોલ ત્રાંસા સાથે તેનાં શીઆઓ જેમ માતમનાં સરઘસો કાઢતા મુહર્રમ શરીફમાં તમે જોઈ શકો છો કે **જે રસમો અહલે સુન્નતની નજીક નાજાઇઝ તથા હરામ છે,** તેમજ ઉર્સો પર વાજિંત્રો સાથેની કવ્વાલીના મુકાબલા બે કવ્વાલોના, એટલું જ નહીં ફાસિક કવ્વાલ તથા ફેશનથી સજીને આવતી બેપર્દા બેશરમ કવ્વાલણનો મુકાબલો ! તે પણ ક્યાં ?! અલ્લાહના વલીના આસ્તાના પર ગોઠવીને હજારો રૂપિયા ઉડાવી દેવામાં આવે છે ! **આ તે ચીજો છે કે જે અહલે સુન્નતના ઉલમાએ એકમતિએ શરીઅતે ઈસ્લામીમાં હરામ દર્શાવી છે,** છતાં કેટલા તો તેના ફોટાવાળા પરચા છાપે છે તેમાં લખે છે કે "હિંદુ મુસ્લિમ ભાઈઓ હાજરી આપી સવાબે દારૈન હાંસલ કરશો !"વળી તેને મસ્જિદોમાં લગાડે છે ! આનાથી મોટી કઈ ગુમરાહી હશે ?! શું આ સુન્નિયત છે ?! વિચારો ! **અહલે સુન્નતમાં આ બધુ હરામ છે, સુન્ની ઉલમા હમેશાંથી તેનો રદ કરતા આવ્યા છે.** પણ જાહેરમાં થતા આવા પ્રોગ્રામો જોઈને કેટલાય લોકો સુન્નિયતથી જ નીકળીને તેમના અકીદા સમજ્યા વિના વહાબિયતમાં ચાલ્યા ગયા. અને બાતિલ ફિર્કા તરફ તે એકલા નથી જતા બલ્કે પૂરું ખાનદાન જાય છે, આવનારી નસલ પણ એ જ માર્ગે વળી જાય છે અને સુન્નિયતનું નામ નિશાન તે ખાનદાનથી નીકળી જાય છે. આ રીતે ગામોનાં ગામો તથા આખેઆખા મહોલ્લા બદઅકીદા થઈ ગયા, છતાં આપણી રવિશમાં કોઈ ફરક નથી પડી રહ્યો !

આપણી પોઝિશન એ છે કે દેવબંદીની આબાદીમાં લઘુમતિ સુન્નીઓ સુન્ની મસ્જિદ ખડી નથી કરી શકતા એટલા તેઓ સંગઠિત તથા સાવધાન છે જ્યારે બાતિલ ફિર્કાવાળાઓ સંગઠિત રીતે આયોજનપૂર્વક સુન્ની આબાદીના નાકા પર, મેઈન રોડ પર જ મદ્રસા ઉભા કરી આપે છે, અધિક ઉસ્તાદો રાખીને જાહેરી તૌર પર આંજી દે તેવી પઢાય કરે છે અને ત્યાં પોતાને હોશિયાર તથા બુધ્ધિવાન સમજતા સુન્નીઓનાં જ છોકરાં ગુસ્તાખે રસૂલની પાસે પઢવા જાય છે, જ્યાં નાના બાળકોને બાકાયદા વહાબિયતની તાલીમ દરગાહે ન જવું, ફૂલ ન ચઢાવવાં, નબી પાક ﷺનું નામ સાંભળી અંગૂઠા ન ચૂમવા કહે છે અને ચૂમે તો અંગૂઠામાં લાકડીઓ મારે છે ! ક્યાંક ધાકથી ધમકીથી તો ક્યાંક પતાવીને આવી તા'લીમ આપતા રહે છે, આ બધુ જોવા છતાં ફક્ત સુન્નીઓના જ નહીં સુન્ની સંસ્થાના ટ્રસ્ટીઓ, લીડરો બલ્કે ક્યાંક તો

કહેવાતી હસ્તીઓનાં બાળકો પણ પઢવા જાય છે ! "જેવો ઉસ્તાદ તેવો શાગિર્દ" એ પરિણામ નહીં આવે તો પછી શું થશે ?! એમનાં "બચ્ચોંકા ઘર"માં બહુમતિ સંખ્યા સુન્ની કહેવાતા લોકોનાં બાળકોની જ હોય છે, જેઓ ત્યાં પઢી રહ્યાં છે અને મફતનું ખાયને ઉછરી રહ્યાં છે ! જ્યારે જુવાન થઈને નીકળશે, પઢી ભણીને તો નીકળશે પણ તમને આશા છે કે તે સુન્ની બનીને નીકળશે કે ખબીષ બનીને નીકળશે ! (અલ્લાહની પનાહ !) અને એ જ થઈ રહ્યું છે કે ત્યાંના પઢેલા વહાબી થઈને નીકળે છે. અને સુન્નીઓની નસલ ત્યાંથી ખત્મ થઈ રહી છે, કેમ કે પાછળ એ જ વંશ ચાલશે. આ બધું આપણી નજરો સમક્ષ થઈ રહ્યું છે છતાં આપણે નચિંત છીએ ! ન આપણા આયોજનો બદલાય છે ન આપણી ઉપર બતાવી તે રવિશ બદલાય છે ! તો પરિણામ શું આવશે ?! કૌમ સુન્નિયતથી નીકળી જશે કે નહીં ?

## ★ આપણી ન સ્કૂલ કોલેજો છે ન હોસ્ટેલો ★

બદઅક઼ીદા લોકો સુન્નીઓને તોડવા દરેક પ્રકારનાં હથિયારો અજમાવતા રહે છે. ઠેકઠેકાણે તેઓએ સ્કૂલો સ્થાપી દીધી જેમાં સુન્નીઓ જ નહીં પણ રદ્દે વહાબિયા કરતા મૌલાના ખૂદ હાથ પકડીને પોતાના બાળકને મૂકવા જાય છે ! ક્યાં જાય બિચારો ! સામાન્યતઃ આપણી સ્કૂલો નથી અને છે તો નહિવત. એમની સ્કૂલો હોસ્ટેલોમાં ફરજીયાત દીની તાલીમ વહાબિયત પ્રમાણે થાય છે, તેમના ઈમામ પાછળ નમાઝ પઢાવાય છે, ત્યાં રંધાતુ મુરદાર ગોશ્ત નિયમિત આપણા છોકરા ખાય છે ! તેમને સુન્નિયતથી હટાવવા જાત જાતની મહેનત તથા ટ્રીકો થાય છે. પરિણામે ત્યાં રહીને કેટલાય વહાબિયત તરફ વહી જાય છે અને આ રીતે સુન્નીઓની નસલો કટ થતી જઈ રહી છે, પણ છતાંય આપણી ઊંઘ ઉડતી નથી !

## ★ અખ્લાક઼ી રૂએ આપણે ક્યાં છીએ ?! ★

જુઓ ! **અમો સૌની વાત નથી કરતા, સુન્ની અક઼ીદામાં ચુસ્તતા તથા પુખ્તતાવાળા સુન્નીઓની ખોટ નથી, ઘણા સુન્ની ઉલમા તથા રહબરો નામી કે ગુમનામપણે સુન્નિયત માટે ઝઝુમી રહ્યા છે અને એમની બરકતથી જ આજે સુન્નિયત આબાદ છે.** પણ સુન્નિયત તથા મહબ્બતે રસૂલ (ﷺ)ના દાવેદારોની એક બહોળી બલ્કે જાહેરમાં દેખાતી મેજોરીટી સંખ્યાની અક઼ીદામાં ઢીલાશની સ્થિતિ આપણે ઉપર જોઈ લીધી હવે દીની અખ્લાક઼ બાબતે પણ એક નજર કરો ! આ બાબતે મહોબ્બતનું માપદંડ જેને ગણાય છે તે એ કે જેનાથી જેને મહોબ્બત હોય છે તેની વાતો, હુકમો, તરીક઼ા, દેખાવ, સ્ટાઈલો, અદાઓને અપનાવવા તથા તેની ચર્ચાને, તેના વિશે માહિતી મેળવવાને માટે "આશિક઼" હમેશાં તત્પર રહે છે, એના સંબંધી ફક્ત એક દષ્ટાંત નજરો સમક્ષ રાખીશું.

આવો ! આપણા સમાજના યુવાન, યુવતીઓ, વડીલ ભાઈઓ, બહેનોનું નિરીક્ષણ કરી લો ! આ તમારો યુવાન નબીની પ્યારી સુન્નત દાઢીને સફાચટ કરે છે, હિરો જે સ્ટાઈલના વાળ રાખે છે તેવા વાળ રાખે છે, તેના જેવાં કપડાં, ગળામાં સોના, ચાંદી, તાંબા, લોખંડની ચેઈનો તથા કાંડામાં લોકિટો પહેરે છે, રબ્બરની કાંડે રીંગો દોરડીઓ અને વળી કાને હેરીંગ પણ પહેરે છે, નમાઝથી દૂર ભાગે છે, તક઼રીરની મેહફિલોમાં આવતાં સમય ગણે છે જ્યારે ક્રિકેટ મેચો કે ટીવી પર નગ્નતાભર્યા ફિલ્મો ડાન્સો જોવામાં કલાકો કાઢી નાખે છે, માબાપનું માનતો નથી, વડીલોનું સાંભળતો નથી.... આ શું છે ? આ મહબ્બતે રસૂલ છે ?! રસૂલે પાક ﷺથી સાચી મહોબ્બત હોત તો હિરોને નહીં રસૂલે પાક ﷺને પોતાના આઈડિયલ બનાવત, આપની સુન્નત દાઢી જરૂર અપનાવત, હિરોની નહીં પણ નબી પાક ﷺની અદાઓ અપનાવત, આપની આંખોની ઠંડક નમાઝનો દીવાનો હોત, પોતાના ચહીતા હિરો કે ક્રિકેટર વિરૂદ્ધ બોલનાર સાથે જીદે ચઢી લડી પડનાર આ યુવાન નબીનો ચાહક હોત તો નબીના દુશ્મનોથી દોસ્તી સગાઈ ન કરત તથા

રસૂલે પાક ﷺએ ફર્માવેલ સર્વ હરામ કામો ત્યજી દેત. જાહેરી વર્તણૂંક તો એ જ સાબિત કરી રહી છે કે એને હિરો તથા ક્રિકેટરોથી જ મહોબ્બત છે, રસૂલ ﷺથી મહોબ્બતનો તો કેવળ દાવો જ છે !

આપણી યુવતીઓ જો રસૂલે પાક ﷺને સાચા અર્થમાં ચાહતી હોત તો જિન્સનાં પેન્ટો, ફિટોફિટ સ્લેકસ, સ્લીવ લેસ, ટોપલેસ, બેકલેસ......સૌ લેસ લેસવાળા નગ્નતા બતાવતા ડ્રેસો ન પહેરત ! વાળો ભવાં ન કતરાવત, બોયફ્રેન્ડો ન બનાવત ! પર પુરૂષોના સ્પર્શથી દૂર ભાગત બલ્કે તેમની નજરોથી દૂર ભાગત અને રસૂલે પાક ﷺની લાડલી બેટી ફાતિમા ઝહરા رضی اللہ عنہاની કનીઝની જેમ રહેત. પર્દો અપનાવત, ખુલતા સંપૂર્ણ લિબાસો પહેરત અને પર પુરૂષોથી વાત કરતાં શરમ અનુભવત અને દરેક ગુનાહથી દૂર રહેત. દિલમાં જેની લાગણી હોય છે તેની વાત, તેના આદેશને મહોબ્બત કરનાર અવગણી નથી શકતો. **આ બધુ જે થઈ રહ્યું છે તે હિરોઈનોની મહોબ્બતમાં થઈ રહ્યું છે ! રસૂલુલ્લાહ ﷺ તથા ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاથી જો સાચી મહોબ્બત હોત તો સુન્ની મુસલમાનોનો માહોલ શરમો હયાવાળો પાકીઝા હોત !** પણ એવું મોટાભાગે નથી જોવા મળતું, સારાંશ કે સુન્નીઓ આપણે ફક્ત દાવેદાર છીએ અક઼ીદા, અમલ, અખ્લાક઼માં આપણા દાવા પુરવાર થતા જાહેરી રીતે નથી જોવા મળતા.

## ★ જો સુન્નિયતથી સાચી મહોબ્બત છે તો ગંભીરપણે આટલુ કરો ! ★

સુન્ની રહબરોને તો કહેવું બેઅદબી છે, પણ ફક્ત એટલું જ કહીશ કે દરેક પોતાની અનાનિયત, હું પદ, મૈં, ઈર્ષાને અલ્લાહ વ રસૂલની મહોબ્બત ખાતર ત્યજે અને કુર્આન, હદીષ તથા આગલા બુઝુર્ગોના અક઼વાલના અનુસંધાનમાં હક઼્કને અપનાવે. સુન્ની ભાઈઓ ! સુન્નિયત નાબૂદ થશે નહીં ! યક઼ીનન ! બાતિલો લાખ પેંતરા રચે, અલ્લાહ નવી ક઼ૌમ પેદા કરશે જે ચુસ્ત સુન્ની રહેશે. પણ આપણી ક઼ૌમમાંથી સુન્નિયતનો જનાઝો નીકળી શકે છે ! તો જો એવું ન ચાહતા હોઉ તો અક઼ીદામાં મજબૂતી પેદા કરો, કુર્આન હદીષમાં સૂચવ્યા પ્રમાણે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, મૌદૂદી, શીઆ વગેરે **બાતિલ ફિર્ક઼ાઓ સાથે સગાઈ સંબંધો કટ કરો,** નવી સગાઈ સંબંધો હરગિઝ ન થવા દો, દોસ્તી, ઉઠક બેઠક ખત્મ કરો, આપસી ફુરૂઈ મતભેદોમાં દરગુઝરની વૃત્તિ રાખો, એના માટે લોકોને ભડકાવવા સ્ટેજો પર વાઘ ન બનો ! ક઼ૌમના ટુકડા ન પડે તેવું કરો, તમને પસંદ ન હોય તો તેમનાથી ભલે પરહેઝ કરો પણ ભડકીલાં તથા અતિશયોક્તિ કરતાં બલ્કે મીઠુ મરચુ ઉમેરીને સુન્નીઓને જુદા પાડતાં બયાનોથી ખુશ ન થાવ, બલ્કે એનાથી બચો ! કેમ કે એમાં મસ્લક, મશરબ તથા મઝહબે અહલે સુન્નતનું જ નુકસાન છે. મદ્રસાઓની પઢાઈમાં રંગત તથા ઉષ્મા લાવો, ઈલ્મે દીનના ક્ષેત્રે નાણા રોકો જેમ દુનિયા કમાવા ઈન્વેસ્ટ કરો છો આખેરત કમાવા પણ ઈન્વેસ્ટ કરો. મદ્રસાઓની મદદો કરો અને સારા પગારથી ઉમદા કેળવણી કરે તેવા મુદર્રિસો રાખો, એના યુનિફોર્મ નિશ્ચિત કરો અને ડિસિપ્લીનથી યોગ્ય નિસાબથી સમયસર મદ્રસા ચલાવો, અને હાલના દૌરમાં સૌથી મહત્વની જરૂરતની ચીજ કે સુન્નીઓની સ્કૂલો ખડી કરો જેથી તમારાં બાળકો હિંદુ કે ઈસાઈ મિશનરીની કે ગૈર સુન્નીની સ્કૂલોમાં જઈને ઈસ્લામ તથા સુન્નિયતથી ભટકી ન જાય. અને તમારી ઔલાદને સાચી આશિક઼े રસૂલ બને એ માટે સુન્ની ઈજતેમાઓ, દીની જલસાઓમાં, તક઼રીરોમાં જ્યાં દીન તથા સુન્નિયતની તાલીમ મળી શકતી હોય ત્યાં અવશ્ય સાથે લઈ જાવ. આ તમારી જવાબદારી છે, તેને સાચી આશિક઼ે રસૂલ બનાવો, હિરો હિરોઈન જેમ જીવવાથી દૂર કરો, નહીં તો તમારી પ્રિય ઔલાદ જહન્નમની આગમાં પડી જશે. બસ ! સુન્નિયતની લાગણીમાં બે વાતો લખી છે, ઉમ્મીદ છે એના પર કાંઈ તો અમલ થશે, અમુક તો મુજાહિદ નીકળશે જે અમલ કરે. અને કોઈ વાત તીખી લાગી હોય તો માફ કરશો. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં હિદાયત આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : **આ'લા હઝરત ઇમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## ★ તકવાના મર્તબા (વર્ગો) ★

તકવાના મરતબા ઘણા છે. સામાન્ય લોકોનો તકવો ઇમાન લાવી કુફ્રથી બચવું એ છે. મધ્યમ માર્ગીઓનો તકવો હુકમોનું પાલન કરવું અને મનાઇ હુકમોથી બચવું એ છે. અને ખાસ બન્દાઓનો તકવો એ છે કે દરેક તે વસ્તુને છોડી દેવી જે ખુદાથી ગાફિલ કરતી હોય. *(જુમલ)*

ઇમામે અહલે સુન્નત આલા હઝરત મૌલાના અહમદ રઝાખાન સાહેબે ફરમાવ્યું તકવો સાત પ્રકારનો છે. (૧) કુફ્રથી બચવું ખુદાના ફઝલથી એ દરેક મુસલમાનને પ્રાપ્ત છે. (૨) બદમઝહબથી બચવું એ દરેક સુન્નીને નસીબ છે. (૩) દરેક કબીરા ગુનાહથી બચવું. (૪) નાના ગુનાહોથી પણ બચવું. (૫) શંકાસ્પદ બાબતોથી દૂર રહેવું. (૬) વાસનાઓથી બચવું. (૭) ગેર તરફ ઢળવાથી બચવું. એ ખાસુલ ખાસ લોકોનો દરજ્જો છે. કુરઆને પાક આ સાતેય દરજ્જાઓનું માર્ગદર્શન આપનાર છે.

૪. اَلَّذِیۡنَ یُؤۡمِنُوۡنَ بِالۡغَیۡبِ યાને તે જેઓ વગર દેખે ઇમાન લાવે, અહીંથી મુફલિહૂન સુધીની આયતો ઇખ્લાસવાળા મુઅમિનો માટે છે, જેઓ બાહ્ય અને આંતરિક બન્ને રીતે મુસલમાન છે. એના પછી બે આયતો ખુલ્લા કાફિરો માટે છે જેઓ જાહેર અને બાતિન બન્ને રીતે કાફિર છે, એ પછી વમિનન્નાસથી ૧૩ આયતો મુનાફિકો માટે છે. જેઓ અંદરખાનેથી કાફિર છે અને પોતાને મુસલમાન જાહેર કરે છે. (જુમલ)

આયતમાં 'ગૈબ'નો શબ્દ ક્રિયાપદ અથવા કર્તાના અર્થમાં છે, એ ધારણા મુજબ ગૈબની વ્યાખ્યા એ થશે કે હવાસ (ઇન્દ્રિઓ-અવયવો) અને બુદ્ધિ દ્વારા જાહેર રીતે જાણી ન શકાય, એના બે પ્રકાર છે. એક તે જેના પર કોઇ દલીલ ન હોય એ 'ઇલ્મે ગૈબ ઝાતી' કહેવાય છે, અને કુરઆન મજીદની આયત عِنۡدَهٗ مَفَاتِحُ الۡغَيۡبِ لَا يَعۡلَمُهَاۤ اِلَّا هُوَ (ગૈબની ચાવીઓ ફક્ત અલ્લાહ પાસે જ છે. તેને અલ્લાહ સિવાય કોઇ જ જાણતુ નથી) અને બીજી પણ આવી આયતો જેમાં ખુદા સિવાય અન્યને ગૈબનું ઇલ્મ હોવાનો ઇન્કાર કરવામાં આવ્યો છે. એ તમામ આયતોમાં આ પહેલા પ્રકારના ઇલ્મે ગૈબની જ વાત છે કે જેના પર કોઇ દલીલ ન હોય એટલ`કે 'ઇલ્મે ગૈબ ઝાતી' ફક્ત અલ્લાહ સાથેજ ખાસ છે.

ગૈબનો બીજો પ્રકાર એ છે કે જેના પર કોઇ દલીલ હોય જેવી રીતે કે જગતના સર્જનહારના અસ્તિત્વ વિશેનું ઇલ્મ, નુબુવ્વત અને એને સંબંધિત વસ્તુઓ અહકામે શરીઅતને લગતી બાબતો વિગેરેનું ઇલ્મ, કયામતના દિવસ અને એને લગતી બાબતો હિસાબ, કબ્રમાંથી ઉઠવુ, સારા નરસા આમાલનો બદલો મળવો વિગેરેનું ઇલ્મ આ તમામ બાબતોની સત્યતા પર દલીલો કાયમ થએલી છે, અને એ તાલીમે ઇલાહીથી પ્રાપ્ત થાય છે, આ આયતમાં આ બીજા પ્રકારનું ઇલ્મે ગૈબ મુરાદ છે, આ બીજા પ્રકારના ગૈબો જે ઇમાન સાથે સંબંધિત છે તેનું ઇલ્મ અને યકીન દરેક મુઅમિનને છે, અને જો એ બાબતોનું ઇલ્મ અને યકીન ન હોય તો તે મુઅમિન ન બની શકે, અને અલ્લાહ તઆલા પોતાના ખાસ બન્દાઓ અમ્બિયા અવલિયા પર જે ગૈબોનો દરવાજો ખોલે છે તે આ બીજા પ્રકારનાં જ ગૈબો છે.

અથવા આયાતમાં ગૈબના શબ્દને સહાયક ક્રિયાપદના અર્થમાં રાખીને એનો સંબંધ 'મુઅમિન બેહી' સાથે જોડવામાં આવે તો આયતનો અર્થ એ

થશે કે 'જેઓ વગર દેખે ઇમાન લાવે' જેવો કે આ'લા હઝરતે તરજુમો કર્યો છે. અથવા 'બિલગૈબ' માં જે 'બે' છે તેને 'મુતલબ્બસીન' મહઝૂફ (વાક્યમાં છુપાએલો શબ્દ એટલે કે શબ્દોમાં ન હોય પણ અર્થમાં હોય તે) સાથે સંબંધિત કરવામાં આવે તો આયતનો અર્થ એ થશે કે જે મુઅમિનો પીઠ પાછળ ઇમાન લાવશે એટલે કે તેમનું ઇમાન મુનાફિકોની જેમ મુઅમિનોને દેખાડવા પૂરતું ન હોય બલ્કે નિખાલસતાથી ઇમાન લાવે, હાજરીમાં અને ગેરહાજરીમાં બન્ને હાલતમાં મુઅમિન હોય.

ગૈબની તફસીરમાં એક મંતવ્ય છે કે 'ગૈબ'થી આયતમાં 'દિલ' મુરાદ લેવામાં આવ્યું છે એ રીતે આયતનો અર્થ એ થશે કે 'જેઓ દિલથી ઇમાન લાવે'. (જુમલ)

## ★ ઇમાનની વ્યાખ્યા ★

જે વસ્તુઓ વિશે દેખીતી રીતે અને યકીન મારફત જાણીએ છીએ કે એ વસ્તુઓ દીને મુહમ્મદીની છે તે તમામને માનવાનું, દિલથી તસ્દીક કરવાનું અને જબાનથી ઇકરાર કરવાનું નામ ઇમાન છે.

અમલ ઇમાનમાં દાખલ નથી એટલા માટે જ يُؤْمِنُوْنَ بِالْغَيْبِ પછી يُقِيْمُوْنَ الصَّلٰوةَ ફરમાવ્યું. (એટલે કે પહેલાં ઇમાન લાવો પછી નમાઝ પઢો, નમાઝ અમલ છે જે ઇમાન પછી બયાન કરાયો છે.)

૫. وَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ યાને નમાઝ કાયમ રાખે, નમાઝ કાયમ કરવાથી એ મુરાદ છે કે તેને હમેશાં પઢતા રહે અને ચોક્કસ સમયો પર નિયમિત રીતે તેના અરકાન પૂરેપૂરા અદા કરીને ફર્ઝ સુન્નત અને મુસ્તહબની હિફાઝત રાખે, કોઇમાં પણ ખલેલ ન આવવા દે, ફાસિદ કરી દેનાર અને મકરૂહ કરનાર બાબતોથી તેને બચાવે અને તેના હક્કોને સારી રીતે અદા કરે, નમાઝના હક્કો બે રીતના છે એક જાહેરી જે ઉપર બયાન થયા, બીજા બાતિની અને તે ખુશૂઅ એટલે કે આજીઝી અને હુઝૂર એટલે તમામ બાબતોથી દિલને ખાલી કરી એક ધ્યાનથી અલ્લાહની બારગાહમાં ધ્યાન પરોવવું, અર્ઝોનિયાઝ અને દુઆમાં દિલ પરોવવું.

૬. وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ અર્થાત અમે આપેલી રોઝીમાંથી અમારા રસ્તામાં આપે, અલ્લાહના રસ્તામાં આપવાથી યા તો ઝકાત મુરાદ છે જેમકે બીજી જગ્યાએ ફરમાવ્યું يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ (નમાઝ કાયમ કરે છે, અને ઝકાત આપે છે.) અથવા કોઇ પણ જાતના બંધન વગર આપવું. પછી તે ફર્ઝ કે વાજિબ હોય જેમ કે ઝકાત, નઝર પોતાનો અને પોતાના અહલો અયાલનો ખર્ચ વિ. કે પછી મુસ્તહબ હોય જેમ કે નફલ સદકાઓ મુર્દાઓને ઇસાલે સવાબ માટે ખર્ચવું વિ.

**મસઅલો** : અગ્યારમી, ફાતેહા, ત્રીજ્યું, ચાલીસુ વિ. બાબતોનો પણ આમાં સમાવેશ થઇ જાય છે, કારણ કે એ તમામ નફલ સદકાઓ છે, અને એ મોકાઓ ઉપર કુરઆને પાક, કલેમા શરીફ વિગેરેની તિલાવત નેકી સાથે નેકી મળી જઇને સવાબમાં વધારો કરે છે.

મિમ્મમાં જે 'મીમ' છે તે અરબી વ્યાકરણમાં 'તબઇઝી' કહેવાય છે. જે આખા ભાગમાંથી અમુકનો અર્થ બતાવવા વપરાય છે, જેનાથી સાબિત થયું કે ખર્ચ કરવામાં ફુઝૂલખર્ચી કરવાની મનાઇ છે, અર્થાત ખર્ચ પછી તે પોતાની જાત માટે હોય કે પોતાની આલ ઔલાદ માટે હોય પણ મધ્યમ કક્ષાનો હોવો જોઇએ, ફુઝૂલ ખર્ચી ન થવી જોઇએ.

આયતમાં رَزَقْنٰهُمْ (અમે તેઓને રોઝી આપી) ને يُنْفِقُوْنَ (ખર્ચ કરો) કરતાં પહેલાં રાખીને અને રોઝીને પોતાના તરફ નિસ્બત આપીને ખુદા પાકે એ વાત જાહેર કરી છે કે માલ તમારો પેદા કરેલો નથી, અમારો આપેલો છે. અને જો અમારા હુકમથી અમારા રસ્તામાં ખર્ચ ન કરો તો તમે સખ્ત બખીલ છો. અને આ બખીલી ઘણી જ ખરાબ કહેવાશે.

૭. وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ અને તે જે ઇમાન લાવે અય મહબૂબ ! તેના પર જે તમારી તરફ ઉતર્યું અને જે તમારાથી પહેલાં ઉતર્યું, આ આયતમાં જે કહેવાયું છે કે જે લોકો તમારા પર ઉતરેલ કિતાબ પર અને તમારાથી પહેલાં ઉતરેલી કિતાબો પર ઇમાન લાવે, તો એનાથી તે અહલે કિતાબ મુઅમિનો મુરાદ છે જે પોતાની કિતાબ અને તમામ

પાછલી કિતાબો અને અમ્બિયા عَلَيْهِمُ السَّلَام ની વહીઓ ઉપર પણ ઇમાન લાવ્યા, અને કુરઆને પાક ઉપર પણ ઇમાન લાવ્યા અને مَآ اُنْزِلَ થી આખુ કુરઆન અને પૂરી શરીઅત મુરાદ છે. (જુમલ) **મસઅલો** : જે રીતે કુરઆન મજીદ પર ઇમાન લાવવું દરેક મુસલમાન પર ફર્ઝ છે. એવી જ રીતે હુઝૂર ﷺ થી પહેલાંના અમ્બિયા પર, જે કિતાબો અલ્લાહે ઉતારી તેમના ઉપર પણ ઇમાન લાવવું જરૂરી છે, હા તેઓમાંના જે હુકમો આપણી શરીઅતમાં મન્સૂખ થઇ ગયા તેમના પર અમલ કરવો દુરસ્ત નથી, પણ ઇમાન જરૂરી છે, દા.ત. પાછલી શરીઅતોમાં 'બયતુલ મુકદ્દસ' કિબ્લા હતું, એના પર ઇમાન લાવવું તો આપણા માટે જરૂરી છે. પણ અમલ યાને નમાઝમાં બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરવું જાઇઝ નથી, કારણ કે મન્સૂખ થઇ ચૂકયું છે.

**મસઅલો** : કુરઆને કરીમથી પહેલાં જે કાંઇ અલ્લાહતઆલા તરફથી તેના પયગમ્બરો પર નાઝિલ થયું તે તમામ પર ટૂંકમાં ઇમાન લાવવું ફર્ઝ છે. અને કુરઆને કરીમ પર વિગતવાર ઇમાન લાવવું ફર્ઝે કિફા-યહ છે. માટે સામાન્ય જનતા પર એની વિગતોના ઇલ્મની પ્રાપ્તિ ફર્ઝ નથી. જ્યારે કે આલિમો મૌજૂદ છે જેમણે એના ઇલ્મની પ્રાપ્તિમાં પૂરી કોશિશ ખર્ચ કરી નાખી છે, (હા કુરઆન મજીદ પર ટૂંકમાં ઇમાન લાવવું દરેક મુસલમાન પર ફર્ઝ છે.)

૮. وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ યાને આખિરત પર યકીન રાખે એટલે કે આખિરત અને જે કાંઇ તેમાં છે બદલો, હિસાબ વિ. તમામ પર એવું યકીન અને ઇત્મિનાન રાખે કે જરા પણ શંકા કુશંકા ન હોય, અહીં અહલે કિતાબ અને બીજા કાફિ-રોને અલગ છાંટી નાખ્યા જેઓના અકીદા આખિરત વિશે ફાસિદ છે.

## ★ મૌતુલ આલિમ મૌતુલ આલમ ★

પીરે તરીકત વલીએ કામિલ **હઝરત અલ્લામા મુફ્તી સૂફી નિઝામુદ્દીન સાહબ** رحمۃ اللہ علیہ (અમરડોભા)ની શખ્સિયત મશહૂરો મઅરૂફ શખ્સિયત છે. આપે આખુ જીવન ઈલ્મે દીનની ખિદમત તથા ખલ્કે ખુદાની ખિદમતમાં ગુજાર્યું. આપ એક અનુપમ મુત્તકી પરહેઝગાર આલિમેદીન તથા નબી કરીમ ﷺ ની સુન્નતોના ખૂબ જ મહાન પાબંદ વ્યક્તિ હતા. આપની અમલી જિંદગી સુન્નતે રસૂલના ઢાંચામાં ઢળેલી હતી. રસૂલે પાક ﷺ ની હદીષોથી એટલી ઉલ્ફત તથા આકર્ષણ આપને હતું કે આપ આપના ખિતાબતમાં હદીષોના હવાલાઓથી દલીલોનો ભરમાર કરી દેતા હતા. એક એક વિષય પર હદીષોનો ભરપુર ભંડાર કિતાબો પેજ નંબરોના હવાલા સાથે આપની પાસે મૌજૂદ હતો. સતત ત્રણ ત્રણ મજલિસોમાં એક જ કસ્બામાં એક જ વિષય પર કલાકો સુધી તકરીર કરતા પણ દરેક મજલિસમાં અલગ અલગ વાતો હોતી, એના પરથી આપની ઈલ્મી ગહરાઈ તથા ઉચ્ચતાની ભાળ મળે છે.

મસ્લકે હક્ક જેની સ્પષ્ટતા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ દર્શાવી છે, આપ એના પર અતિ સખ્તીથી હમેશાં અડગ રહ્યા. આપના મામૂલાતથી સુન્નતે નબવી તથા ખુલૂસ અને લિલ્લાહિયતના જલ્વા જોવા મળતા હતા. આપ બસ્તી જિલ્લાની પ્રખ્યાત દર્સગાહ દારુલ ઉલૂમ અહલે સુન્નત તન્વીરુલ ઈસ્લામ, અમરડોભા, જિ. સંત કબીર (યુ.પી.)માં એક અરસા સુધી સદરુલ મુદર્રિસીન અને શયખુલ હદીષના ઉચ્ચ મન્સબ (સ્થાન) પર બિરાજમાન રહ્યા અને ખૂબ જ દિયાનતદારીની સાથે પોતાના સ્થાનની ફરજો અંજામ દેતા રહ્યા. આપના તકવા તથા ઝુહદનો એ આલમ હતો કે મોઅતબર ઉલમા આપના જીવનમાં જ બતાવતા રહ્યા કે, "જેને કોઈ ઝિંદા વલી જોવો હોય તે હઝરત સૂફી નિઝામુદ્દીન સાહબને જોઈ લે." સુબ્હાનલ્લાહ ! આપના મુરીદોમાં બહોળી સંખ્યામાં ઉલમા હઝરાત છે. અફસોસ ! આ મહાન હસ્તીએ ૮૫ વરસની ઉમરે ૧–જમાદિઉલ અવ્વલ હિ. ૧૪૩૪, અંગ્રેજી તા. ૧૪–૩–૨૦૧૩ જુમેરાતે દુનિયાથી પર્દો કરી લીધો અને હજારો ચાહકોને રડતા સીસકતા છોડીને આપ અલ્લાહને પ્યારા થઈ ગયા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં આપની કબ્રને વિશાળ તથા મુનવ્વર ફર્માવે, કયામત સુધી આપની કબ્ર પર રહમતો નૂરની વર્ષા ફર્માવે અને આપના દરજાતને બુલંદ ફર્માવે. તથા સુન્નીઓને આપના નકશે કદમ પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

## મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીષે પાક

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત — કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

***હદીષ*** *: અબ્દુલ્લાહ સનાબિહીથી[1] રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મોમિન બંદો જ્યારે વુઝૂ કરવા લાગે, કુલ્લી કરે તો ખતાઓ (ગુનાહો) એના મોઢેથી નીકળી જાય છે[2]. અને જ્યારે નાકમાં પાણી લે તો ખતાઓ એના નાકથી નીકળી જાય છે. અને જ્યારે પોતાનું મોઢું ધૂએ તો ખતાઓ એના ચહેરાથી નીકળી જાય છે[3] ત્યાં સુધી કે તેની આંખોનાં પાંપણોની નીચેથી નીકળી જાય છે. અને જ્યારે પોતાના હાથ ધૂએ તો ખતાઓ હાથોએથી નીકળી જાય છે ત્યાં સુધી કે હાથોના નખોની નીચેથી નીકળી જાય છે. અને જ્યારે પોતાના માથાનો મસહ કરે તો ગુનાહો તેના માથેથી નીકળી જાય છે ત્યાં સુધી કે તેના કાનોએથી નીકળી જાય છે[4] પછી જ્યારે પગોને ધૂએ તો ગુનાહો તેના પગોએથી નીકળી જાય છે ત્યાં સુધી કે પગોના નખોની નીચેથી નીકળી જાય છે[5] પછી તેનું મસ્જિદની તરફ જવું અને નમાઝ પઢવું વધારાનુ હોય છે[6]. (માલિક તથા નિસાઈ)*

*હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ કબ્રસ્તાન તશરીફ લઈ ગયા તો ફર્માવ્યું, હે મુસલમાન કૌમની જમાઅત ! તમારા પર સલામ હજો ![7] ઈન્શાઅલ્લાહ ! અમો પણ તમને મળનારા છીએ[8] મને એ તમન્ના છે કે મારા ભાઈઓને જોતો[9]. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું અમે તમારા ભાઈ નથી ?! ફર્માવ્યું, તમો મારા સાથી દોસ્ત છો, અમારા ભાઈ તેઓ છે જેઓ હજી સુધી આવ્યા નથી[10]. લોકોએ અર્ઝ કરી, શું આપના તે ઉમ્મતી જેઓ હજી સુધી નથી આવ્યા તેમને હુઝૂર કેવી રીતે ઓળખશે ?[11] ફર્માવ્યું, બતાવો ! જો કોઈ શખ્સના ઘોડા સફેદ માથુ તથા પગોવાળા હોય અને તેઓ ખૂબ જ કાળા ઘોડાઓમાં મિક્સ થઈ ગયા હોય તો શું તે પોતાના ઘોડાઓને નહીં ઓળખી કાઢે ?[12] બોલ્યા, હા ! યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, તેઓ વુઝૂની અસરોના લીધે સફેદીવાળા આવશે અને હું હોજ પર તેમની રહનુમાઈ કરનાર રહીશ[13]. (મુસ્લિમ)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** હક્ક એ છે કે આપનું નામ અબ્દુર્રહમાન ઈબ્ને ઉસૈલા છે, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ, કબીલા સનાબિહથી છે જે મુરાદ કબીલાનું એક ગૃપ છે. આપ તાબઈ છે સહાબી નથી. હુઝૂર ﷺની હયાત મુબારકમાં હિજરત કરીને મદીના પાકની તરફ ચાલ્યા. હજફા સ્થળે પહોંચ્યા હતા એવામાં હુઝૂર ﷺની વફાત શરીફ થઈ ગઈ. અબૂબક્ર رضي الله عنهથી મુલાકાત થઈ. જેથી આ હદીષ મુરસલ છે કેમ કે સહાબીનું નામ રહી ગયું.

**૨.** એટલે કે જીભ વડે જે ગીબત, જૂઠ વગેરે જે સગીરા ગુનાહો થયા તે કોગળો કરવાની બરકતથી માફ થઈ જાય છે. મોમિનની શર્ત એટલા માટે છે કે કાફિરના વુઝૂની એ તાસીર નથી. હા ! જો ઈમાન લાવવા માટે વુઝૂ કરે તો કદાચ ઉપરોક્ત ફાયદો તેને પણ મળી જાય. વુઝૂને મુત્લક (કોઈ ખાસ નહીં) ફર્માવવાથી માલૂમ થયું કે દરેક વુઝૂનો આ ફાયદો છે, નમાઝના માટે હોય કે અન્ય ઈબાદત માટે હોય.

**૩.** એટલે કે નાકમાં પાણી લેવાની બરકતથી નાક તથા દિમાગના ગુનાહો ખરી પડે છે, જેમ કે નાજાઈઝ

ખુશ્બુ સુંઘવી અને દિમાગમાં ગંદા વિચારો રાખવા. યાદ રાખશો કે અહીં પણ સગીરા ગુનાહો જ મુરાદ છે. અને ચહેરાને ધોવાથી આંખના ગુનાહ ખરી પડે છે જેમ કે નાજાઈઝ ચીજોને જેવી અથવા નાજાઈઝ ઈશારાબાજી કરવી.

**૪.** એનાથી જાણવા મળ્યું કે કાનોની ગણના માથામાં થાય છે ન કે ચહેરામાં, કેમ કે હુઝૂર ﷺએ માથાની સાથે એનો ઉલ્લેખ કર્યો છે. જેથી કાનોને તો ન ચહેરા સાથે ધોવામાં આવશે ન અલગ પાણી વડે. એનો મસહ થશે બલ્કે માથાના મસહની તરી વડે એનો પણ મસહ કરવામાં આવશે. આ જ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہનો મઝહબ છે. આ હદીષ ઈમામ સાહબની દલીલ છે.

**૫.** એટલે કે જે કદમ નાજાઈઝ જગાએ જવામાં પડયા તેનો ગુનોહ તેની બરકતથી માફ થઈ જાય છે. એનાથી જાણવા મળ્યું કે પગોને ધોવું ફર્ઝ છે ન કે તેનો મસહ કરવું, જેવું કે રાફઝીઓએ સમજ્યું છે.

**૬.** એટલે કે ગુનાહોથી માફી તો વુઝૂમાં જ થઈ ચૂકી, હવે આ અમલો ગુનાહની માફીથી વધારાના છે જેનાથી દરજાઓ બુલંદ થાય છે. અહીં નફલ લુગ્વી (શબ્દિક અર્થ)માં છે. ફર્માવ્યું : وَ وَهَبْنَا لَهٗ اِسْحٰقَ وَيَعْقُوْبَ نَا فِلَةً

**૭.** 'મક઼બરા'થી મુરાદ મદીના મુનવ્વરાનું ક઼બ્રસ્તાન જન્નતુલ બક઼ીઅ છે, જ્યાં હુઝૂર ﷺ ક઼બરોની ઝિયારતના માટે તશરીફ લઈ જતા હતા. ''દાર''નો અર્થ ઘર તથા હવેલી છે. અહલે પોશીદા (છુપા લોકો) એટલે ઘરવાળા. મિર્ક઼ાતે ફર્માવ્યું, અવામ (આમ લોકો)ની ક઼બરો પર પહોંચીને સલામ કરવી સુન્નત છે, કેમ કે મુડદાં મુલાકાતીઓને જુએ છે, ઓળખે છે, તેમના સલામ કલામને સાંભળે છે અને સમજે છે. કેમ કે ન સાંભળનાર તથા જવાબ ન આપી શકનારને સલામ કરવી મના છે. રબ ફર્માવે છે : وَاِذَا حُيِّيْتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوْ بِاَحْسَنَ مِنْهَا۔۔الآية એનાથી જાણવા મળ્યું કે મુડદાં તથા જીવતાંને સરખી સલામ કરવામાં આવે, એટલે એવી રીતે કે ''સલામ'' પહેલાં પછી ''અલૈકુમ''. એ જે હદીષમાં છે કે ''અલૈકુમસ્સલામ'' મુડદાંની સલામ છે એનાથી મુરાદ એ છે કે જ્યારે મુડદાં આપસમાં એકબીજાથી મળે છે ત્યારે આવી સલામ કરે છે. જેથી આ હદીષ એના વિરૂદ્ધ નથી.

**૮.** એટલે નજીકમાં જ વફાત પામીને તમારી સાથે મુલાકાત કરીશું. ''ઈન્શાઅલ્લાહ'' ! બરકતના માટે ફર્માવ્યું, નહીં તો મૌત તો યક઼ીની છે. અથવા ઈમાન પર ખાત્મો અને કોઈ ખાસ જગાએ મૃત્યુ પામવું આપણા લોકો માટે શંકામય છે. એટલે કે જો અલ્લાહે ચાહ્યું તો આપણે ઈમાન પર મરીને મોમિનોથી મળીશું. આ સર્વ કાંઈ ઉમ્મતની તાલીમના માટે છે.

**૯.** એટલે કે ભાવિમાં જન્મ પામનારા મુસલમાનોથી જાહેરી હયાતમાં મુલાકાત કરતો. નહીં તો હુઝૂર ﷺ આખી ઉમ્મતને જોઈ રહ્યા છે. એમનું પોતાના ભાઈ કહેવું એ અત્યંત કરીમે કરીમાના છે, પણ ઉમ્મતને માટે એ જાઈઝ નથી કે હુઝૂરને પોતે પોતાના ભાઈ કહે. બાદશાહ પોતાની પ્રજાને કહે છે કે હું તમારો ભાઈ તથા ખાદિમ છું, પરંતું જો પ્રજા તેને ખાદિમ કહીને બોલાવે તો સજા પામશે રબ ફર્માવે છે : لَا تَجْعَلُوْا دُعَاءَ الرَّسُوْلِ۔۔۔الآية

**૧૦.** એટલે કે તમે ભાઈ પણ છો અને સહાબી પણ, અને જે લોકો ભવિષ્યમાં આવનારા મુસલમાન છે તેઓ કેવળ ભાઈ હશે, સહાબી હશે નહીં. યાદ રાખશો કે ભાઈ હોવું જાહેરી લેહાઝથી છે, ઈમાની રિશ્તાના સબબથી છે, નહીં તો હુઝૂર ઉમ્મતના માટે રૂહાની બાપ છે અને તેમની બીવીઓ મુસલમાનોની માઓ છે ન કે ભાભીઓ ! ઈમાની રિશ્તાથી સગો બાપ તથા દાદા પણ ઈસ્લામી ભાઈ છે અને સગી મા તથા બીવી ઈસ્લામી બહેનો છે, પણ સંબંધના આધાર પર એ લોકોને ન ભાઈ બહેન કહેવામાં આવે છે ન તેમના પર ભાઈ બહેનના હુકમો લાગુ પડે છે, ત્યાં સુધી કે જો બીવીને બહેન સાથે સરખાવે તો પણ 'ઝેહાર' થઈ જાય છે જેની વધુ પેજ નં. ૧૮....પર

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہعلیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**પૂછતે કયા હો અર્શ પર યૂં ગએ મુસ્તફા કે યૂં**
**કૈફ કે પર જહાં જલેં કોઈ બતાએ કયા કે યૂં**

*(યૂં = આવી રીતે, કૈફ = અરબી શબ્દ છે મતલબ, કેવી રીતે = કેવું, પર = પાંખ, જહાં = જ્યાં, જલે = બળે)*

**અર્થ :** શું પૂછો છો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મેઅરાજમાં અર્શ પર આવી રીતે ગયા કે આવી રીતે ?! જ્યાં કૈફિયત આવું કે તેવું વગેરેની પાંખ બળી જાય કે હુઝૂર સિવાય બીજુ કોઈ ગયું જ નથી. ત્યાં સુધી કે સિદ્રા સુધી સાથે રહેનાર જિબ્રઈલ علیہ السلام પણ સિદ્રાથી આગળ નથી ગયા તો કોઈ કેવી રીતે બતાવે કે આવી રીતે ગયા. જિબ્રઈલ અમીન علیہ السلامના કૌલને શૈખ સઅદી رحمۃاللہعلیہ આવી રીતે બયાન ફર્માવે છે :–

*અગર યક સરે મૂએ બરતર પરમ–ફરોગે તજલ્લા બસોઝદ પરમ*

જો હું વાળની ટોચ બરાબર પણ આગળ વધુ તો તજલ્લીઓની ચમકથી મારી પાંખો બળી જાય.

હદીષે પાકમાં છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ જિબ્રઈલ علیہ السلامને સિદ્રાથી આગળ જવા માટે કહ્યું તો જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, જો હું એક કદમ પણ આગળ વધ્યો તો બળીને રાખ થઈ જઈશ. *(ઈમામ શઅરાની : અલ યવાકીતો વલ જવાહિર)* તફસીરે ઈબ્ને કષીર, ભાગ : ૩ માં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સિદ્રાથી જિબ્રઈલ علیہ السلامએ મારો સાથ છોડી દીધું, આવી જ રિવાયત તફસીરે નીશાપુરી, પારા : ૨૭, પેજ ૩૨ પર લખેલ છે.

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلمના અર્શ પર જવા વિશે અમુક રિવાયતો ★

મુહદ્દિષે કબીર ઈબ્ને અબીદુન્યા રિવાયત કરે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેઅરાજની રાતે મેં એક વ્યક્તિને જોયો જે નૂરે અર્શમાં ગાયબ હતો. *(ઝુર્કાની, ભાગ : ૬, પેજ : ૧૦૬)* ઈમામ કસ્તલાની શારેહે બુખારી رحمۃاللہعلیہ રિવાયત ફર્માવે છે કે જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم અર્શ પર પહોંચ્યા તો અર્શે ઈલાહીએ દામને મુસ્તફા صلی اللہ علیہ وسلمને પકડી લીધુ. *(મવાહિબે લદુન્યા, ભાગ : ૨, પેજ : ૩૪)* અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી علیہ السلام સૂરએ નજમની તફસીરમાં લખે છે કે ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ફર્માવે છે કે "વન્નજમ" (તારાની કસમ)થી મુરાદ હુઝૂર صلی اللہ علیہ وسلمની ઝાત છે. અને "હવા" (જે ઉતર્યું)થી મુરાદ મેઅરાજની રાત્રે હુઝૂર صلی اللہ علیہ وسلمનું ઉતરવું મુરાદ છે જેનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું ઉપર ચઢવું અને લામકા સુધી મેઅરાજ કરવી માન્ય છે. *(તફસીરે રૂહુલ મઆની, પારા : ૨૭)*

**કસ્રે દના કે રાઝ મેં અકલેં તો ગુમ હૈં જૈસી હૈં**
**રૂહે કુદ્સ સે પૂછીએ તુમને ભી કુછ સુના કે યૂં**

*(કસ્રે દના = નજીકનું સ્થાન, રાઝ = ભેદ, રૂહે કુદ્સ = જિબ્રઈલે અમીન علیہ السلام)*

**અર્થ :** કુર્આને પાકમાં સૂરએ નજમની એક આયતમાં છે કે **દના ફતદલ્લા** એટલે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ખુદાની

નજીક થયા તો તે નઝદીકીના સ્થાન વિશે બુદ્ધિ ગુમ થઈ છે એટલે કે એટલા નઝદીક થયા એ એક ભેદ છે જેને કોઈ માનવી જાણતો નથી. પરંતુ જિબ્રઈલ علیہ السلام તો મેઅરાજના સફરમાં સિદ્રા સુધી સાથે હતા તો તેમને પૂછો કે તમોએ **દનાના** ભેદ વિશે કશું સાંભળ્યું છે કે આવું હતું ?

**મૈંને કહા કે જલ્વએ અસ્લમેં કિસ તરહ ગુમેં**
**સુબ્હને નૂરે મહર મેં મિટ કે દિખા દિયા કે યૂં**

*(જલ્વએ અસ્લ = ખુદાના નૂરનો જલ્વો, ગુમેં = ગુમ થયા, સુબ્હ = પ્રભાત, નૂરે મહર = સૂર્યનો પ્રકાશ)*

**અર્થ :** હુઝૂર ﷺ ખુદાના નૂરથી પૈદા કરવામાં આવ્યા. અલ્લાહનું નૂર અસલ છે તો મેં પૂછયું કે નૂરે ખુદા મુહમ્મદ મુસ્તફા ﷺ અસલ ખુદાના નૂરના જલ્વામાં કેવી રીતે ગુમ થયા ? તો જવાબમાં સવાર જેની અસલ સૂર્યનું પ્રકાશ છે તે ધીરે ધીરે સૂર્યના આગમન સાથે ગુમ થઈ જાય છે તો સવારે સૂર્યના પ્રકાશમાં ગુમ થઈને બતાવ્યું કે આવી રીતે નૂરના જલ્વામાં નૂર ગુમ થાય છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہનો અંદાઝ પ્રશંસાના લાયક છે કે એક ગુચવણમય વાતને કેટલી આસાનીથી સમજાવી દીધી !

*મુલ્કે સુખન કી શાહી તુમકે રઝા મુસલ્લમ–જિસ સમ્ત આગયે હો સિક્કે બિઠા દીએ હૈ*

**હાય રે ઝૌકે બેખૂદી દિલ જો સંભલને સા લગા**
**છક કે મહકમેં ફૂલ કી, ગિરને લગી સબા કે યૂં**

*(ઝૌક = લિઝ્ઝત, બેખૂદી = બેહોશી, છક = નશામાં ચૂર, મહક = સુગંધ, સબા = વસંતઋતુની પૂર્વી હવા)*

**અર્થ :** હાય અફસોસ ! બેખૂદીની લઝ્ઝત પામ્યા પછી જ્યારે હોશ ઠેકાણે આવવા લાગ્યો તો એ એહસાનની દુનિયામાં ઉપરોક્ત વર્ણવેલ જવાબનું બીજુ ઉદાહરણ મળી ગયું અને તે આ છે, સબા મહેકના નશામાં ચૂર થઈને ફૂલમાં ગુમ થઈ ગઈ અને તેનાથી માલૂમ પડયું કે મેઅરાજના વાકયામાં પણ આવુ બન્યું હશે કે હુઝૂર ﷺ ખુદા عزوجلના નૂરના જલ્વાના દીદારમાં ગુમ થઈ ગયા હશે.

**દિલ કો દે નૂરો દાગે ઈશ્ક઼ ફિર મૈં ફિદા દો નીમ કર**
**માના હૈ સુન કે શક્ક઼ે મહ આંખો સે અબ દિખા કે યૂં**

*(નૂરો દાગે ઈશ્ક઼ = નૂર અને મહબ્બતનો નિશાન, દો નીમકર = બે ટુકડા કર, માના હૈ સુન કે = સાંભળીને માન્યું છે, શક્ક઼ે મહ = ચાંદનું ટુકડે ટુકડા થવું)*

**અર્થ :** યા રસૂલુલ્લાહ ! ﷺ આપે ચાંદના બે ટુકડા કર્યા છે તેના પર મારું ઈમાન છે. પણ તે સાંભળીને માન્યું છે, હવે મારા દિલને નૂર તથા ઈશ્ક઼નો દાગ આપો અને હું આપ પર કુર્બાન થઈ જાઉં. પછી આપ તેને બે ટુકડા કરીને મને આંખોથી દેખાડી દો કે ચાંદ આવી રીતે ટુકડા થયો !

**દિલ કો હૈ ફિક્ર કિસ તરફ મુર્દે જિલાતે હૈં હુઝૂર**
**અય મૈં ફિદા લગાકર એક ઠોકર ઉસે બતા કે યૂં**

*(મુર્દે ઝિલાતે હૈં = મુડદાંઓને જીવંત કરે છે. હુઝૂર = નઝદીક, નબીએ પાકની સિફતે કરીમા)*

**અર્થ :** પ્યારા આકા ! ﷺ મને એ વાત પર ઈમાન છે કે આપે મુડદાંઓને જીવંત કર્યા. પરંતુ મારા દિલની ચાહત છે કે તે આંખોથી જુએ કે હુઝૂર મુડદાંને કેવી રીતે જીવંત કરતા હતા ? તો હે મારા મસીહા ! આપ ઠોકર મારી મારા દિલને બતાવી દો કે આવી રીતે !

**બાગ મેં શુક્રે વસ્લ થા હિજરમેં હાએ હાએ ગુલ**
**કામ હૈ ઉન્કે ઝિક્ર સે ખૈર વો યૂં હુવા કે યૂં**

*(શુક્રે વસ્લ = મિલાપનો આભાર, હિજર = જુદાઈ, હાએ હાએ = આહો ભરવી, ઝિક્ર = યાદ, ખૈર = ભલે)*

**અર્થ** : બુલબુલ જ્યાં સુધી બાગમાં રહે છે ફૂલના મિલાપનો શુક્રિયા અદા કરીને યાદ મનાવે છે, અને જ્યારે બાગથી જુદાઈ થાય તો હાય હાય ફૂલ કરીને યાદ કરે છે. તેવી જ રીતે ગુલામે મુસ્તફા ﷺ જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં હાજરી આપે છે તો તૌબાની હાજરીમાં વ્યસ્ત રહે છે અને જ્યારે મદીનાથી જુદાઈ થાય છે તો મદીનાની યાદમાં હાયવોય કરે છે અને હુઝૂર ﷺને યાદ કરે છે. મક્‌સદ તો આપને યાદ કરવું છે ચાહે તે આવી રીતે થાય કે એવી રીતે.

**જો કહે શેઅર વ પાસે શરઅ, દોનોં કા હુસ્ન ક્યૂં કર આએ**
**લા ઉસે પેશે જલ્વએ ઝમઝમએ રઝા કે યૂં**

*(જો કહે = જે વ્યક્તિ કહે, શેઅર = શાયરી, પાસે શરઅ = શરીઅતની મર્યાદા,*
*લેહાઝ, હુસ્ન = સુંદરતા, ઝમઝમા = સૂર, ગીત)*

**અર્થ** : શેરો શાયરી એક કઠિન ફન (કલા) છે. દુનિયાના પ્રેમીઓ માટે લખવામાં તો લોકો આઝાદ છે પણ જ્યારે આ શેઅરો હુઝૂર ﷺની બારગાહમાં નઅતે પાકના રૂપમાં કહેવામાં આવે તો ખૂબ એહતિયાત (સાવધાની)ની જરૂરત છે કે હુઝૂર ﷺની તારીફ એવી રીતે થાય કે મર્તબાથી નીચી ન હોય અને બંદાના રુત્બાથી ઉંચી ન હોય કે ખુદા સાથે સરખામણી કરી દેવામાં આવે. જેવું કે અમુક શાયરો ગફલતમાં કરી ગયા. તો શેઅરમાં શરીઅતનો લેહાઝ (મર્યાદા) જરૂરી છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે કોઈ એવું કહેતો હોય કે શેઅર અને શરીઅતના લેહાઝનો સંગમ કેવી રીતે થાય તો તેને અહમદ રઝા رضی اللہ عنہની નઅતિયા શાયરીનો જલ્વો દેખાડી દો કે શેઅર પણ છે અને શરીઅતનો લેહાઝ પણ મહબૂબની શાન પર બયાન થાય છે અને શરીઅતની મર્યાદા પણ જળવાઈ રહે છે.

પેજ નં.**૧૫** નું ચાલુ...

સજામાં સાઈઠ રોઝા કફ્ફારો વાજિબ છે. તો હુઝૂર ﷺને ભાઈ કહે અને સમજે તે પણ સખત સજાને પાત્ર છે.


**૧૧.** સહાબીઓના આ સવાલ હુઝૂર ﷺના ઈલ્મના નકારના લીધે નથી, ઈલ્મના ઝરીઆના સંબંધે છે. એટલે કે જે મુસલમાનોને દુનિયામાં આપે જિંદગી શરીફમાં જાહેરી નજરે નથી જોયા તેમને કાલે ક્‌યામતમાં કેવી રીતે ઓળખશો ? અને કેવી રીતે શફાઅત કરશો ? કેવળ નબુવ્વતના નૂર વડે અથવા વહી થકી, કેટલીક એમનામાં નિશાનીઓ પણ હશે જેનાથી અમે પણ ઓળખી શકીએ. નહીં તો સહાબીઓનો તો અક્‌ીદો હતો કે હુઝૂર ﷺને પોતાની સઘળી ઉમ્મતના ઉઘાડા છુપા એક એક અમલની ખબર છે. હઝરત આઈશા સિદ્દીક્‌ા رضی اللہ عنہاએ સવાલ કર્યો હતો કે શું આપની ઉમ્મતમાં કોઈની નેકીઓ આસ્માનના તારાઓના બરાબર પણ છે ? ફર્માવ્યું, ઉમર (رضی اللہ عنہ)ની. આવા સવાલ જવાબ અલીમો ખબીરથી જ થઈ શકે છે.

**૧૨.** સુબ્હાનલ્લાહ ! કેટલુ સરસ ઉદહરણ છે કે જેવી રીતે સફેદ માથા તથા પગોવાળા ઘોડા કાળા ઘોડાઓમાં નથી છુપાતા, એવી જ રીતે મારી ઉમ્મત બીજી ઉમ્મતોમાં છુપાશે નહીં. એનો મતલબ એ નથી કે પાછલી ઉમ્મતોના સર્વ મોમિન કાળા રંગના હશે. કાળા દેખાવું તો કેવળ કાફિરોના માટે છે. મતલબ એ છે કે વુઝૂની અસરોથી ખાસ ચમક કેવળ ઉમ્મતે મુસ્તફવી પર હશે.

(ચર્ચાપત્ર)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ પોતાનાં હાથે જ પોતાના મઝહબનું ખૂન ! ★

દેવબંદી પેશવા મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ એ જ સૈયદ અહમદ રાય બરેલ્વીની મહાનતા અને શ્રેષ્ઠતા સાબિત કરવા માટે પોતાની કિતાબ નામે 'સિરાતે મુસ્તકીમ'માં એક દિલ ધ્રુજાવનારી કહાની બયાન કરી છે જે આ પ્રમાણે છે :–

*હઝરત ગૌષે આ'ઝમ અને હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદીની રૂહો વચ્ચે એક મહીના સુધી એ બાબત પર ઝઘડો ચાલતો રહ્યો કે, બંનેમાંથી કોણ સૈયદ અહમદની રૂહાની પ્રગતિને માટે તેને પોતાની દેખરેખ હેઠળ લે. બંને બુઝુર્ગોની રૂહો એ ચાહતી હતી કે તેની દેખરેખ હેઠળ સૈયદ અહમદ રૂહાની પ્રગતિની ટોચ પર પહોંચે. (સિરાતે મુસ્તકીમ, ફારસી પેજ–૧૬૬)*

છેવટે એક મહીનાના ઝઘડા બાદ બંને વચ્ચે સુલેહ થઈ કે, બંને સાથે મળીને એ ખિદમતને અંજામ આપશે, ત્યાર પછી એક દિવસ બંને બુઝુર્ગોની રૂહો સૈયદ અહમદ પર જલ્વાગર થઈ અને પૂર્ણશક્તિની સાથે થોડીવાર સુધી તેમના પર પોતાના ધ્યાનનું પ્રતિબિંબ નાખ્યું, આટલીવારમાં સૈયદ અહમદને બંને (પીરો)ના સિલસિલાની નિસ્બતો હાંસલ થઈ ગઈ.

દેવબંદી ધર્મની માન્યતાઓને જોતાં આ કિસ્સાની સચ્ચાઈનો સ્વીકાર કરવાના સ્વરૂપમાં અનેક સવાલ માનસપટ પર ઉભરે છે, પ્રથમ તો એ કે, **ખૂદ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની છણાવટ પ્રમાણે જ્યારે કોઈ પણ મખ્લૂક઼ને અલ્લાહે ગયબનો ઈલ્મ આપ્યો જ નથી, તો પછી હઝરત ગૌષુષ્ષકલૈન અને હઝરત ખ્વાજા નકશબંદીની મુક઼દ્દસ રૂહોને કેવી રીતે ખબર પડી કે, હિંદુસ્તાનમાં સૈયદ અહમદ રાયબરેલ્વી નામનો એક માણસ ખુદાનો મુકર્રબ બંદો છે, જેની રૂહાની તર્બિયત (રૂહાની પોષણતા)નું માન મેળવી લેવામાં પહેલ કરવી જોઈએ.**

બીજી બાબત એ કે, **આ બનાવની મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીને કેવી રીતે ખબર પડી કે, એ બંને બુઝુર્ગોની રૂહો એક મહીના સુધી આપસમાં ઝઘડતી રહી હતી ?** અને છેવટે એ વાત પર બંને વચ્ચે સુલેહ થઈ કે બંનેએ સાથે મળીને તેમની કિફાલત (દેખરેખ) કરવી જોઈએ.

ત્રીજી બાબત એ કે, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબ 'તક્વિયતુલ ઈમાન'માં તો સ્પષ્ટ લખ્યું છે કે, ''ખુદા સિવાય તમામ અંબિયા અને અવલિયા આજિઝ છે, લાચાર બંદા છે.'' તો પછી 'વફાત' પછી હઝરત ગૌષુલવરા અને ખ્વાજા નકશબંદીનો આ મહાન 'તસર્રૂફ' (અધિકાર) કેવી રીતે સમજવામાં આવી શકે કે, બંને બુઝુર્ગો બગદાદથી સીધા હિંદુસ્તાનના એ ગામડામાં પધાર્યા જ્યાં સૈયદ અહમદ રાયબરેલ્વી રહેતા હતા અને તેમના હુજરામાં પહોંચીને પલવારમાં જ તેમને 'બાતિની ઈર્ફાની' (રૂહાની ફયઝની) દૌલતથી માલામાલ કરી દીધા ?! જેમ કે તેમની જ કિતાબમાં તેમનો અક્ીદો જાહેર છે કે :–

*સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાએ કોઈને સૃષ્ટિમાં તસર્રૂફ કરવાની કુદરત અર્પણ કરી નથી અને કોઈ કોઈનો હિમાયતી પણ બની શકતો નથી.......જે કોઈ આ પ્રમાણેનો વર્તાવ કોઈની સાથે કરે, પછી ભલે ને તે એને બંદો અને મખ્લૂક જ સમજતો હોય તો તે માણસ અને અબૂ જહલ શિર્કમાં બંને એકસરખા જ છે. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૩૩, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

*એ જ કિતાબમાં બીજે ઠેકાણે છે : જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણુ છું જેના વડે ગૈબની વાતો માલૂમ કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકું છું તો તે સાવ જૂઠો અને ખુદાઈનો દાવેદાર છે. જો કોઈ માણસ કોઈ નબી કે વલીને, જિન કે ફરિશ્તાને, ઈમામ કે ઈમામના પુત્રને, પીર કે શહીદને, જ્યોતિષી કે ફાલ જોનારને બ્રાહ્મણ કે ભૂતપ્રેતને, શુકન જોનાર કે પરીઓને આ પ્રકારનાં માને તો એવો માણસ મુશ્રિક અને આ આયતનો મુન્કિર બની જાય છે. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૬૭, ૬૮, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

મઝકૂર કિસ્સાને બયાન કરવાનો અંદાઝ બતાવે છે કે, એ વાતો ખ્વાબની નહીં પણ જાગૃત હાલતની છે, એટલે **આ બનાવની સચ્ચાઈને સ્વીકારવી ત્યાં સુધી અશક્ય છે જ્યાં સુધી 'તકવિયતુલ ઈમાન'માં જાહેર થએલી ઉપરોક્ત માન્યતાઓને દૂર હડસેલીને અવલિયાએ કિરામના હક્કમાં 'ગયબનો ઈલ્મ' અને 'અખત્યાર'ના અક્ીદાની સચ્ચાઈનો સ્વીકાર કરી લેવામાં ન આવે.**

'દવબંદી પેશ્વાઓની મઝહબ ફરેબબાજીનો આ 'તમાશો' કાંઈ પડદા પાછળનો નથી કે, તેનો ઈન્કાર થઈ શકે, હવે તો તેમનું ઈમાનસોઝ ચારિત્ર સમયની જાહેરાત બની ચૂક્યું છે કે, **એક સ્થળે તેઓ અંબિયા અને અવલિયાના સાચા ફઝાઈલ અને કમાલાતનો આમ કહીને ઈન્કાર કરી દીયે છે કે, તેનો સ્વીકાર કરવાથી 'તવહીદ'નો અક્ીદો સલામત રહી શકતો નથી, અને બીજા સ્થળે પોતાના ઘરના બુઝુર્ગોની મહાનતા અને શ્રેષ્ઠતા સાબિત કરવાને માટે એ જ અક્ીદાને પોતે ઠંડે કલેજે અપનાવી લે છે !**

### ★ પોતાની જ મઝહબી માન્યતાના ઈન્કારની શર્મનાક કહાની ! ★

'દેવબંદી વર્ગના શયખુલ હદીષ મોલ્વી અસગરહુસૈન સાહેબે પોતાની કિતાબ નામે 'હયાતે શયખુલ હિંદ'માં મોલ્વી મહમૂદહસન સાહેબની એક ખૂબ જ વિચિત્ર કહાની વર્ણવી છે, તેને વાંચો :–

*હિજરી ૧૩૨૨ના આખરમાં દેવબંદમાં 'તાઉન' (મરકીનો રોગ) ફેલાયો, કેટલાક તલ્બા (વિદ્યાર્થી) પણ તેનો ભોગ બન્યા. એક વિદ્યાર્થી જેનું નામ મુહમ્મદ સાલેહ વિલાયતી હતું જે તાજેરતમાં પરીક્ષામાં પાસ થઈ સનદ લઈને પોતાના વતન જવાનો હતો, તે પણ એ રોગમાં સપડાયો અને તેની હાલત એકદમ બગડી ગઈ.*

*મૃત્યુથી પહેલાં તેણે એવા પ્રકારની વાતો કરવી શરૂ કરી કે જાણે શયતાનની સાથે 'મુનાઝિરો' (વાદવિવાદ) કરી રહ્યો છે, તેની દલીલોને રદ કરતો, એમ લાગતું હતું કે તેણે 'મુનાઝરા'માં શયતાનને પરાજય આપ્યો. ત્યાર પછી તે કહેવા લાગ્યો કે, અફસોસ ! અહીં કોઈ ખુદાનો બંદો નથી જે મારા પાસેથી આ ખબીષ (શયતાન)ને દૂર કરે, આમ કહેતાં એકાએક તે બોલ્યો કે, વાહ ! વાહ ! સુબ્હાનલ્લાહ ! જુઓ ! મારા ઉસ્તાદ હઝરત મૌલાના મહમૂદહસન સાહબ પધાર્યા છે, જુઓ ! એ શયતાન ભાગ્યો, અરે ખબીષ ક્યાં જાય છે ? એક ઘડી પછી એ વિદ્યાર્થીનું અવસાન થઈ ગયું. (હયાતે શયખુલ હિંદ, પેજ–૧૯૭)*

હઝરત મૌલાના (મહમૂદહસન) આ બનાવ વખતે ત્યાં હાજર ન હતા પરંતુ તેમણે રૂહાની તસર્રૂફ (રૂહાની અધિકાર) દ્વારા તેની મદદ કરી.

છેવટમાં એટલો વધારો છે કે, હઝરત મૌલાના ઈસ વાકેઅહ કે વક્ત વહાં પર મૌજૂદ ન થે, મગર રૂહાની તસર્રૂફસે ઈમદાદ ફર્માઈ, એ સ્પષ્ટ કરી દે છે કે, એ તાલિબે ઈલ્મ (વિદ્યાર્થીને) જેની સાથે પનારો પડયો હતો એ તેનો વહેમ માત્ર ન હતો, બલ્કે એ હકીકત હતી અને એટલે જ મૌલ્વી મહમૂદહસન સાહેબ તેની મદદને માટે ગયબી રીતે ત્યાં પહોંચી ગયા હતા.

પરંતુ હૈરત તો એ છે કે, ભાન ભૂલેલી દેવબંદી બુદ્ધિ અહીં કોઈ સવાલ ઉઠાવતી નથી કે **જ્યારે મોલ્વી મહમૂદહસન ત્યાં મૌજૂદ ન હતા તો તેમને કેવી રીતે ખબર પડી કે, એક વિદ્યાર્થી સકરાતની હાલતમાં શયતાનથી મુનાઝરો કરી રહ્યો છે. અને તેમને ખબર થઈ તો વીજળીની જેમ તેમને ઉઠાવતી શક્તિ ક્યાંથી મળી ગઈ કે પલવારમાં તેઓ ત્યાં આવી પહોંચ્યા ?**

હકીકતમાં જિગર ફાટી જાય તેવી વાત છે, કેમ કે **અહીં ગયબનો ઈલ્મ પણ છે અને અખત્યાર પણ, પરંતું એ તો તેમના પોતાના મૌલાનાની વાત છે એટલે ન તો અહીં 'તવહીદ'નો અકીદો' ઘાયલ થયો અને ન તો કુર્આન અને હદીષથી અથડામણ થતી તેમને જોવા મળી !**

એવી જ રીતનો અકીદો અગર **આપણે સરકારે ગૌષુલવરા** رضی اللہ عنہ **અથવા ખ્વાજા ગરીબ નવાઝ** رضی اللہ عنہ **અથવા કોઈ નબી કે વલી સંબંધે રાખીએ તો 'દેવબંદ'ના આ 'તવહીદપરસ્તો' આપણી જાન અને ઈમાનના ખુલ્લા દુશ્મનો બની જાય છે.**

શું એથી એમ માનવા અને સમજવાને કારણ નડે છે કે, દેવબંદ ધર્મમાં એક નહીં પણ બે શરીઅત પ્રચલિત છે ?!

## ★ જંબુસરમાં મેહફિલે નઅત ★

**જંબુસર** : મુકામે તા. ૬–૪–૨૦૧૩ શનિવારે ઈશા બાદ જુમ્આ મસ્જિદ પાસે સાદાતે કિરામની સદારતમાં ઉલમા, અઈમ્મા, મુબલ્લિગીનની વિશાળ સંખ્યાની હાજરીમાં મેહફિલે નઅતનો અઝીમુશ્શાન જશ્ન યોજાયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી–મુંબઈ)એ નઅત તથા મન્કબતોના ગુલદસ્તા પેશ કર્યા હતા સાથોસાથ ઔલાદની ઈસ્લામી તર્બિયત સંબંધે જોર દેતું ઈસ્લાહી બયાન કર્યું હતું.

**દલીલુલ આરિફીન**



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત


અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)


***(મજલિસ : ૭)***

(**દલીલુલ આરિફીન** : *મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ*)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ મુશ્કેલીનો હલ ફાતિહામાં ★

બુધના દિવસે મુલાકાતનો શરફ હાંસલ થયો. કેટલાક હાજી પણ આવેલા હતા. અને વાત ''ફાતિહા''ના બારામાં થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશાઈખ તબકાતના આધારમાં લખેલું જોયું કે ''ફાતિહા''ને હાજત બર લાવવા માટે ખૂબ જ પ્રમાણમાં પઢવું જોઈએ. હદીષમાં છે જેને કોઈ મુશ્કેલી આવી પડી તે નીચે મુજબના તરીકાથી ''સૂરએ ફાતિહા'' (અલ્હમ્દુ શરીફ) પઢે. બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમિલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.... (છેવટ સુધી) એટલે કે ''રહીમ''ને લામથી મિલાવી લે. અને ''આમીન''ના વખતે ત્રણવાર ''આમીન'' કહે. અલ્લાહ તઆલા તેની મુશ્કેલી હલ કરી આપશે.

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ કહે છે કે, હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એક સભામાં સૂરએ ફાતિહાની ફઝીલતો તથા ખૂબીઓની ચર્ચા કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે એકવાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ સહાબીઓને કહ્યું કે પાક પરવરદિગારે મને ઘણી ફઝીલતો અતા કરી છે અને મારી પહેલાં જેટલા પૈગંબરો આવ્યા તેમનામાંથી કોઈને પણ આ ફઝીલતો અતા ફર્માવી નથી.

### ★ સૂરએ ફાતિહાની ફઝીલત ★

આં હઝરત صلی اللہ علیہ وسلمએ કહ્યું કે એક દિવસ હઝરત જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને જણાવ્યું કે અલ્લાહ પાક ફર્માવે છે કે મેં કુર્આન મજીદ તમારી પાસે મોકલ્યું છે તેમાં એક સૂરત એવી છે કે જો તૌરાતમાં હોત તો હઝરત મૂસા علیہ السلامની ઉમ્મતમાં યહૂદી ન હોત, અને જો એ સૂરત બાઈબલમાં હોત તો હઝરત ઈસા علیہ السلامની ઉમ્મતમાં કોઈ માણસ ખ્રિસ્તિ ન હોત, અને જો એ સૂરત ઝબૂરમાં હોત તો કોઈ માણસ હઝરત દાઊદ علیہ السلامની ઉમ્મતમાં મસ્ખ ન થાત, અને તે સૂરત સૂરએ ફાતિહા છે. કુર્આન મજીદમાં તે એટલા માટે નાઝિલ કરવામાં આવી છે કે એ સૂરતની બરકતથી તમારી ઉમ્મતના લોકો ખુદા તઆલા આગળ માનપાત્ર થાય, કયામતના દિવસે દોઝખનો અઝાબ એમની ઉપર ન થાય તથા મેહશરમાં મુક્તિ મેળવે. અય મુહમ્મદ ! صلی اللہ علیہ وسلم સોગંદ છે તે ખુદા પાકની જેણે તમને લોકોને સત્ય માર્ગ દેખાડવા મોકલ્યા, **જો પૃથ્વીના બધા સમુદ્રો શાહીના ખડિયા બની જાય, બધા વૃક્ષોને કલમ બનાવવામાં આવે તથા સાતેવ આકાશ તથા ભૂમિ કાગળ બની જાય તોય આ સૂરતની ફઝીલતો તથા બરકતો કયામત સુધી લખી શકાશે નહીં.**

### ★ તકલીફો તથા રોગોનો ઈલાજ ★

એ પછી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ જણાવ્યું કે સૂરએ ફાતિહા બધી તકલીફો તથા રોગો માટે

ઔષધ છે, જો કોઈ રોગી કોઈ પણ ઔષધથી સારો થતો ન હોય તો ફજરની સુન્નત અને ફર્ઝ વચ્ચે બિસ્મિલ્લાહ સાથે સૂરએ ફાતિહા પઢીને સાફ દિલથી ફૂંક મારે. અલ્લાહ પાક આ સૂરતની બરકતથી અવશ્ય સંપૂર્ણ તંદુરસ્તી અતા ફર્માવશે. હદીષ શરીફમાં લખ્યું છે કે રસૂલુલ્લાહ ﷺનું કહેવું છે કે સૂરએ ફાતિહા દરેક રોગ માટે ઔષધ છે.

એ પછી હુઝૂર ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ જણાવ્યું કે એક વખત હારૂન રશીદને પુષ્કળ પીડા ઉઠી, અને બે વર્ષ એ રોગમાં પીડાતો રહ્યો. જ્યારે કોઈ ઈલાજ સફળ થયો નહીં તો પોતાના પ્રધાનમંત્રીને હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہની સેવામાં મોકલ્યો અને અર્ઝ ગુજારી કે ભયંકર રોગથી લાચાર થઈ ગયો છું, કોઈ ફાયદો થતો નથી, ઘણી પીડા ભોગવી રહ્યો છું. **આપે એકતાલીસ વખત સૂરએ ફાતિહા પઢી ખલીફાની છાતી પર ફૂંક મારી અને તરત જ ખલીફા સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો.**

પછી ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ જણાવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم કોઈ બીમારને ત્યાં તેને જોવા ગયા. આપે **સૂરએ ફાતિહા પઢી ફૂંક મારી અને રોગી સ્વસ્થ થઈ ગયો.** એક બીજો માણસ પણ તેની બીમારપુર્સી માટે આવ્યો અને તેને સ્વસ્થ જોઈને પૂછયું કે તમે આટલા જલ્દી શી રીતે સાજા થઈ ગયા ?! તેણે જણાવ્યું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ સૂરએ ફાતિહા પઢી ફૂંક મારી અને હું સાજો થઈ ગયો. તે માણસે એ વાત માની નહીં, તેણે એ વાતને મજાક સમજી, બસ તે સમયથી જ તે એ રોગમાં સપડાઈ ગયો અને મરી ગયો. તેથી દરેક માણસે અક઼ીદો નેક રાખવો જોઈએ. જો અક઼ીદો નેક હશે તો કેવળ હાથ મૂકવાથી જ ફાયદો થશે. પછી સૂરએ ફાતિહા પઢી ફૂંક મારવાનું તો પૂછવું જ શું ? એ તો દરેક રોગનું નિશ્ચિત ઔષધ છે.

ત્યાર પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આન પાકની દરેક સૂરતનું નામ નક્કી કર્યું છે અને સૂરએ ફાતિહાના સાત નામ રાખ્યાં છે : **(૧)** ફાતિહતુલ કિતાબ **(૨)** સબઅલ મસાની **(૩)** ઉમ્મુલ મગફેરત **(૪)** ઉમ્મુલ કુર્આન **(૫)** સૂરએ મગફેરત **(૬)** સૂરએ રહમત **(૭)** સૂરએ સાનિયા

આ સૂરતમાં સાત અક્ષર આવતા નથી જે સાત મુસીબતોથી છૂટકારો અપાવે છે :–

પહેલો ષે (ષ) છે અને સબૂરનો પહેલો અક્ષર છે. ષબૂરનો અર્થ હલાકત થાય છે. માટે આ સૂરતનો પઢવાવાળો કદી હલાકતમાં પડી શકતો નથી.

બીજો અક્ષર **જીમ** (જ) છે. એ જહન્નમનો પહેલો અક્ષર છે. તેથી આ સૂરતનો પઢવાવાળો જહન્નમથી છૂટકારો પ્રાપ્ત કરશે.

ત્રીજો અક્ષર **ઝે** (ઝ) છે. એ ઝકૂમનો પહેલો અક્ષર છે. તેથી આ સૂરત પઢવાવાળાને ઝકૂમથી કોઈ મતલબ રહેશે નહીં. ચોથો અક્ષર **શીન** (શ) છે. એ શકાવત (બદ્દબખ્તી)નો પહેલો અક્ષર છે તેથી આ સૂરત પઢવાવાળો બદ્દબખ્ત નહીં હશે.

પાંચમો અક્ષર **ઝોય** (ઝ) છે. આ સૂરત પઢવાવાળો ઝુલમત (અંધકાર)માં પડશે નહીં. છટ્ઠો અક્ષર **ફે** (ફ) છે. તેથી આ સૂરત પઢવાવાળો ફિરાક (વિયોગ)માં રહેશે નહીં. સાતમો અક્ષર **ઝાલ** (ઝ) છે. આ સૂરત પઢવાવાળો ઝલીલ (બદ્દનામ) અને ખ્વાર થશે નહીં.

આ સૂરતમાં સાત આયતો છે. માણસના શરીરમાં અલ્લાહ તઆલાએ સાત મુખ્ય ભાગ રચ્યા છે. જે માણસ આ સૂરત પઢતો રહેશે તેના સાતેવ ભાગ જહન્નમની આગથી સુરક્ષિત રહેશે.

ત્યાર પછી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, મશાઈખ તથા સુલૂકવાળા લખે છે કે હક્ક઼ તઆલાએ આ સૂરતમાં એકસો ચોવીસ અક્ષરો મૂક્યા છે, તથા એક લાખ ચોવીસ હજાર પૈગંબરો પણ દુનિયામાં મોકલ્યા છે. તેથી એ એકબીજા સાથે સંબંધ ધરાવે છે. એ સૂરત પઢવાવાળાને એટલો સવાબ મળશે જેટલું એક લાખ ચોવીસ હજાર પૈગંબરોની ઈબાદતથી મળે છે.

આ સૂરતનું સવિસ્તાર વર્ણન એ રીતે કરવામાં આવ્યું છે કે શબ્દ اَلْحَمْدُ 'અલ્હમ્દુ'માં પાંચ અક્ષર છે અને અલ્લાહ તઆલાએ રાત દિવસમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે. તેથી જે બંદો આ સૂરતને પઢે છે તેની પાંચે નમાઝમાં જે ત્રુટી રહે છે તે ભરપાઈ થઈ જાય છે. શબ્દ 'અલ્લાહ'માં ત્રણ અક્ષર છે. પાંચમાં ત્રણ મળવાથી આઠ થાય છે તેથી અલ્લાહ તઆલાએ એ સૂરત પઢવાવાળા પર જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખ્યા છે.

શબ્દ رَبِّ الْعٰلَمِيْنَ માં દસ અક્ષર છે. આઠ અને દસ અઢાર થાય છે. અલ્લાહ તઆલાએ અઢાર હજાર દુનિયા બનાવી જે માણસ એ અઢાર અક્ષરો પઢે છે તેને અઢાર હજાર આલમ (દુનિયાઓ)નો સવાબ મળે છે.

શબ્દ اَلرَّحْمٰنِ 'અર્રહમાન'માં છ અક્ષર છે. અઢાર અને છ ચોવીસ થાય છે. અલ્લાહ તઆલાએ રાત દિવસમાં ચોવીસ ઘડી બનાવી છે. એ અક્ષર પઢવાવાળો રાત દિવસના ગુનાહોથી પાક થઈ જશે.

શબ્દ اَلرَّحِيْمِ 'અર્રહીમ'માં છ અક્ષર છે. છ અને ચોવીસ ત્રીસ થાય છે. ખુદા તઆલાએ પુલસિરાતનો રસ્તો ત્રીસ હજાર વરસનો રાખ્યો છે તેથી એ અક્ષરો પઢવાવાળો એક એક અક્ષરની બરકતથી એક એક હજાર વરસનો રસ્તો પલક ઝપકતાં પૂરો કરશે.

مٰلِكِ يَوْمِ الدِّيْنِમાં બાર અક્ષર છે. અલ્લાહ તઆલાએ વરસમાં બાર મહીના બનાવ્યા છે. તેથી એ બાર અક્ષર પઢવાવાળાના આખા વરસના ગુનાહ અલ્લાહ માફ કરશે. બાર અને ત્રીસ બેત્તાલીસ થાય છે.

اِيَّاكَ نَعْبُدُમાં આઠ અક્ષર છે. બેત્તાલીસમાં આઠ ઉમેરવાથી પચાસ થાય છે. કયામતનો એક દિવસ પૃથ્વીના પચાસ હજાર વરસ બરાબર થાય છે, તેથી જે માણસ આ અક્ષરને પઢતો રહેશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની સાથે શાંતિનો સત્યવાદીઓ જેવો વ્યવહાર કરશે.

وَاِيَّاكَ نَسْتَعِيْنُમાં અગ્યાર અક્ષર છે, પચાસ અને અગ્યાર એકસઠ થાય છે. અલ્લાહ તઆલાએ ધરતી, આકાશમાં એકસઠ સમુદ્રો ઉત્પન્ન કર્યા છે. તેથી જે બંદો આ એકસઠ અક્ષર પઢતો રહેશે, ખુદાવંદ તઆલા તેને એટલો સવાબ અતા કરશે જેટલાં એ સમુદ્રોના પાણીનાં ટીપાં છે અને એટલી જ બુરાઈઓ તેના આમાલનામામાંથી મટી જશે.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَમાં ઓગણીસ અક્ષર છે. એકસઠ અને ઓગણીસ એંસી થાય છે. દારૂ પીવાનો કફ્ફારો એંસી દુર્રા (કોરડા) છે. તેથી અલ્લાહ તઆલા એ અક્ષર પઢવાવાળાને દારૂની બુરાઈથી દૂર રાખી એની સજાથી સુરક્ષિત રાખશે.

صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ۬ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ

માં ચુમ્માલીસ અક્ષર છે. એંસી અને ચુમ્માલીસ એકસો વીસ થાય છે. અલ્લાહ તઆલાએ એક લાખ ચોવીસ હજાર પૈગંબર મોકલ્યા છે જેમનો લાભ ઉપર વર્ણવ્યો છે.

ત્યાર પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ એક બનાવનું વર્ણન કર્યું : ''એકવાર હું ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ સાથે મુસાફરી કરી રહ્યો હતો. અમે દજલા નદીના કાંઠે પહોંચ્યા. નદીમાં તોફાન હતું અને ત્યાં કોઈ હોડી ન હતી. મને ચિંતા થઈ તે વખતે હઝરતે જણાવ્યું કે આંખો બંધ કરો. થોડી વાર પછી મેં જ્યારે આંખો ઉઘાડી તો હું તથા મારા પીર નદીને બીજે કાંઠે હતા. મેં પૂછયું, હુઝૂર ! નદી શી રીતે પાર કરી ?! તેમણે જણાવ્યું કે પાંચ વખત સૂરએ ફાતિહા પઢી નદીમાં પગ મૂક્યો અને આ કાંઠે આવી ગયા.''

તેથી ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ જણાવ્યું કે જે માણસ સાચા હૃદયથી સૂરએ ફાતિહા પઢે અને તેની આવશ્યક્તા પૂરી ન થાય તો કયામતના દિવસે તે મારો દામન પકડી લે. *(દલીલુલ આરિફીન)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહ્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ રેડિયો, તાર અને ટેલિફોનની ખબર ઉપર શરઈ સાબિતી વગર ચાંદ માની લેવું કેવું ★

આજકાલ ઘણા લોકો ફક્ત રેડિયો, તાર અથવા ટેલિફોનની ખબર ઉપર ચાંદ જોયા વગર અથવા શરઈ સૂબુત વગર ઈદ મનાવી લે છે અથવા રમઝાન શરીફનો ચાંદ હોય તો રોઝો રાખવાનું શરી કરી દે છે, આ ખોટુ છે. જો આસ્માનમાં ધુમ્મસ કે વાદળ ાઓ હોય તો રમઝાનના ચાંદ માટે એક અને ઈદના ચાંદ માટે બે બાશરઅ (શરીઅતની પાબંદીવાળા અને દાઢીવાળા) દીનદાર અને નેક માણસોની ગવાહી જરૂરી છે. જો આસ્માન સાફ હોય તો વધારે લોકોનું ચાંદનું જોવું જરૂરી છે, એક બે ની ગવાહી પૂરતી નથી. ફક્ત રેડિયો, તાર અને ટેલિફોનની ખબર ઉપર ન તો રોઝા રાખો અને ન તો ઈદ મનાવો, જ્યાં સુધી કે તમારી વસ્તીમાં (ઈલાકામાં) શરીઅત અનુસાર ચાંદની સાબિતી ન હોય અથવા બીજી વસ્તીમાં (ગામ શહેરમાં) ચાંદ જોવામાં આવેલ હોય અને શરીઅત મુજબ તેની ખબર (ગવાહી) તમારા સુધી આવી ન હોય. જે લોકો રેડિયો અને ટેલિફોન વગેરેની ખબરોથી ઈદ મનાવે છે તેમને પૂછવામાં આવે કે જો રેડિયો, તાર અને ટેલિફોનથી ઈદ મનાવવામાં આવે તો આજકાલ સમગ્ર વિશ્વમાં એક જ દિવસે ઈદ થવી જોઈએ અને હમેશાં ઈદનો ચાંદ ૨૯ દિવસનો જ થવો જોઈએ. કેમ કે સમગ્ર વિશ્વમાં ક્યાંકને ક્યાંક તો ૨૯મો ચાંદ જરૂર દર વર્ષે મનાવવવામાં આવે છે અને આજકાલ સમગ્ર વિશ્વમાં તેના સમાચાર રેડિયો, તાર અને ટેલિફોન દ્વારા પહોંચાડવા સામાન્ય અને તદ્દન સહેલી વાત છે. આ પ્રમાણે રોઝા ક્યારેય પણ ૩૦ થઈ જ શકતા નથી.

સઊદી અરબમાં પણ સામાન્યપણે ભારતથી એક દિવસ પહેલાં ઈદ મનાવવામાં આવે છે. તો રેડિયો, તાર અને ટેલિફોન પર ભરોસા કરવાવાળાઓ ત્યાંની ખબરો ઉપર કેમ ઈદ મનાવતા નથી ? દિલ્હીની ખબર પર કેમ મનાવે છે ? ઈસ્લામાબાદ, કરાંચી, લાહોર, ઢાકા અને રંગૂનની ખબરોને કેમ ધ્યાનમાં લેવાતી નથી ?

જો કોઈ એમ કહે કે આ બીજા દેશો છે તો અમે એમ પૂછીએ છીએ કે આ દેશોના ભાગલા શું કુર્આન અને હદીષ મુજબ થયેલાં છે ? શું આ ભાગલા અલ્લાહ ﷻ અને રસૂલ ﷺએ કરેલા છે કે આજકાલની સત્તાધીશ રાજનીતિ અને અકવામે મુત્તહેદા (યુનો)એ કરેલા છે ? અને યુનોએ કરેલા ભાગલાનું શું શરીઅતે ઈસ્લામિયામાં કોઈ સ્થાન છે ? આ પ્રમાણે પણ થઈ શકે છે કે કોઈ એવા સત્તાધીશને ખુદા તઆલા પેદા ફર્માવે કે તે દુનિયાના બધા દેશોને જીતીને, બધા દેશોનો એક જ રાષ્ટ્ર બનાવી દે.

જો જવાબમાં કોઈ કહે કે અન્ય દેશ અને આપણી વચ્ચે અંતર વધુ હોવાને કારણે મતલઅ (ચાંદનો ઉદય થવાની જગા) અલગ અલગ છે. તો એ યાદ રાખવું જોઈએ કે ઈખ્તિલાફે મતલઅ (મતલઅનો મતભેદ) મોઅતેબર (વિશ્વાસપાત્ર) નથી. અને ધારો કે આ પણ માની લેવામાં આવે, તો ભારતના તે શહેરો અને વિસ્તારો જે આપણા દેશના શહેરો દિલ્હી, મુબંઈ,

કલકત્તા વગેરેથી દૂર છે અને અન્ય દેશો પાકિસ્તાન, બાંગલાદેશ, બર્મા, ચીન તિબેટ, લંકા, નેપાળના કેટલાક શહેરોની નજીક છે તો એમને તમે ચાંદના મામલામાં ક્યાનું અનુકરણ કરવાની સલાહ આપશો? આપણા દેશની કે જે દેશો અને શહેરોની તેઓ નજીક છે ત્યાંની ? અને તેઓ મતલઅ બાબત દિલ્હી, મુંબઈ અને કલકત્તાની પરિસ્થિતિને અનુસરશે કે બીજા દેશોની પરિસ્થિતિને કે પોતાનાથી નજીકના વિસ્તારોને ?

ખુલાસો એ જ કે શરઈ સૂબુત વગર ફક્ત રેડિયો, તાર, ટેલિફોનના સમાચાર પર ચાંદના મામલામાં ભરોસો કરી લેવું એ ઈસ્લામ, કુર્આન અને હદીષથી તદ્દન વિરૂદ્ધ છે.

ફતાવાએ આલમગીરી મિસ્રી, ભાગ–૩, પેજ–૩૫૭માં છે : ''પડદાની પાછળથી કોઈ વ્યક્તિ ગવાહી આપે તો તેની ગવાહી વિશ્વસનીય નથી કેમ કે એક અવાજ બીજી અવાજની જેમ જ હોય છે.'' (બંને અવામે સરખા હોય છે)

તો રેડિયો અને ટેલિફોન ઉપર બોલનારા તો હજારો, લાખો પડદાઓ અને આડશો (અંતરો)ની પાછળ હોય છે. આથી તેની ગવાહી કઈ રીતે વિશ્વનીય ગણી શકાય ?

બીજું એ કે તમારે ત્યાં ૨૯મો ચાંદ ન થયો અને અન્ય જગ્યાએ થઈ ગયો અને તમારા સુધી શરઈ ખબર ન આવી તેથી તમોએ રોઝા ન રાખ્યા અથવા ઈદનો ચાંદ હોવાથી ઈદ ન મનાવી પરંતુ રોઝો રાખ્યો તો તમારા ઉપર નિઃશંક જરા પણ ગુનોહ અને અઝાબ નથી, કેમ કે અઝાબ અને સવાબની કુંજી અલ્લાહ ﷻના દસ્તે કુદરતમાં છે.

માટે તમે એ જ કરો જેનો હુકમ આપવામાં આવેલ છે. અને એટલું જ કરો, જેટલું તેણે ફર્માવ્યું છે. હદો (સરહદો)થી આગળ ન વધો અને રેડિયો, ટેલિફોન વગેરે સાંભળીને શોર તથા ધાંધલ ન મચાવો, ભલે પૂરી દુનિયામાં ઈદ થઈ જાય, જો તમારા સુધી શરઈ ખબર (ગવાહી) નથી આવી તો તમે રોઝા રાખો. તમારાથી કયામતના દિવસે કોઈ પૂછપરછ થશે નહીં. તો પછી ચિંતા કરવાની શી જરૂરત છે ? ફિકર અને ચિંતા તો તેની કરો જેના વિશે કબ્રમાં અને હશ્રમાં સવાલ થશે.

હદીષ શરીફમાં રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, મહિનો ક્યારેક ૨૯મો થઈ જાય તો જ્યાં સુધી ચાંદ ન જુઓ રોઝો ન રાખો અને જો તમારી સામે (આસ્માનમાં) વાદળાં અથવા ધુમ્મસ (ધુંધળાપણુ) આવી જાય તો ૩૦ દિવસની ગણત્રી પૂરી કરો. *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત, પેજ–૧૭૪)*

વિચારવાની બાબત છે કે અત્યારના સંજોગોમાં કોર્ટ કચેરીઓમાં પણ જજ અને ન્યાય આપનારા અધિકારીઓ ગવાહોને સામે બોલાવીને ગવાહી લે છે. જો કોઈ વ્યક્તિ ઘેર બેઠા ટેલિફોન મારફત ગવાહી આપે તો બિલ્કુલ માન્ય રાખવામાં આવશે નહીં. તો શરીઅતના હુકમો અને શરઈ ગવાહોનું છેવટે તમારી નજરોમાં કોઈ મહત્વ છે કે નહીં ? જેને તમો તાર, ટેલિફોન અને રેડિયોના હવાલે છોડી રહ્યા છો ? ખુદાએ પાકનો ખૌફ રાખો અને દીનદાર બનવાની કોશિશ કરો. અને જે જેનું કામ છે તેને તેની ઉપર છોડી દો. અને તમારા શહેરના ઓલમાએ કિરામ અને ઈમામ જે એહલે હક્ક (સત્ય બતાવનારા) હોય તેઓની વાત ઉપર અમલ કરો.

## ★ શું ઈન્જેક્શન લગાડવાથી રોઝો તૂટી જાય છે ? ★

ઈન્જેક્શન માંસમાં લગાડવામાં આવે કે નસમાં તેનાથી રોઝો તૂટતો નથી. જો કે ઓલમાએ કિરામે રોઝામાં ઈન્જેક્શન લેવાને મકરૂહ ફર્માવેલ છે.

આથી જ્યાં સુધી સખ્ત જરૂરત ન હોય ત્યાં સુધી ન લેવામાં આવે. આ મસ્અલાની વિગતપૂર્વક છણાવટ જાણવા માટે જુઓ *(ફતાવાએ ફૈઝૂર્રસૂલ, ભાગ–૧, પેજ–૫૧૭ અને ફતાવાએ મરકઝી દાઉલ ઈફતા, પેજ–૩૫૯)*

# 'અઝાને કબ્ર' વિશે
## એક દિલચસ્પ મુનાઝરો !

રજૂકર્તા : **મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા** (બોલ્ટન, યુ.કે.)

ખલીલે મિલ્લત હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ ખલીલ ખાન કાદરી બરકાતી નૂરી મારહરવી رحمۃ اللہ علیہએ "સુન્ની બહિશ્તી ઝેવર" ઉપરાંત ઘણી કિતાબો લખેલી છે. આપ એક બેહતરીન મુનાઝિર પણ હતા અને તલબાને મોટાભાગે મુનાઝરાના ઉસૂલ પણ બતાવતા રહેતા હતા. આપે પોતાના તાલિબે ઈલ્મીના જમાનામાં બરેલી શરીફમાં એક મુનાઝરો કર્યો જ્યારે આપની ઉમર લગભગ ૧૯ વરસની હતી. એ મુનાઝરાની વિગત ખૂદ પોતાની કલમ વડે નીચે પ્રમાણે વર્ણવી છે.

આ બનાવ લગભગ હિ.સ. ૧૩૫૭ ઈ.સ. ૧૯૩૮માં બન્યો હતો. માહે સફરુલ મુઝફફરમાં ઉર્સે રઝવીના મોકા પર નિયમ મુજબ બરેલી શરીફ હાજરી આપી. હું પોતે તથા મદ્રસા હાફિઝિયહમાં મારી સાથે તાલીમ લેતા તલબાનો કાફલો હઝરત સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલીખાં رحمۃ اللہ علیہની સરપરસ્તીમાં આસ્તાના આલિયહ રઝવિય્યહ પહોંચ્યો. એ સફરની ૨૩ તારીખ હતી. ૨૪ તારીખે આ ફકીરે (ખલીલે મિલ્લતે) મુબીનુદ્દીન સાહબ અમરોહવીને એ વાત પર તૈયાર કર્યા આજે મોલ્વી યાસીન ગઢીવાલે (દેવબંદી)ના મદ્રસે જઈએ અને ત્યાંના હાલાતનો અભ્યાસ કરીએ.

ત્યાં પહોંચ્યા અને દેખાવ પૂરતુ અલૈક સલૈક કરીને બેસી ગયા. દેવબંદી મોલ્વી યાસીન તથા તલબા એવું જ સમજ્યા કે આ આપણા જ માણસો છે. અમારી સાથે થોડીક પ્રશ્નોત્તરી બાદ મોલ્વી યાસીને અબૂ દાઊદ શરીફ બંધ કરતાં પોતાની પાસે પઢતા તલબાને કહ્યું કે, "હવે તમો સમજી ગયા કે આ જે રઝાખાની **કબ્ર પર અઝાન પઢે તથા પઢાવે છે તે નર્યી બિદઅત છે !"** તલબા બિચારા માથુ હલાવીને ચૂપ થઈ ગયા. પણ ફકીર (ખલીલે મિલ્લત)ની રગોમાં નવયુવાનીનું લોહી ભ્રમણ કરી રહ્યું હતું અને તે પણ પઠાણી લોહી ગરમ થઈ ગયું પણ સમજાવી બુઝાવીને ઠંડુ કર્યું અને મોલ્વી સાહબની તરફ ધ્યાનિત થઈને ખૂબ જ નરમ અવાજમાં પૂછયું કે, હઝરત ! અમને ઈજાઝત આપો તો અમુક સવાલો કરીએ જેથી તેના જવાબોથી અમને પણ સંતોષ થઈ જાય, અને જે લોકો કબ્ર પર અઝાનને જાઈઝ કહે છે તેમને પણ અમો સંતોષકારક જવાબ આપી શકીએ. મોલ્વી સાહબે કહ્યું, "હા ! હા ! કેમ નહીં ! પૂછો ! પૂછો !"

હવે ફકીરે પ્રથમ સવાલ કર્યો કે, હઝરત ! આપ એને નાજાઈઝ શા માટે કહો છો ?!

**જવાબ આપ્યો** : "એટલા માટે કે બિદઅત છે !"

**પૂછયું** : "આપ એને બિદઅત શા માટે કહો છો ?!"

**જવાબ આપ્યો** : "એટલા માટે કે એ ન હુઝૂરના જમાનામાં થઈ ન તો સહાબાના સમયમાં થઈ."

**પૂછયું** : "તો શું દરેક તે કાર્ય જે એ દૌરમાં ન જોવા મળ્યું હોય તેને બિદઅત ઠરાવવામાં આવશે ?!"

**જવાબ આપ્યો** : "બેશક ! તે બિદઅત છે !"

**પૂછયું** : "તે કઈ બિદઅત છે, હસના કે સૈયેઆ (સારી કે બુરી) ?"

**જવાબ આપ્યો** : "બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત) છે જેના સંબંધે હદીષમાં આવ્યું છે,

كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌ દરેક બિદઅત ગુમરાહી છે."

**પૂછયું** : "મતલબ કે આપની નજીક એ (કબ્ર પર અઝાન) બિદઅતે ઝલાલત તથા ગુમરાહી છે."

**ફરી પૂછયું** : "આશ્ચર્ય છે કે અઝાન આપવી પણ ઝલાલત તથા ગુમરાહી છે !"

**જવાબ આપ્યો** : "ભાઈ ! એમાં કોઈ ભલાઈ હોત તો ખૂદ હુઝૂર (ﷺ) ન કરત ?! અથવા સહાબીઓએ ખૂદ ન કર્યું હોત ?! અને જ્યારે ન હુઝૂરે કર્યું ન સહાબાએ તો ચોક્કસ ગુમરાહી થયું !"

**પૂછયું** : "ત્યારે તો જે લોકો કબ્ર પર અઝાનને જાઈઝ કહે છે તેઓ એવું કહી શકે છે કે હદીષની કિતાબો છાપવી અને એમાં પઢવું પણ બુરી બિદઅત તથા ગુમરાહી થયું, કેમ કે એ કાંઈ પણ ન હુઝૂરના જમાનામાં હતું ન સહાબાએ કિરામના જમાનામાં હતું ?!"

(અત્યાર સુધી અમને એ મોલ્વી સાહબ પોતાના જ તલબા સમજીને વાતચીત કરી રહ્યા હતા. ન ગરમા ગરમી હતી ન અવાજ મોટો હતો. પણ મારા આ સવાલના અંદાઝથી એ મોલ્વી સાહબ ચોંકી ઉઠયા અને તેમને શંકા થઈ કે અમારો સંબંધ તેમની જમાઅતથી નથી, તેમ છતાં સહમી ગયા અને કહેવા લાગ્યા)

**જવાબ આપ્યો** : "જુઓ ભાઈ ! દુનિયા જાણે છે કે અઝાન, નમાઝના માટે હોય છે, અહીં કઈ નમાઝ થશે જેના માટે અઝાન કહેવામાં આવી રહી છે !"

**ફકીરે ખૂબ જ ધીરેથી કહ્યું કે** : "એવો તો કોઈ શરીઅતનો હુકમ નથી કે જ્યાં અઝાન થાય ત્યાં બાજમાઅત નમાઝ પણ જરૂરી છે ! અને જ્યાં નમાઝ ન હોય ત્યાં અઝાન ન કહેવામાં આવે !"

**જવાબ આપ્યો** : "દુનિયા જાણે છે કે અઝાન નમાઝ માટે કહેવામાં આવે છે !"

**મેં કહ્યું** : "દુનિયા એ પણ જાણે છે કે દરેક અઝાન પછી નમાઝ જરૂરી નથી !"

**તેમણે પ્રશ્ન કર્યો** : "દા.ત. ?!"

**મેં કહ્યું** : "આશ્ચર્ય છે કે આપને એની જાણ નથી કે જયારે હઝરત આદમ علیہ السلام જન્નતથી જમીન પર તશરીફ લાવ્યા તો આપને ઘણી ગભરાહટ થઈ તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ ઉતરીને અઝાન પઢી જેથી એમની ગભરાહટ દૂર થાય. કહો ?! અહીં ક્યારે નમાઝ થઈ અને કોણે પઢી અને કોણે પઢાવી ?!"

**કહેવા લાગ્યા** : "શરીઅતે મુહમ્મદિયહની વાત કરો !"

(અને હવે ફકીર (ખલીલે મિલ્લત)ને મહેસૂસ થયું કે દેવબંદી મોલ્વી સાહબ ઘુંઘવાઈ રહ્યા છે જેથી હવે પર્દો હટાવીને ઓપનલી જ વાત કરવી યોગ્ય છે. જેથી....)

**મેં કહ્યું** : ગમ તથા ચિંતાને દૂર કરવા માટે અઝાન કહેવાનો હદીષમાં હુકમ છે. હુઝૂર ﷺએ હઝરત મૌલા અલી رضی اللہ عنہને ગમગીન જોયા તો ઈર્શાદ ફર્માવ્યો, તમારા કોઈ ઘરવાળાને કહો કે તમારા કાનમાં અઝાન કહી આપે, કેમ કે અઝાન ગમ તથા પરેશાનીને દૂર કરે છે.

હવે મોલ્વી સાહબના ચહેરા પર ફેરફાર જાહેર થયો અને તેમણે ઘણી કડકાઈપૂર્વક કહ્યું, "ઉલ્ટી સીધી હદીષો ન વર્ણવો !"

**મેં કહ્યું** : "આ હદીષ ઉલ્ટી કે મૌઝૂઅ છે ?!"

**તે કહેવા લાગ્યા** : "સિહાહ સિત્તહમાં તો ક્યાંય નથી !"

**મેં કહ્યું** : "આ કોઈ દલીલ નથી કે આ સિહાહ સિત્તહમાં નથી, શું સહીહ હદીષો કેવળ સિહાહ સિત્તહ પૂરતી જ મર્યાદિત છે કે ક્યાંય બીજે સહીહ ન મળે ?!"

**તે કહેવા લાગ્યા** : "ઝઈફ તો છે !"

**મેં કહ્યું** : "ઝઈફ હદીષ એ હદીષ નથી ?! હદીષ તો છે !"

એનો જવાબ ગુલ કરીને તે કહેવા લાગ્યા, "હું

સહીહ હદીષ વર્ણન કરી રહ્યો છું કે આ બિદઅત છે અને દરેક બિદઅત ગુમરાહી છે."

**મૈં કહ્યું** : તમો ફરી એ હદીષ પઢો છો ! તો હું ફરી એ જ કહીશ કે મદ્રસા બનાવવા, શાનદાર મસ્જિદો બનાવવી, કિતાબો છાપવી, એમાંથી પઢવું અને પઢાવવું, બલ્કે કુર્આન શરીફને છાપવું અને એને પઢવું પઢાવવું તથા સમય નિશ્ચિત કરીને પઢાવવું, **પગારો લઈને પઢાવવું,** ફ્લોરિંગ તથા ત્રિપાઈઓ લગાડીને પઢાવવું.... આ સર્વ નાજાઈઝ, બિદઅત તથા ગુમરાહી થયું અને તમે સૌ ગુમરાહ તથા બિદઅતી ઠર્યા. (કેમ કે આ સૌ બિદઅત છે, હુઝૂર ﷺના કે સહાબાના જમાનમાં ન હતું !)"

હવે જાહેર છે કે પારો ચઢવાનો જ હતો અને ચઢ યો અને મારા પર ગરમ થઈને કહેવા લાગ્યા, "હું સારી રીતે જાણું છું કે તમે પણ રઝાખાની છો ! અને અમને પરેશાન કરવા આવ્યા છો ! તમે બિદઅતી છો અને બિદઅતોને ફેલાવવાનો તમારો ધંધો છે !"

જવાબ પણ એ જ લહેજામાં આપવામાં આવ્યો કે, "અમે ન બિદઅતી છીએ અને ન બિદઅતોને ફેલાવવાનો અમારો ધંધો છે, અલ્બત્ત ! અમે લોકોને દેવબંદીઓની ગુમરાહ કરનારી વાતોથી જરૂર બચાવીએ છીએ."

**કહેવા લાગ્યા** : " આ વાતોમાં તો દીનની ખિદમત છે, દીનની તબ્લીગ છે, દીનનો તથા આમ મુસલમાનોનો ફાયદો છે, ભલા કબ્ર પર અઝાન દેવામાં કયો ફાયદો છે ?"

**મૈં કહ્યું** : "ફાયદો કેમ નથી ?! મુડદાની તલ્કીન થઈ જાય છે અને શૈતાન ભાગી જાય છે."

**કહેવા લાગ્યા** : "શું શૈતાન કબ્રમાં પણ પહોંચી જાય છે કે અઝાન કહીને તેને ભગાડો છો ?!"

હું આ સવાલ પર વિચારમાં પડી ગયો તો તુરત જ મારા અઝીઝ દોસ્ત મૌલાના મુબીનુદ્દીન સાહબે જેઓ ખામોશ હતા તેમણે મને કહ્યું કે કહેતા કેમ નથી કે, "હા ! એવું થાય છે ! શું એ હદીષ તમને યાદ નથી કે તે કબ્રમાં પણ પહોંચી જાય છે અને મુડદાને ગુમરાહ કરે છે ?!"

આ ચેતવણી પર "ઈઝાનુલ અજર" ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ મારા દિમાગમાં ઘૂમી ગઈ અને મૈં સંભાળીને કહ્યું, "આશ્ચર્ય છે કે આપ એ વાતથી પણ ગાફેલ છો કે જ્યારે બંદાને કબ્રમાં રાખવામાં આવે છે અને તેનાથી સવાલ થાય છે કે તારો રબ કોણ છે ? તો શૈતાન એના સમક્ષ જાહેર થાય છે પોતાની તરફ ઈશારો કરે છે કે તારો રબ હું છું ! એટલા માટે મુસલમાનને હુકમ છે કે મૈયતના હક્કમાં અડગ રહેવાની દુઆ કરે, બલ્કે ખૂદ હુઝૂર ﷺ દુઆ ફર્માવે છે કે ઈલાહી એને શૈતાનથી બચાવ."

હવે મોલ્વી સાહબ એકદમ વિફરી ઉઠયા અને તેમના શાગિર્દો પણ અમને ખુન્નસભરી નજરે જોવા લાગ્યા, અમને એવું લાગ્યું કે ક્યાંક અમારા પર એઓ હુમલો ન કરી બેસે, કેમ કે એ દેવબંદી મોલ્વી સાહબના પુત્રને કોઈકે ખબર આપી તો તે પણ બુમો પાડતો પાડતો આવી રહ્યો હતો જેથી અમોએ ત્યાંથી ચાલતી પકડવામાં જ સલામતી સમજી અને અમો ત્યાંથી નીકળી પડયા !".....

*–(ફતાવા ખલીલિયહ, પેજ : ૬૧, ૬૨, ૬૩)*


## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝ્હતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ–૪)"** હાલમાં છપાઈને આવી ગઈ છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત **રૂા. સાડા ત્રણ લાખ** (૩૫૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. મેમ્બરોને ક્રમે ક્રમે મળી જશે.

**સંપર્ક કરો** :– તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

સીરતે નબવી ﷺ ના પ્રકાશમાં

# ભૂલ કરનારને સજા આપવાના તરીક઼ા

રજૂકર્તા : મુહમ્મદ રઊફ યાકૂબ ઓમનજી-પાલેજ (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

## ★ ભૂલનું નિવારણ કરવામાં મુસલમાનની મદદ કરવી ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવ્યું : અમે નબીએ કરીમ ﷺની ખિદમતમાં હાજર હતા કે એક વ્યક્તિ આવ્યો. તેણે કહ્યું, હે અલ્લાહના રસૂલ ! ﷺ હું હલાક થઈ ગયો ! ફર્માવ્યું, શું થયું ? તેણે કહ્યું, હું રોઝાની હાલતમાં મારી પત્નીથી મુબાશરત (સહવાસ) કરી બેઠો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તારી પાસે એક ગુલામ છે જેને તું આઝાદ કરી દે ! તેણે અર્ઝ કરી, હુઝૂર નહીં ! ફર્માવ્યું, શું તું સતત બે મહીનાના રોઝા રાખી શકે છે ? તેણે અર્ઝ કરી, હુઝૂર નહીં ! ફર્માવ્યું, શું તારી પાસે એટલું છે કે ૬૦ મિસ્કીનોને ખાવા ખવડાવી શકે ? તેણે અર્ઝ કરી, હુઝૂર નહીં ! નબી ﷺ ત્યાં બેસી રહ્યા. તે અરસામાં નબીએ કરીમ ﷺની ખિદમતમાં એક ટોપલી પેશ કરવામાં આવી જેમાં ખજૂર હતું. આપ ﷺએ ફર્માવ્યું, સવાલ કરવાવાળો ક્યાં છે ? તેણે કહ્યું, હુઝૂર હું અહીં છું. ફર્માવ્યું, આ લઈને સદક઼ો કરી દે. તે બોલ્યો, હે અલ્લાહના રસૂલ ! ﷺ શું મારાથી વધુ ગરીબને સદક઼ો કરું ? અલ્લાહની કસમ ! મદીનામાં મારાથી વધારે ગરીબ ઘર કોઈનું નથી. હુઝૂર ﷺ મુસ્કુરાવા લાગ્યા ત્યાં સુધી કે આપના દાંત નજર આવવા લાગ્યા. પછી ફર્માવ્યું, પોતાના ઘરવાળાઓને ખવડાવી દેજે. *(સહીહ બુખારી, કિતાબુસ્સવમ, બાબુ ઈઝા જામઅ ફી રમઝાન)*

ઈમામ અહમદ رحمۃ اللہ علیہએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ હિસાનના કિલ્લાના ઊંચા ભાગના છાયડામાં બેઠા હતા કે એક આદમી બારગાહમાં હાજર થયો અને બોલ્યો, હે અલ્લાહના રસૂલ ! હું બરબાદ થઈ ગયો ! ફર્માવ્યું, શું થયું ? તેણે કહ્યું, મેં રોઝાની હાલતમાં મારી પત્નીથી મુબાશરત (મેળાપ) કરી. રાવી કહે છે, આ રમઝાનનો બનાવ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, બેસી જાવ ! તે અન્ય લોકોમાં જઈને બેસી ગયો. ત્યારે એક આદમી ગધેડા પર ખજૂરનો ટોપલો લઈને હાજર થયો અને તેણે કહ્યું, હે અલ્લાહના રસૂલ ! ﷺ આ મારા તરફથી સદક઼ો છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે ક્યાં છે જે અત્રે બરબાદ થઈ ગયો હતો ? તેણે કહ્યું, હુઝૂર ! હું હાજર છું. ફર્માવ્યું, આ લઈ લે અને સદક઼ો કરી દે. તેણે કહ્યું, સદક઼ો મારા પર અને મારા માટે કરવા સિવાય ક્યાં જશે ? ક઼સમ છે તે જાતની જેણે આપને હક઼ સાથે મોકલ્યા છે, મારી પાસે અને મારી પત્ની અને બાળકો પાસે કાંઈ પણ નથી ! ફર્માવ્યું, ત્યારે તો આ લઈ લે. જેથી તેણે ખજૂરો લઈ લીધી. *(મુસ્નદે અહમદ, ૬/૨૭૬)*

## ★ ભૂલ કરનારની સાથે મળીને ચર્ચાવિચારણા કરવી ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, મારા પિતાએ એક પ્રતિષ્ઠિત કુટુંબની એક ખાતૂન સાથે મારી શાદી કરી આપી. તે પોતાની વહુની ખબર લેવા માટે આવતા અને તેનાથી તેના પતિ વિશે પૂછતા. તે કહેતી, તે ખૂબ જ સારા આદમી છે, જ્યારથી હું તેમની પાસે

આવી છું તે મારા બિસ્તર પર નથી બેઠા, ન મારું કપડુ ઉઠાવીને જોયું. જ્યારે ઘણા સમય સુધી આ જ સ્થિતિ રહી તો તેમણે હુઝૂર ﷺથી આ વાતનો ઉલ્લેખ કર્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તેને મારી પાસે લાવો. ત્યાર પછી હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો. આપ ﷺએ ફર્માવ્યું, તમે રોઝા કેવી રીતે રાખો છો ? મેં કહ્યું, દરરોજ ! ફર્માવ્યું, કુર્આન કેટલા સમયમાં પૂરું કરો છો ? કહ્યું, દર રાત્રે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, દર મહિને ત્રણ રોઝા રાખો અને એક મહીનામાં કુર્આન પઢો. મેં કહ્યું, હું વિશેષ અમલની શક્તિ ધરાવું છું ! ફર્માવ્યું, અઠવાડિયામાં ત્રણ રોઝા રાખો. મેં અર્ઝ કરી, હું આનાથી વધારે અમલ કરવાની તાક઼ત ધરાવું છું ! ફર્માવ્યું, બે દિવસ છોડીને એક દિવસ રોઝો રાખો. મેં અર્ઝ કરી, આનાથી વધુ અમલની શક્તિ ધરાવું છું. ફર્માવ્યું, તો સૌથી અફઝલ રોઝો રાખો. એટલે દાઊદ علیہ السلامના રોઝા, એક દિવસ રાખો અને એક દિવસ છોડો, અને સાત રાતોમાં એક વખત કુર્આન ખતમ કરો. કાશ ! હું હુઝૂર ﷺની પરવાનગી ક઼બૂલ કરી લેતો. હવે હું ઘરડો અને કમજોર થઈ ગયો છું અને આટલી ઈબાદત સરળતાથી નથી કરી શકતો. (રાવી બયાન કરે છે કે) આપ દિવસમાં કુર્આનનો સાતમો ભાગ કોઈને સંભળાવતા હતા જેથી રાત્રે પઢવામાં સરળ તા રહે. અને જ્યારે આપ ચાહતા કે તેમને રોઝા રાખવાની તાક઼ત મળી જાય તો કેટલાક દિવસ સતત રોઝા છોડી દેતા અને પાછળથી ગણીને પૂરી કરી લેતા. કેમ કે તે ન ચાહતા હતા જે કામ હુઝૂર ﷺની ઉપસ્થિતિમાં કરતા આવ્યા છે, તેને છોડી દે. *(સહીહ બુખારી, કિતાબ ફઝાઈલે કુર્આન, બાબ ફી કમ યકરઉલ કુર્આન)*

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, મારા વાલિદે કુરૈશની એક ખાતૂન સાથે મારો નિકાહ કરી આપ્યો. જ્યારે તે વિદાય લઈને મારા ઘરે આવી તો હું તેની તરફ ધ્યાન ન આપતો હતો, કેમ કે હું મારામાં ઈબાદત એટલે નમાઝ અને રોઝાની શક્તિ અનુભવતો હતો. (એક દિવસ) હઝરત અમ્ર رضی اللہ عنہ પોતાની વહુ પાસે આવ્યા અને તેને પૂછયું, તારો પતિ કેવો છે ? તેણે કહ્યું, ખૂબ જ સારા આદમી છે, ન તેમણે મારાં કપડાં ઉઠાવ્યાં, ન મારા બિસ્તર પર આવ્યા ! જેથી મારા પિતા મારી પાસે આવ્યા અને મને ખૂબ જ બુરુભલુ કહ્યું અને ફર્માવ્યું, મેં તારો નિકાહ કુરૈશના ઊંચા ખાનદાનવાળી સ્ત્રી સાથે કર્યો, તેનાથી તું દૂર રહ્યો અને તેં આવું કર્યું અને તેં તેવું કર્યું ! (એટલે કે તેમણે ખૂબ જ બુરુભલું કહ્યું). પછી તે નબીએ અકરમ ﷺની ખિદમતમાં હાજર થયા અને મારી ફરિયાદ કરી. હુઝૂર ﷺએ મને બોલાવ્યો. હું હાજર થયો તો ફર્માવ્યું, દિવસે રોઝો રાખો છો ? મેં કહ્યું, જી ! હુઝૂર ! ફર્માવ્યું, રાત્રે ક઼યામ (ઈબાદત) કરો છો ? મેં કહ્યું, જી હુઝૂર ! ﷺ પછી ફર્માવ્યું, "હું રોઝા પણ રાખું છું અને છોડી પણ દઉં છું અને નમાઝ પણ પઢું છું અને સૂવું પણ છું અને ઔરતથી સંબંધ પણ રાખુ છું. જે મારા તરીક઼ાથી મોઢું ફેરવશે તે મારાથી નથી." પછી ફર્માવ્યું, એક મહિનામાં એક વખત કુર્આન (ખત્મ) પઢયા કરો. મેં અર્ઝ કરી, હું પોતાને આનાથી વધુ શક્તિમાન અનુભવું છું. ફર્માવ્યું, ત્યારે દસ દિવસમાં કુર્આન પઢયા કરો. મેં કહ્યું, હું પોતાને આનાથી વધુ બળવાન સમજું છું. ફર્માવ્યું, તો ત્રણ દિવસમાં પઢી લો. ત્યાર પછી ફર્માવ્યું, દર મહીને ત્રણ રોઝા રાખો. મેં કહ્યું, હું વધારે તાક઼ત ધરાવું છું. આપ વધારતા રહ્યા ત્યાં સુધી કે ફર્માવ્યું, એક દિવસ રોઝો રાખો અને એક દિવસ છોડી દો. આ સૌથી અફઝલ રોઝો છે અને આ મારાભાઈ દાઊદ (علیہ السلام)નો રોઝો છે. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, દરેક ઈબાદત કરવાવાળામાં એક જોશ હોય છે અને દરેક જોશ ઠંડો પડી જાય છે. જોશના ઠંડા પડવાથી તે વ્યક્તિ સુન્નત પર પાબંદ રહે છે અથવા તો બિદઅતમાં સપડાય જાય છે. અને જે વ્યક્તિ જોશ ઠંડો પડી ગયા પછી સુન્નત પર અમલ કરે છે તે હિદાયત મેળવી લે છે અને જે વ્યક્તિ જોશ ઠંડો પડવાથી અન્ય રસ્તા પર ચાલવા લાગે છે, તે તબાહ અને બરબાદ થઈ જાય છે.

મુજાહિદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જ્યારે અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہ ઘરડા અને કમજોર થઈ ગયા તો (આ પ્રમાણે કરતા કે) સતત કેટલાક દિવસો રોઝા રાખતા રહેતા. પછી એટલી ગણતરી પ્રમાણે સતત રોઝા છોડતા રહેતા જેથી કાંઈક શક્તિ મળી જાય. તેમણે ફર્માવ્યું, આ જ રીતે તિલાવતના હિસ્સામાં પણ વધારો ઘટાડો કરી લેતા હતા, પણ સંપૂર્ણ કુર્આન સાત દિવસમાં અથવા ત્રણ દિવસમાં પઢી લેતા. તેમણે ફર્માવ્યું, પછીથી તેઓ કહેતા રહેતા હતા, જો હું રસૂલુલ્લાહ ﷺની છૂટ (રુખસદ) મંજૂર કરી લેતો તો તે આ બદલાયેલી સ્થિતિથી સારું રહેતું, પણ હું રસૂલુલ્લાહ ﷺથી જે કામ કરતાં જુદો થયો છું, હવે તેને છોડીને બીજો તરીકો પકડવામાં જીવ નથી ચાલતો. *(મુસ્નદે અહમદ, ૨/૧૫૮)*

## ★ બનાવમાંથી કાઢવામાં આવેલ કેટલાક મસાઈલ ★

- નબીએ અકરમ ﷺએ તે સબબ પ્રત્યે ધ્યાન આપ્યું જેના થકી સમસ્યા ઊભી થઈ હતી. એટલે ઈબાદતમાં એટલી હદે ડૂબી જવું કે પત્નીના હક્કોની અદાયગી માટે સમય ન બચે જેના પરિણામે કમી આવે.
- દરેક હક્ક ધરાવનારને તેનો હક્ક આપો. આ કાયદો તે દરેક વ્યક્તિ પર લાગુ પડે છે જે નેકીના કામોમાં અનહદ પરોવાયેલો રહતો હોય. જેવી રીતે તાલિબે ઈલ્મ જે ખૂબ જ પ્રમાણમાં સબક પઢે છે અને તે મુબલ્લિગ (દીનની દા'વત આપનાર) જે તબ્લીગમાં એટલી હદે લાગેલો રહે કે પત્નીને તકલીફ થાય છે અને તેને ફરિયાદ રહે છે. તેનું કારણ એ હોય છે કે કેટલાંક નેક કામોને અદા કરવામાં બરાબરી નથી રહેતી અને સમય હક્કદારો વચ્ચે સરખી રીતે નથી આપી શકાતો. જેથી યોગ્ય છે કે તાલિબે ઈલ્મ પોતાના સબકના સમયમાંથી અને મુબલ્લિગ પોતાની તબ્લીગના કામમાંથી એટલો સમય કાઢે કે ઘરનાં કામ અને જરૂરતો અને બાળકોના હક્કો જેવી રીતે કે સુધારણા અને તર્બિયત વગેરે માટે પૂરતો સમય બચી શકે.

## ★ ભૂલ કરનારને સાફ રીતે તેની ભૂલ બતાવી દેવી ★

સહીહ બુખારીમાં હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, મારો એક આદમી સાથે ઝઘડો થઈ ગયો, તેની મા અજમી હતી. (અરબ સિવાયની) મેં તેની માને ભલુ બુરું કહ્યું. તેણે નબી ﷺને કહી દીધું. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ફલાણા સાથે તમારો ઝઘડો થયો ? મેં કહ્યું, જી હુઝૂર ! ﷺ ફર્માવ્યું, તમે તેની માને બુરું કહ્યું ? મેં કહ્યું, જી હુઝૂર ! ﷺ ફર્માવ્યું, તમે એવા આદમી છો જેમાં જાહિલિયતની અસર બાકી છે ! મેં કહ્યું, આ ઘડપણમાં પણ ?! ફર્માવ્યું, હા ! તે (ગુલામ) તમારા ભાઈ છે, તેમને અલ્લાહ તઆલાએ તમારા કબજામાં આપ્યા છે, તો જેના કબજામાં અલ્લાહ તઆલાએ તેના ભાઈને કર્યો હોય, તેણે જોઈએ કે જે પોતે ખાઈ તેને ખવડાવે અને જે પોતે પહેરે તેને પહેરાવે અને તેને તે કામમાં ન લગાડે જે ખૂબ જ કઠણ હોય અને જો તેને કોઈ એવા કામમાં લગાડે જે કઠણ હોય તો તેના કામમાં મદદ પણ કરે. *(સહીહ બુખારી, કિતાબુલ અદબ, બાબ માયન્હા અની રસ્સિબાબિલ લઅન)*

સહીહ મુસ્લિમની રિવાયત પ્રમાણે હઝરત અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું, મારા ભાઈઓમાંથી એક આદમી સાથે મારો ઝઘડો થયો, તેની મા અજમી હતી. મેં તેની માને બુરું કહ્યું. તેણે નબીએ અકરમ ﷺથી મારી ફરિયાદ કરી. નબીએ અકરમ ﷺથી મારી મુલાકાત થઈ તો આપ ﷺએ ફર્માવ્યું, હે અબૂઝર ! તમારામાં જાહિલિયત જોવામાં આવે છે. મેં કહ્યું, અલ્લાહના રસૂલ ! જે કોઈ લોકોને ગાળો આપે છે, લોકો તેના મા બાપને ગાળો આપે છે. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, અબૂઝર ! તમારામાં જાહિલિયત જોવામાં આવે છે ! તે (ગુલામ) તમારા ભાઈ છે જેને અલ્લાહ તઆલાએ તમારા કબજામાં આપ્યા છે જેથી તેમને તે ખવડાવો જે તમે ખાવ છો

અને તે પહેરાવો જે જાતે પહેરો છો અને તેમને તે કામ ન આપો જે કઠણ હોય. જો તેમને કઠણ કામ આપો તો તેમાં તેમની મદદ કરો. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ ઈમાન, બાબ : ઈત્આમુલ મમલૂક મમાયાકુલ)*

નબીએ અકરમ ﷺએ અબૂઝર رضی اللہ عنہને પ્રસ્તાવના વગર અને સંપૂર્ણ સ્પષ્ટ રીતે આ વાત ફર્માવી. કેમ કે આપને ખબર હતી કે સહાબી رضی اللہ عنہ તેને કૃબૂલ કરી લેશે. સ્પષ્ટવાણી એક ફાયદાકારક માધ્યમ છે જેમાં સમય પણ ઓછો લાગે છે અને મહેનત પણ ઓછી કરવી પડે છે અને હેતુ પણ ખૂબ સરળતાથી સ્પષ્ટ થઈ જાય છે. પણ આ તરીકાનો ઉપયોગ ઉચિત સમયે અને યોગ્ય વ્યક્તિ સાથે જ કરી કરી શકાય છે.

કેટલીક વખત આલિમ ભૂલ પર સ્પષ્ટતાથી ચેતવણી નથી આપતો જ્યારે કે આ તરીકાને ઉપયોગ કરવાના પરિણામે કોઈ મોટુ નુકસાન થવાનો ભય હોય, અથવા કોઈ મહત્વપૂર્ણ ફાયદો હાથથી જવાનો ભય હોય. જેમ કે ભૂલ કરનાર સમાજમાં મહત્તા ધરાવે છે અથવા કોઈ ઉચ્ચ હોદ્દા પર બિરાજેલ છે જેથી તે આ તરીકાથી કરવામાં આવેલ આલોચના સહન નથી કરી શકતો. અથવા એવો ભય છે કે ખુલાસો કરવા પર ભૂલ કરનાર પોતાને ખૂબ મશ્કેલીમાં અનુભવશે અથવા કોઈ સ્વાભિમાની વ્યક્તિ એવી છે કે તેનાથી નકારાત્મક જવાબી કાર્યવાહી પ્રગટ થવાનો સંભવ છે. વાસ્તવિક્તા એ છે કે ભૂલ કરનાર સ્પષ્ટ વાતના તરીકાને પસંદ નથી કરતો અને તેને સહન કરવું મુશ્કેલ હોય છે. કેમ કે તેમાં સામે થઈને વાત કરવામાં આવે છે અને ભૂલ કાઢનાર ઉસ્તાદની જેમ ઉચ્ચ મર્તબા પર હોય તેવું માલૂમ પડે છે, જ્યારે કે તેની સામે ભૂલ કરનાર નીચી કક્ષાનો જોવામાં આવે છે. એવી જ રીતે આ વાત પણ ધ્યાનપાત્ર છે કે ફેરવીને વાત કરવામાં પણ નકારાત્મક પાસાંઓ રહેલાં છે જે કેટલાક સમયે ખુલાસાના તરીકાથી પણ વધી જાય છે. કેમ કે ભૂલ કરનારને એવું પણ લાગી શકે છે કે તેને મૂર્ખ સમજીને મજાકનું કેન્દ્ર બનાવવામાં આવી રહ્યો છે. એ પણ શક્ય છે કે તેને જે વાત સમજાવવા માંગો છો તેને સમજી ન શકે, કેમ કે વાતનો હેતુ જાહેર નથી અને ભૂલ કરનારનું દિમાગ ત્યાં સુધી નથી પહોંચી શક્યું. તેનું પરિણામ એ આવશે કે તે ભૂલ પર અડગ રહેશે. એ જ પ્રમાણે દરેક વ્યક્તિની કૃબૂલવાની આદત એક જેવી નથી હોતી. ઉપરથી એ વાત કે એક વ્યક્તિ માટે એક તરીકો સારો રહે છે, બીજી વ્યક્તિ માટે બીજો તરીકો સારો રહે છે. અલ્બત્ત ! એ વાત દરેક હાલમાં સાચી છે કે તબ્લીગની સફળતામાં માર્ગદર્શન આપતી વખતે શ્રેષ્ઠ સંસ્કાર (સારા અખ્લાક્, સભ્યતા) સૌથી વધુ અસરકારક માધ્યમ છે.

### ★ ભૂલ કરનારને લાજવાબ કરવો ★

ભૂલ કરનારને લાજવાબ કરવા માટે તેનાથી ચર્ચા વિચારણા કરવાની કોશિશનો એ ફાયદો થાય છે કે એ રીતે તેની બુદ્ધિ પરથી તે પર્દો ખસી જશે જે હક્ક્ વાત કૃબૂલ કરવામાં રુકાવટ બને છે. એ જ રીતે આદમી સીધો રસ્તો કૃબૂલી લે છે. સુન્નતે નબવી ﷺમાંથી આનું ઉદારણ તિબ્રાનીની તે હદીષ જે હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે એક યુવાન છોકરો હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને કહ્યું, "હે અલ્લાહના રસૂલ ! ﷺ મને ઝિના કરવાની પરવાનગી આપો !" લોકો ઊંચા અવાજમાં રોકવા લાગ્યા. નબીએ કરીમ ﷺએ (હાજરજનોને) ફર્માવ્યું, બસ કરો ! તેને શાંતિથી બેસવા દો. અને તેને ફર્માવ્યું, નજીક આવ ! તે નજીક આવી ગયો ત્યાં સુધી કે હુઝૂર ﷺની બિલકુલ સામે આવીને બેસી ગયો. હુઝૂર ﷺએ તેને સંબોધીને ફર્માવ્યું, શું તમે પોતાની મા માટે આ વાત (ઝિના) પસંદ કરો છો ? તેણે કહ્યું, ના ! ફર્માવ્યું, એ જ રીતે લોકો પણ પોતાની મા માટે એને પસંદ નથી કરતા. શું તમે તમારી પુત્રી સાથે એને પસંદ કરો છો ? તેણે કહ્યું, ના ! ફર્માવ્યું, એ જ રીતે લોકો પોતાની પુત્રીઓ સાથે એને વાત પસંદ નથી કરતા. શું તમે પોતાની બહેન સાથે એને પસંદ કરો છો ? તેણે કહ્યું, ના ! ફર્માવ્યું, એ જ રીતે લોકો પણ પોતાની બહેનો સાથે

આ વાત પસંદ નથી કરતા. શું તમે પોતાની ફોઈ સાથે એને પસંદ કરો છો ? તેણે કહ્યું, ના ! ફર્માવ્યું, એ જ રીતે લોકો પોતાની ફોઈ સાથે આ કામ પસંદ નથી કરતા. શું તમે પોતાની માસી સાથે આ કામ પસંદ કરો છો ? તેણે કહ્યું, ના ! ફર્માવ્યું, એ જ રીતે લોકો પોતાની માસીઓ સાથે આ વાત પસંદ નથી કરતા. ત્યાર પછી હુઝૂર ﷺએ પોતાનો હાથ મુબારક તેના સીના પર મૂક્યો અને ફર્માવ્યું.

''હે અલ્લાહ ! આના ગુનાહ માફ કરી દે, તેના દિલને પવિત્ર કરી દે અને તેને સદાચારી પુરૂષ બનાવ. *(મુસ્નદ અહમદ, ૫/૨૫૬, ૨૫૭)*

## ★ ભૂલ કરનારને એહસાસ અપાવવો ★

અમુક સમયે ભૂલ કરનાર મનઘડત અને અસ્વીકાર્ય કારણોથી પોતાની ભૂલ પર પર્દો નાખવાની કોશિશ કરે છે, ખાસ કરીને ત્યારે કે બનાવ અચાનક બની જાય અને દિલથી તે કામ કરવા માટે તૈયાર ન હોય. અમુક સમયે જૂઠુ બહાનુ બનાવતાં જીભ અટકે છે જ્યારે કે આદમી સાફ દિલવાળો હોય અને તેને જૂઠુ બોલતાં ન આવડતું હોય. જો વડીલ સમક્ષ આ પ્રકારના વ્યક્તિનો કોઈ મામલો આવી જાય તો તે કયા તરીક઼ાનો ઉપયોગ કરે ? નીચે વર્ણવેલ બનાવ જે સાચા સબૂતથી સાબિત થઈ જાય છે તો તેનાથી નબીએ અકરમ ﷺનો પોતાના એક સહાબી સાથે ખૂબ જ સુંદર અને હિકમત પર આધારિત બનાવ સામે આવે છે, અને તેનાથી એ પણ જાણવા મળે છે કે વડીલ કેવી રીતે ભૂલ કરનારને સતત ભૂલની જાણકારી આપી શકે છે ત્યાં સુધી કે તે પોતાની ભૂલ છોડીને સુધારી લે.

હઝરત ખવ્વાત બિન જુબૈર رضی اللہ عنہ ફર્માવે છે : અમે હુઝૂર ﷺની સાથે મક્કાના નજીક એક જગાએ પડાવ નાખ્યો. હું મારા તંબૂમાંથી બહાર આવ્યો. અચાનક મને કેટલીક સ્ત્રીઓ વાતો કરતી નજરે આવી. મને આ દશ્ય સુંદર લાગ્યું. હું તંબૂમાં ગયો અને પેટી કાઢી તેમાંથી એક સુંદર કપડાંની જોડી કાઢીને પહેરી અને તેણીઓ પાસે આવી બેઠો. (અચાનક) રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ આવ્યા. (મને સ્ત્રીઓમાં બેઠેલો જોઈને) ફર્માવ્યું : હે અબૂ અબ્દુલ્લાહ ! જ્યારે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા તો હું ગભરાઈ ગયો અને મારાથી કોઈ બહાનુ ન બની શક્યું ! મેં કહ્યું, અલ્લાહના રસૂલ ! મારું એક ઊંટ ભાગી ગયું છે હું તેના માટે દોરડાની શોધમાં છું ! હુઝૂર ﷺ ચાલવા લાગ્યા, હું પણ આપની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આપે પોતાની ચાદર મારી પાસે મૂકી દીધી (મતલબ એ કે અહીં રોકાઈ રહો) અને આપ ઝાડીઓની પાછળ તશરીફ લઈ ગયા. ફારિગ થઈને આપ ﷺએ વુઝૂ ફર્માવ્યું અને તશરીફ લાવ્યા તો આપની દાઢી મુબારકમાંથી પાણીનાં ટીપાં ટપકીને સીના પર પડી રહ્યાં હતાં. આપ ﷺએ ફર્માવ્યું, અબૂ અબ્દુલ્લાહ ! તમારા ભાગી ગયેલા ઊંટનું શું થયું ?! ત્યાર પછી અમે રવાના થઈ ગયા. ચાલતાં ચાલતાં જ્યારે પણ રસૂલુલ્લાહ ﷺ મને મળતા તો ફર્માવતા : અસ્સલામુઅલયકુમ ! અબૂ અબ્દુલ્લાહ ! તમારા ભાગી ગયેલા ઊંટનું શું થયું ?! આ સ્થિતિ જોઈને હું ઝડપથી સફર કરીને મદીના પહોંચી ગયો. મેં મસ્જિદમાં આવવાનું અને નબીએ અકરમ ﷺની મજલિસમાં બેસવાનું છોડી દીધું. જ્યારે ખૂબ જ દિવસો વીતી ગયા તો હું તે સમયે મસ્જિદની તરફ ગયો જ્યારે તે (નમાઝીઓથી) ખાલી હોય, હું ત્યાં ઉભો થઈને નમાઝ પઢવા લાગ્યો. જનાબ રસૂલુલ્લાહ ﷺ પણ કોઈ એક હુજરા શરીફમાંથી તશરીફ લાવ્યા અને હલકી બે રકઅતો પઢી. મેં નમાઝ લાંબી કરી દીધી કે કદાચ હુઝૂર ﷺ મને છોડીને તશરીફ લઈ જાય. આપ ﷺએ ફર્માવ્યું, અબૂ અબ્દુલ્લાહ ! તમે જેટલી ચાહો એટલી લાંબી નમાઝ પઢો, જ્યાં સુધી નમાઝ સંપૂર્ણ નહીં કરો ત્યાં સુધી હું પણ ઉઠવાનો નથી. મેં દિલમાં કહ્યું, અલ્લાહની ક઼સમ ! હું જરૂર હુઝૂર ﷺથી માફી માગી લઈશ અને મારા પ્રત્યે હુઝૂર ﷺના દિલને સાફ કરી દઈશ. જ્યારે મેં નમાઝથી સલામ ફેરવી તો આપ ﷺએ ફર્માવ્યું, અબૂ અબ્દુલ્લાહ ! અસ્સલામુઅલયકુમ !

વધુ પેજ નં. ૩૪....૫૨

# સદ્કાર્યોમાં નબી ﷺના ઘરની સ્ત્રીઓની સખાવત

રજૂકર્તા : **પટેલ મુહમ્મદઆદિલ નઝીર દયાદરવી–ભાણા**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ તઆલાના નેક બંદાઓની એ ખાસ ખૂબી હોય છે કે એ પોતાના માલનો વધારે પડતો ભાગ અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરી દે છે. જેવી રીતે આ ખૂબી મર્દોમાં જોવા મળતી તેવી જ રીતે ઔરતો પણ તેનાથી પાછળ ન રહેતી હતી, તે પણ હેસિયતના પ્રમાણે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતી રહી છે. નબી કરીમ ﷺના જાહેરી જમાનાની ઔરતો અને તેમના પછીની ઔરતોનો ખર્ચ કરવાનો જઝબો કાંઈક અલગ છે. દીનની તરક્કી અને પોતાની આખેરત બનાવવા માટે જેવી રીતે તેમણે પોતાનું તન મન લગાડયું તેવી જ રીતે પોતાના માલ અને દૌલતથી તેની સિંચાઈ કરી છે. સમય આવવા પર પોતે પોતાને ભૂખ અને તરસની તકલીફમાં નાખીને બીજાઓની જરૂરતોને પૂરી કરી.

ઉમ્મુલ મુઅમિનીન હઝરત ખદીજા رضی اللہ عنہا સારા અખ્લાક઼વાળાં હતાં સાથોસાથ તે એક અનુભવી સોદાગર હતાં. જયારે રસૂલલ્લાહ ﷺના અખ્લાક઼ની ખ્યાતિ સર્વ મક્કામાં થવા લાગી અને એનો અનુભવ તેમણે એક વ્યાપારી કાફલા સાથે કર્યો અને પોતાના ગુલામથી આખી હક઼ીક઼ત સાંભળ્યા પછી તેમણે હુઝૂર ﷺને નિકાહનો સંદેશો મોકલ્યો અને આ રીતે આપ હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં. ત્યાર પછી હઝરત ખદીજા رضی اللہ عنہا પોતાનો માલ હુઝૂરની જાત પર ખર્ચ કર્યા કરતાં હતાં અને હુઝૂર ﷺની દરેક જરૂરતનો ખ્યાલ રાખતાં હતાં. હઝરત ખદીજા આપના નિકાહમાં આવવું જેવી રીતે પોતાના માટે ખુશીનું કારણ સમજતાં હતાં તેવી જ રીતે પોતાનો માલ હુઝૂર ﷺ પર ખર્ચ કરવું સવાબનું કારણ સમજતાં હતાં, એટલા માટે પોતાની આખી જિંદગી દરમ્યાન હુઝૂર ﷺની સર્વ રીતે મદદ કરતાં રહ્યાં.

ઉમ્મુલ મુઅમિનીન હઝરત સવદા બિન્તે ઝમઆ رضی اللہ عنہا હુઝૂર ﷺનાં બીજા પત્ની છે, ખૂબ જ સખી અને રહમ દિલવાળાં હતાં. હસ્તકલા અને ચામડાં પકવીને પોતાની રોજીની વ્યવસ્થા કરતાં હતાં અને પોતાના નફાનો વધારે પડતો ભાગ સખાવતથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી દેતાં હતાં. હઝરત ઉમર رضی اللہ عنہએ એકવાર તેમની પાસે થોડોક સામાન ભેટમાં મોકલ્યો તો તેમણે લાવવાવાળા માણસને પૂછયું કે આમાં શું છે ? તો તેમને કહેવામાં આવ્યું કે આમાં દિરહમ (ચાંદીના સિક્કા) છે તો એ જ વખતે તેમણે બધા દિરહમો એવી રીતે વહેંચી દીધા જેવી રીતે ખજૂરો વહેંચવામાં આવે છે.

હુઝૂર ﷺનાં સૌથી પ્રિય પત્ની ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ખૂબ મહેમાની કરવાવાળાં અને ઘણા સખી હતાં અને જે પણ માલ હાથમાં આવતો એને ગરીબોમાં વહેંચી દેતાં હતાં. આપની સખાવતની કોઈ સીમા નિશ્ચિત ન હતી. એટલા માટે તેમના ભાણ્યા હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર ઉમ્મુલ મુઅમિનીનની સખાવતને જોઈને કદી કદી ગભરાય જતા. એકવાર તેમણે ઉમ્મુલ મુઅમિનીનને આ સખાવતથી રોકવા વિચાર્યુ. આ વાતની ખબર જયારે હઝરત આઈશા رضی اللہ عنہاને થઈ તો એમનાથી ખૂબ જ નારાજ થયાં અને ક઼સમ ખાઈ લીધી કે અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી કદી પણ વાત નહીં કરું ! જયારે આ વાત બહુ જ આગળ વધી ગઈ ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર બહુ જ હેરાન થયા અને હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہ અને અબ્દુર્રહમાન બિન અસવદ رضی اللہ عنہના થકી પોતાની ભૂલ માફ કરાવી. હઝરત આઈશા رضی اللہ عنہاએ તેમની ભૂલ માફ કરી અને

પોતાની ક઼સમ તોડવાના કફ્ફારામાં ચાલીસ ગુલામ આઝાદ કર્યા ! *(બુખારી : બાબે મુનાકિ઼બે કુરૈશ, હદીષ નં. ૩૫૦૫)*

હઝરત આઈશા رضی اللہ عنہا એ પોતાનું મકાન હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને વેચ્યું અને એનાથી મળ વાવાળી બધી રકમ ગરીબોમાં વહેંચી આપી. આ જ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે એકવાર હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે એક લાખ દિરહમ ભેટમાં મોકલ્યા તો તેમણે તે જ સમયે બધા દિરહમ ગરીબો અને મોહતાજોને વહેંચી આપ્યા.

હઝરત ઉરવા બિન ઝુબૈર رضی اللہ عنہ કહે છે કે એક વાર હઝરત આઈશા رضی اللہ عنہا પાસે ક્યાંકથી સિત્તેર હજાર દિરહમ આવ્યા તો તેમણે મારી સામે એ જ સમયે બધી રકમ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી દીધી અને છેવટમાં પોતાની ઓઢણી ઝાટકી. એકવાર હઝરત આઈશા رضی اللہ عنہا નો રોઝો હતો અને ઘરમાં રોટલી સિવાય કાંઈ પણ ન હતું. એટલામાં એક મોહતાજે આવીને સવાલ કર્યો, તેમણે લોંડીને હુકમ આપ્યો કે એ રોટલી મોહતાજને આપી દો. લોંડીએ કહ્યું કે સાંજે ઈફતાર શાનાથી કરશો ? તો તેમણે કહ્યું કે પહેલાં તેને આપી દો. જ્યારે સાંજ પડી તો કોઈએ ગોશ્ત ભેટમાં મોકલ્યો, તો હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે, જુઓ ! અલ્લાહે રોટલીથી સારી નેઅમત અતા કરી. (મુઅત્તાએ ઈમામ માલિક)

ઉમ્મુલ મસાકીન (ગરીબોની મા) હઝરત ઝૈનબ બિન્તે ખુઝયમા رضی اللہ عنہا હુઝૂર ﷺ નાં તે પત્ની છે જે પોતાની સખાવતના કારણે સર્વ પત્નીઓમાં એક ઊંચું સ્થાન ધરાવતાં હતાં. દરેક સમયે લોકોની જરૂરીયાતને પૂરી કરવા તૈયાર રહેતાં હતાં. જરૂરતવાળાઓની જરૂરત પૂરી કરવી અને ભૂખ્યાઓને ખાવા ખવડાવવું એ એમની આદત બની ગઈ હતી, એટલા માટે તે "ઉમ્મુલ મસાકીન" ગરીબોની મા ના લકબથી મશહૂર થયાં. તેમની સખાવતની તરફ રસૂલુલ્લાહ ﷺ એ ઈશારો કરીને ફર્માવ્યું કે મારા પછી તમારામાં જેના હાથ લાંબા હશે તે મારી સાથે સૌથી પહેલાં મુલાકાત કરશે. હુઝૂર ﷺ ની પત્નીઓએ પોત પોતાના હાથોને માપવાનું શરૂ કર્યું. હઝરત સવદા رضی اللہ عنہا ના હાથ સૌથી લાંબા હતા, પરંતું હુઝૂર ﷺ પછી સૌથી પહેલાં હઝરતે ઝૈનબની વફાત થઈ ત્યારે હુઝૂર ﷺ ની પત્નીઓને ખબર પડી કે **લાંબા હાથનો મતલબ સખાવત છે** ! હઝરત ઝૈનબની વફાત પર હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે આજે એવાં ઔરત ચાલ્યાં ગયાં જે સારી ખૂબીઓવાળાં અને યતીમો અને બેવાઓનો સહારો હતાં. *(સિરતે મુસ્તફા ﷺ, પેજ–૩૨૪)*

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ના વાલિદ એક માલદાર અને બહુ જ સખી માણસ હતા. તેમના ઘરેથી કોઈ પણ માંગવાવાળો ખાલી હાથે ન જતો હતો. તેમના દસ્તરખાન પર એક સમયમાં કેટલાયે લોકો જમતા હતા. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا પણ પોતાના વાલિદની જેમ બહુ જ સખી હતાં. તેમના ઘરેથી પણ કોઈ ખાલી હાથે ચાલ્યુ જાય તે શક્ય ન હતું. જો પોતાના પાસે વધારે ન હોય તો જે કાંઈ પણ હોય તે આપી દેતાં અને બીજાઓને પણ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનો શોખ અપાવતાં હતાં. એકવાર હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ તેમને કહ્યું કે હે મા ! મારી પાસે એટલો માલ ભેગો થઈ ગયો છે કે હવે કોઈ વસ્તુનો ભય નથી રહ્યો. તો હઝરત ઉમ્મે સલમાએ કહ્યું કે બેટા ! એ માલને અલ્લાહની રાહમાં ખર્ચ કરી દો ! હુઝૂર ﷺ એ ફર્માવ્યું છે કે, ઘણા બધા સહાબા એવા છે કે જેઓ મને મારા પછી કદી પણ નહીં જુએ. *(મુસ્નદે અહમદ, ઉમ્મે સલમા ઝવજુન્નબી, હદીષ નં. ૨૬, ૬૯૪)*

એકવાર કેટલાક ફકીરો જેમાં ઔરતો પણ હતી, તેઓ હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ની પાસે આવીને માગવા લાગ્યાં. તે વખતે ઉમ્મુલ હસન પણ બેઠેલાં હતાં. તેમણે ફકીરોને ધમકાવ્યા. તો ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ કહ્યું કે, આપણને એનો હુકમ નથી આપવામાં આવ્યો. ત્યાર બાદ પોતાના લોકોથી કહ્યું કે એમને કાંઈક આપી દો, કાંઈ પણ ન હોય તો એક એક ખજૂર જ તેમના હાથમાં આપીને તેમને રવાના કરી આપો. *(સીરતુસ્સહાબિયાત, પેજ : ૭૦)*

હઝરત મયમૂના رضی اللہ عنہا પણ હુઝૂર ﷺનાં પત્ની હતાં. અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવામાં તેમને ગુલામોને અને લોંડીઓને આઝાદ કરવાનો બહુ જ શોખ હતો. આ અમલમાં હુઝૂર ﷺ તેમને દુઆ પણ આપતા રહેતા હતા. કેટલાક સમયે તો આ અમલમાં કરજ લેવાનો વારો પણ આવી જતો હતો ! એકવાર પુષ્કળ કરજ લઈ લીધું. તો કોઈએ પૂછયું, ઉમ્મુલ મો'મિનીન ! આટલી બધી રકમ કઈ રીતે અદા કરશો ?! તો કહેવા લાગ્યાં કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે **જો માણસ કરજ અદા કરવાની નિય્યત રાખે તો અલ્લાહ તઆલા ખૂદ તેનું કરજ અદા કરવાનો રસ્તો કરી આપે છે.** *(મુસ્નદે અહમદ, બાબે મુસ્નદે મયમૂના બિન્તુલ હારિષ, હદીષ નં. ૨૬/૮૪૦)*

રસૂલુલ્લાહ ﷺનાં પ્રિય પુત્રી હઝરત ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہا તંગદસ્તી હોવા છતાં પણ ખૂબ જ સખાવત કરતાં હતાં. પોતે તકલીફ ભોગવીને બીજાને રાહત આપવાનો સામાન તૈયાર કરતાં હતાં. એક દિવસે બનૂ સુલૈમનો એક માણસ મુસલમાન થયો. હુઝૂર ﷺએ તેને ઈસ્લામની જરૂરી વાતો બતાવ્યા બાદ પૂછયું કે તારી પાસે માલ પણ છે ? તેણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આખા કબીલામાં હું સૌથી વધારે ગરીબ છું ! હુઝૂર ﷺએ સહાબા તરફ ધ્યાન આપીને ફર્માવ્યું કે તમારામાંથી કોણ છે જે આની મદદ કરશે ? હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે એક ઊંટણી છે જે હું તેને આપુ છું. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોણ છે જે તેનું માથુ ઢાંકી દે ?! તો હઝરત અલી رضی اللہ عنہએ પોતાનો અમામો ઉતારીને તેના માથા પર બાંધી દીધો. પછી આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોણ તેના ખાવાની વ્યવસ્થા કરશે ? તો હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ઉભા થયા અને એ નવા બનેલા મુસલમાનને સાથે લઈ ગયા અને તેના ખાવાની વ્યવસ્થા કરવા લાગ્યા. હઝરત ફાતિમા رضی اللہ عنہاના ઘરે જઈને દરવાજો ખખડાવ્યો અને એ મોહતાજના ખાવાની માગણી કરી. અંદરથી હઝરત ફાતિમા رضی اللہ عنہاએ જવાબ આપ્યો કે અમે બધા ઘરવાળાં ત્રણ દિવસથી ભૂખ્યાં છીએ, અમારા બંનેવ પુત્રો ભૂખ્યા સૂતેલા છે, પરંતુ હું તમને ખાલી હાથ નહીં જવા દઉં ! આ મારી ચાદર છે તેને લઈ જઈને ફલાણા યહૂદીને વેચી દો, પછી તેનાથી તે ગરીબના ખાવાની વ્યવસ્થા કરી આપો. હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ખૂબ જ પરેશાન થયા અને એ ચાદર લઈને યહૂદીના પાસે ગયા અને આખી વાત તેને સંભળાવી. યહૂદી કહેવા લાગ્યો કે, હે સલમાન ! તમે ગવાહ થઈ જાવ કે હું ફાતિમાના પિતા પર ઈમાન લાવ્યો. ત્યાર બાદ તેણે હઝરત સલમાન ફારસી رضی اللہ عنہને કાંઈક અનાજ આપ્યું અને એ ચાદર પણ પાછી આપી દીધી. હઝરત ફાતિમા رضی اللہ عنہاએ પોતાના હાથથી નવા મુસ્લિમ માટે ખાવા બનાવ્યું. હઝરત સલમાન ફારસી رضی اللہ عنہએ કહ્યું, એમાંથી થોડુક છોકરાઓ માટે પણ કાઢી લો ! તો હઝરત ફાતિમા رضی اللہ عنہاએ કહ્યું કે **જે વસ્તુ અલ્લાહની રાહમાં આપી ચૂકી છું તે મારા છોકરાઓ માટે જાઈઝ નથી.** હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ તે રોટલી લઈને હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા. હુઝૂર ﷺએ તે રોટલી નવ મુસ્લિમને આપી અને હઝરત ફાતિમા رضی اللہ عنہاની પાસે આવ્યા. હઝરત ફાતિમા رضی اللہ عنہاના માથા પર મહોબ્બતથી હાથ ફેરવ્યો અને તેમના માટે દુઆ કરી.

આજે એવા કિસ્સા જોવા મળે છે કે બાપે મસ્જિદને કે દીની સંસ્થાને વકફ કરેલી જમીનના વધુ ભાવો આવવા લાગતાં પુત્રો તેને ગળે પડી ગયા છે ! તેઓ આના પરથી બોધ છે.

એકવાર હઝરત અલી رضی اللہ عنہએ આખી રાત એક બાગમાં કામ કર્યુ તો એના બદલામાં કાંઈક અનાજ મળ્યું. હઝરત ફાતિમા رضی اللہ عنہاએ તેને પીસીને રોટલી બનાવી. જ્યારે ખાવા માટે બેઠાં તો એ જ સમયે એક ફકીર આવ્યો. હઝરત ફાતિમા رضی اللہ عنہاએ એ બધુ ખાવા તેને આપી દીધું. પછી થોડુક અનાજ લઈને રોટલી બનાવી. બિલકુલ જમવાના સમયે ફરી એક માગવાવાળો આવ્યો. હઝરત ફાતિમા رضی اللہ عنہاએ ફરી

બધુ ખાવા તેને આપી દીધું. પછી બચેલા અનાજની રોટલી બનાવી ત્રીજીવાર પણ એક માગવાવાળો આવ્યો તો તેને પણ આપ્યું, તે દિવસે પણ બધા ઘરવાળાં ભૂખ્યાં રહ્યાં.

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہاની શરૂઆતની સ્થિતિ સારી ન હતી. તે સમયે તે દરેક વસ્તુ માપથી ખર્ચ કરતાં હતાં. એકવાર રસૂલુલ્લાહ ﷺએ તેમને કહ્યું કે માપી માપીને ખર્ચ ન કરો, બાકી અલ્લાહ તઆલા પણ માપીને આપશે ! *(અત્તબકાતુલ કુબ્રા, બાબે અસ્મા બિન્તે અબીબક્ર, સિલસિલા નં. ૪૧૯૮)*

ત્યાર બાદ હઝરત અસ્મા رضی اللہ عنہا દિલ ખોલીને ખર્ચ કરવા લાગ્યાં. અલ્લાહ તબારક વ તઆલાએ તેમના માલમાં ખૂબ જ બરકત અતા કરી. થોડાક જ દિવસોમાં તે માલદાર થઈ ગયાં. પછી તો તેમની સખાવતમાં ખૂબ જ વધારો થઈ ગયો. તે પોતાની દૌલતને નેક અને ખૈરાતના કામમાં દિલ ખોલીને ખર્ચ કરવા લાગ્યાં. જ્યારે કોઈવાર બીમાર પડતાં તો ગુલામોને આઝાદ કરી આપતાં. *(સીરતુસ્સહાબિયાત, પેજ : ૧૫૬)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ કહે છે કે હઝરત આઈશા رضی اللہ عنہاના વારસામાંથી હઝરત અસ્મા رضی اللہ عنہاને એક બાગ મળ્યો હતો. તેમણે તેને પણ વહેંચીને બધો માલ ગરીબો અને મોહતાજોમાં વહેંચી આપ્યો. *(બુખારી શરીફ, બાબ હિબતુલ વાહિદ લિલ્ જમાઅત, હદીષ નં. : ૨૬૦૨)*

હઝરત ઝુબૈર رضی اللہ عنہ તેમને ખર્ચ કરવા માટે બહુ થોડો માલ આપતા હતા. એકવાર હઝરત અસ્મા رضی اللہ عنہاએ હુઝૂર ﷺને પૂછયું, શું હું તેમની પરવાનગી વગર તેમના માલમાંથી ખર્ચ કરી શકું છું ?! હુઝૂર ﷺએ તેમને પરવાનગી આપી. હઝરત અસ્મા رضی اللہ عنہا પોતાની ઔલાદને પણ હમેશાં આ વાત પર જોર આપતાં હતાં કે માલ ભેગો કરવા માટે નથી હોતો બલ્કે જરૂરતવાળાની મદદ કરવા માટે હોય છે. **જો તમે કંજૂસાઈ કરશો અને અલ્લાહ તબારક વ તઆલાના રસ્તામાં ખર્ચ નહીં કરો તો અલ્લાહ તબારક વ તઆલા પણ તમને પોતાના ફઝ્લો કરમથી નિરાશ કરશે. હા ! તમે જે સદક઼ો કરશો તે તમારા કામમાં આવશે.**

વર્તમાન સમયની ઔરતોમાં આ ભાવના ઓછી થઈ રહી છે. આજે આ માહોલમાં ઔરતોનો સ્વભાવ તો કાંઈક ઈબાદત, રોઝા નમાઝનો તો જોવા મળે છે પરંતુ માલી ઈબાદત સદક઼ાઓનો, ખૈરાતનો સ્વભાવ બિલકુલ નહિવત છે, પ્રથમ તો ઔરતોની પાસે માલ બહુ ઓછો હોય છે અને જે કાંઈ હોય છે તે પણ ખર્ચ નથી કરતી. **ઘણી સ્ત્રીઓ પુષ્કળ સોનુ રાખે છે પણ તેની ઝકાત સંપૂર્ણપણે નથી કાઢતી, નફ્લ સદક઼ાની તો વાત જ શું કરવી ?!** અલ્લાહની રાહમાં ખર્ચવાથી માલ ઘટતો નથી વધે જ છે, એટલા માટે ઔરતો પણ પોતાની તાક઼તના પ્રમાણે વાજિબ ઝકાત ઉપરાંત નફ્લી સદક઼ો કરે, ગરીબો મોહતાજો અને ફક઼ીરોને એવી જ રીતે મસ્જિદ અને મદ્રસા અને ઈલ્મવાળાઓની મદદ પર ખાસ ધ્યાન આપે, એટલા માટે કે તેના કારણે પોતાની આખેરત બની જાય અને હશ્રમાં કામયાબ થઈ શકે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ : ૨૦૧૩)*


**કિતાબો મંગાવો**

**બર્બાદીનો પંથ જુગાર** (૬૮ પેજીસ)

લેખક : **મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા**

પ્રકાશક : સુન્ની મિશન, મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી) ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ –જામનગર–૩૬૧૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

**નોંધ** : જુગારની બુરાઈ બયાન કરતી કિતાબ મંગાવો વાંચો અને વંચાવો અને આ બદીને દૂર કરવા કોશિશ કરો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# મેડિક્લેમ Mediclaim ઈન્સ્યૂરન્સનો હુકમ

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા
**મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી જામિઆ અશરફિયહ–મુબારકપુર)*

**અનુવાદક : અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ નક્શબંદી–પારખેત**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આજના સમયમાં મેડિકલેમ વીમા ઈન્સ્યૂરન્સ જાઈઝ છે કે નહીં ? વિગતો આ પ્રમાણે છે :–

જ્યારે માણસ બીમાર થાય છે તો તેને તપાસ અને ઈલાજની જરૂરત પડે છે અને ઈલાજ પૂર્ણ થયા બાદ જ્યારે માણસ હોસ્પિટલથી બહાર આવે છે તો બીલ ચૂકવવું ભારે પડી જાય છે. જે લોકો હૈસિયત ધરાવે છે તેઓ તો બીલ ચૂકવી દે છે અને જેમની પરિસ્થિતિ નથી હોતી તેઓ ચૂકવી શકતા નથી, લોકોના દરવાજે ભટકતા ફરે છે, બીજાઓ દ્વારા કરજ અથવા મદદની જરૂરત અનુભવે છે, તો તે વીમો જે મેડિકલેમ ઈન્સ્યૂરન્સના રૂપે વાર્ષિક આઠ હજાર રૂપિયા ફેમિલી દીઠ જમા કરે છે. હવે વ્યક્તિ ક્યારે બીમાર થાય છે તે તો કોઈને ખબર નથી, તો આ સ્થિતિમાં બીમારનો ૮૦ ટકા ખર્ચ કંપની ભરી આપે છે. આ રીતે મેડિકલેમ વીમો કરાવવો જાઈઝ છે કે નહીં ?

**★ મેડિકલેમ (Mediclaim) ઈન્સ્યૂરન્સ વિષે જાણકારી ★**

તેની વધુ માહિતી આ પ્રમાણે છે :–

**૧.** કોઈ પણ ઈન્સ્યૂરન્સ કંપની જે વ્યક્તિ પહેલાથી જ કોઈ બીમારીમાં સપડાયેલો હોય તેને મેડિકલેમ ઈન્સ્યૂરન્સ નથી આપતી.

**૨.** મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વય પ્રમાણે આપવામાં આવે છે, જેમ કે ૩૫ વર્ષની અંદર છે તો કંપની તેની (વ્યક્તિની) તપાસ નથી કરતી અને જો પાંત્રીસ વર્ષની ઉપર છે તો કંપની તેનાં લોહી, પેશાબ ચેક કરે છે કે તે કોઈ બીમારીમાં સપડાયેલો છે કે નહીં.

**૩.** મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જેમ કે વધુતાવ, મલેરિયા, ટાઈફોઈડ, જેન્ડીસ, હાર્ટ અને બીજી બધીય નાની મોટી બીમારીઓનો ઈલાજ કરવામાં આવે. જે મેડિકલેમ ઈન્સ્યૂરન્સની નક્કી કરેલ રકમ પ્રમાણે હોય, જેમ કે બે થી અઢી લાખ રૂપિયા સુધી.

**૪.** મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જો અઢી લાખ રૂપિયાનું લેવામાં આવે તો પતિ પત્ની જેમની ઉંમર લગભગ પાંત્રીસ વર્ષ હોય અને બે બાળકો જેમની વય ૧૮ વર્ષની અંદર હોય, તો ઈન્સ્યૂરન્સની વાર્ષિક ફી લગભગ દસ હજાર રૂપિયા હોય છે. મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જો અઢી લાખ રૂપિયાનું લેવામાં આવે તો તેમાં કોઈપણ બીમારીના ઈલાજ માટે સવા બે લાખ (સુધીનો) ખર્ચ ઈન્સ્યૂરન્સ કંપની આપશે. જો બે બાળકોથી વધુ (જેમ કે ત્રણ, ચાર કે પાંચ) હોય તો તે હિસાબે ફી ની રકમ પણ વધશે.

**૫.** જો કોઈ મેમ્બરનું એક્સિડન્ટ થઈ જાય તો તેના ઈલાજનો ખર્ચ કંપની અઢી લાખ સુધી આપશે. આ ખર્ચ જરૂરત પડવા પર કંપની વર્ષમાં એક જ વાર આપે છે.

**૬.** પ્રથમ વર્ષે જો મેડિકલેમ ઈન્સ્યૂરન્સ અઢી લાખનું લેવામાં આવે તો વાર્ષિક ફી દસ હજાર જમા કરવી પડે છે. જો કોઈપણ મેમ્બર એક વર્ષમાં બીમાર ન થશે તો બીજા વર્ષે પણ દસ હજાર જમા કરાવવી પડશે, જેમાં ઈન્સ્યૂરન્સ અઢી લાખને બદલે પોણા ત્રણ લાખ થઈ જાય છે, એવી જ રીતે બીજા વર્ષે પણ કોઈ બીમાર ન થયું તો ત્રીજા વર્ષે પણ ફી ની રકમ જમા કરાવવી પડશે. જો ત્રીજા વર્ષે પણ કોઈ બીમાર ન થયું તો ચોથા વર્ષની વાર્ષિક ફીમાં કંપની ૧૫ ટકા છૂટ આપે છે, જેથી વાર્ષિક ફી ની રકમ સાડા આઠ હજાર થઈ જાય છે. અને ઈન્સ્યૂરન્સ ચોથા વર્ષથી ત્રણ લાખનું રહે છે.

**૭.** મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વાર્ષિક ફી ઉંમર પ્રમાણે

લેવામાં આવે છે, અને સાઈઠ વર્ષની વ્યક્તિને સામાન્ય રીતે કંપની ઈન્સ્યૂરન્સ આપની નથી.

મેડિકલેમ ઈન્સ્યૂરન્સ બે લાખના ખર્ચમાં પતિ પત્ની તથા બે બાળકો, એમ ચારેય મેમ્બરો સામેલ છે. ચારેયના ઈલાજ માટે જરૂર પડવા પર (વર્ષમાં) કોઈ પણ સમયે કંપની ખર્ચ ઉઠાવે છે. ભલે ચારમાંથી કોઈપણ બીમાર પડે. *(પ્રશ્નકર્તા : નિશાર અબ્દુલ્લાહ લતીફ, મુંબઈ)*

**જવાબ** : મેડિકલેમ ઈન્સ્યૂરન્સ વિશે જે વિગતો આપવામાં આવી છે તેના પ્રમાણે આ મામલો શરીઅતની અક્દો (શર્તો)માંથી કોઈપણ અક્દ (બંધારણીય શરત) હેઠળ આવતો નથી, હા ! શરીઅતે જે અક્દોને હરામ તથા ગુનાહ ઠરાવી આપેલ છે, તેમાંથી એક અક્દ "કિનાર" એટલે "જૂગાર"ની હક઼ીક઼ત આમાં મૌજૂદ છે, એટલા માટે મેડિકલેમ ઈન્સ્યૂરન્સ જાઈઝ નથી. હવે અમે તેની વધુ સ્પષ્ટતા કરીએ છીએ.

મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કંપનીના બુધ્ધિશાળીઓએ ઈન્સ્યૂરન્સના મેમ્બર બનાવવા માટે જે બંધારણ બનાવ્યું છે તે જૂગારની રીત પર છે. જેમાં સામાન્ય રીતે કંપનીની જીતની અપેક્ષા વધુ રહે છે, બલ્કે વધુ પડતા સમયે એ જ જોવા મળે છે. તેમના બંધારણની આ ક઼ાયદાઓ જુઓ :–

★ મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કોઈ તંદુરસ્ત વ્યક્તિને જ આપવામાં આવે છે, જે પહેલાથી જ બીમાર હોય તે આ ઈન્સ્યૂરન્સ નથી લઈ શકતો.

★ પાંત્રીસ વર્ષથી વધુ ઉંમરનો કોઈ વ્યક્તિ આ ઈન્સ્યૂરન્સ લેવા ઈચ્છે તો તેના લોહી પેશાબને ચેક કરી સંતોષ મેળવવામાં આવે છે કે તે તંદુરસ્ત છે અને જો રિપોર્ટથી એ સાબિત થઈ જાય કે તે બીમાર છે તો તેને ઈન્સ્યૂરન્સ નથી મળતું.

★ જેની ઉંમર સાઈઠ વર્ષથી વધુ હોય તેને સામાન્ય રીતે આ ઈન્સ્યૂરન્સનો લાભ નથી મળતો, સામાન્ય રીતેનો મતલબ એ હોય શકે કે જે વ્યક્તિ તંદુરસ્તીના હિસાબે યુવાન જેમ હોય તેનું મેડિકલેમ ઈન્સ્યૂરન્સ બને છે.

આ ક઼ાયદાઓનો સારાંશ એ છે કે જે લોકો પોતાની ખરાબ તંદુરસ્તી અને કમશક્તિના કારણે ઈન્સ્યૂરન્સના હાજતમંદ છે તેમને ઈન્સ્યૂરન્સ કંપનીની હમદર્દી મળી શકતી નથી, નહીં તો ઈન્સ્યૂરન્સ દ્વારા કંપનીને કાંઈ ફાયદો નહીં થાય. અને જેઓ સશક્ત તથા તંદુરસ્ત છે અને જેમની જાહેરી હાલતથી સંતોષ હોય કે તેઓને ઈલાજની જરૂર પડશે નહીં અને તેનો ખર્ચ ઉઠાવવાનો વારો પણ નહીં આવે, તેમની સાથે કંપની મદદ તથા હમદર્દીનો બેપનાહ જઝબો જતાવે છે ! કેમ કે આવા વ્યક્તિઓની રકમ તેમના કામમાં ઓછી તથા કંપનીના કામમાં વધુ આવે છે.

આ તારણથી સાફ જાહેર થાય છે કે **ઈન્સ્યૂરન્સ કંપનીનો ધ્યેય કોઈની મુસીબતમાં કામ આવવું નહીં, બલ્કે લીલોછમ બગીચો દેખાડી પબ્લિક પાસેથી પૈસા એકઠા કરવાનો છે, ત્યારબાદ અમુક લોકોને કાંઈક આપી બાકી રકમ સરળ તાથી પોતાની બનાવી લેવાય.** આનો ફાયદો ફક્ત તેને મળશે જેનું ભયંકર એક્સિડન્ટ થઈ જાય અથવા કોઈ મોટી બીમારીમાં સપડાય, કેમ કે જો નોર્મલ એક્સિડન્ટ થાય કે મામૂલી બીમારી હોય જેમ કે તાવ વગેરે તો જરૂર કંપની કાંઈક મદદ કરી આપશે, પણ તેનો નિયમ છે કે વર્ષમાં ફક્ત એક જ વખતે જરૂરત પડવા પર ખર્ચ પૂરો પાડશે, એટલે પછી ચાર, પાંચ હજાર અથવા કાંઈક વધુમાં ઈલાજ પૂર્ણ થઈ જાય તો ચાલુ વર્ષે ભલે પછી તાવ આવે કે એક્સિડન્ટ થાય કંપની કાંઈ નહીં આપે અને બીજી રકમ હડપ કરી જશે. અને જો બીજીવાર આપવાનો નિયમ પણ હોય તો શું ગેરંટી કે વીમા હોલ્ડર બીજી વખત બીમાર પડશે, કેટલાક તંદુરસ્તો તો એવા હોય છે કે વર્ષો સુધી બીમાર નથી પડતા.

હવે વિચારો ! એવા કેટલા લોકો છે જે વર્ષભરમાં કોઈ મોટા અકસ્માતનો ભોગ બને છે અથવા અચાનક કોઈ બીમારીમાં સપડાય છે, જેના ઈલાજ માટે બે અઢી લાખ રૂપિયા ખર્ચાય, હું સમજું છું વર્ષમાં આવા

પેજ નં. ૩૪ નું ચાલુ...

ગંભીર બનાવો બહુ ઓછા જોવાય છે. અને જોવામાં આવે તો એક ટકા લોકો પણ આ પ્રમાણેના મળશે નહીં, હા ! હજારોમાં બે, ચાર અથવા દસેક નીકળશે.

આ સ્પષ્ટતાથી એ વાત ઉજ્જવળ થઈ ગઈ કે જે વ્યક્તિ મેડિકલેમ ઈન્સ્યૂરન્સનો મેમ્બર બને છે તે નાની રકમ જમા કરાવી મોટી રકમનો ફાયદો ઈચ્છે છે. હવે જો તેનું નસીબ સાથ આપે અને તે કોઈ મોટી બીમારી અથવા અકસ્માતનો ભોગ બને તો તે મોટી રકમનો ફાયદો મેળવી શકે છે, નહીં તો નાની રકમથી પણ હાથ ધોવા પડે છે. જેમ કે એ જ વધુ પડતુ જોવામાં આવે છે. **આ રીત નિઃશંક ! કિમાર તથા જૂગારની છે અને જૂગાર હરામ અને ગુનોહ છે.** જેવું કે કિતાબ તથા સુન્નત (કુર્આન હદીષ)થી સાબિત છે, એટલા માટે શરીઅતના એતેબારે **મેડિકલેમ ઈન્સ્યૂરન્સનુ મેમ્બર બનવું હરામ તથા ગુનોહ છે, કેમ કે મેમ્બર બનવું જૂગાર છે, અને મેમ્બર બનાવવું પણ ગુનોહ તથા હરામ છે કેમ કે આ ગુનાહના કામ પર મદદ છે.** એટલા માટે મેડિકલેમ ઈન્સ્યૂરન્સના મેમ્બર બનવા તથા બનાવવાથી બચવું વાજિબ છે. હા ! બે સ્થિતિઓમાં તેની ઈજાઝત છે :

**૧.** તેવા સ્થળો જ્યાં કોમી વિખવાદ થતો રહે અને ભવિષ્યમાં કોઈ પણ સમયે તેની સંભાવના હોય, અથવા અમુક જુથો વચ્ચે અથડામણ થતી રહેતી હોય, અથવા બીમારીની વબા ફેલાય, જ્યાં યક઼ીન હોય કે ઈન્સ્યૂરન્સ હોલ્ડર તેના દ્વારા ફાયદો મેળવી લેશે, ત્યાં મેડિકલેમ ઈન્સ્યૂરન્સ કરાવવું જાઈઝ છે, કેમ કે આ સ્થિતિમાં માલનુ નુકસાન નહીં થાય.

**૨.** અંજુમનના ધોરણે કામ થાય કે જ્યારે પણ કોઈ બીમાર પડે, અથવા અકસ્માત સર્જાય, ભલે એક જ વર્ષમાં હોય કે પછી દસ વીસ વર્ષોમાં, અને ક્યારેય કોઈ રકમ જપ્ત ન થાય, પણ આજના સમયમાં આવું થવું મુમકિન જણાતુ નથી. વલ્લાહુ તઆલા અઅલમ

*–(અશરફિયા મંથલી, એપ્રિલ–૨૦૧૩)*

તમારા ભાગી ગયેલ ઊંટનું શું થયું ?! મેં કહ્યું, ક઼સમ છે તે જાતની જેણે આપને હક઼્ક઼ સાથે મોકલ્યા છે, તે ઊંટ તો હું જ્યારથી મુસલમાન બન્યો છું, ક્યારેક પણ નથી ભાગ્યું ! હુઝૂર ﷺએ ત્રણ વખત ફર્માવ્યું, અલ્લાહ તઆલા તમારા પર રહમ ફર્માવે ! ત્યાર પછી આપે ફરી વાર વાત ન ફર્માવી.

આ તર્બિયતનો ઉત્તમ સબક઼ છે, અને એવા હિકમતથી ભરપૂર તરીક઼ાનું ઉદાહરણ છે જેનાથી ઈચ્છાનુસાર પરિણામ પ્રાપ્ત થઈ ગયું. આ બનાવથી નીચે પ્રમાણે મસ્અલાઓ પણ કાઢી શકાય છે :

- ✭ વડીલની એક ધાક (પ્રભાવ) હોય છે, જેથી જ્યારે તે ભૂલ કરનારની પાસેથી પસાર થાય છે તો તે શર્મ અનુભવે છે.
- ✭ વડીલના સવાલો ટૂંકા હોવા છતાં વડીલની નજર ઘણુ બધુ સમજાવી દે છે અને તેની દિલ પર ખૂબ જ ઊંડી અસર પડે છે.
- ✭ મનઘડત બહાનુ જેમાં સ્પષ્ટ ખલેલ તેને જૂઠુ સાબિત કરી રહેલ છે, તેને સાંભળીને વાતચીત ન કરવી અને બહાનું બનાવવાવાળાથી મોઢું ફેરવી લેવું, આ વર્તન જાણકારી આપવા માટે પૂરતું છે કે તેનું બહાનુ સ્વીકારવામાં આવ્યું નથી, આ વાતો તેને તૌબા અને માફી તરફ પ્રેરે છે. આ રહસ્ય હદીષના આ શબ્દોથી જાહેર છે : "હુઝૂર ﷺ ચાલવા લાગ્યા".
- ✭ શ્રેષ્ઠ વડીલ તે છે જે ભૂલ કરનારના દિલમાં શરમની અનુભૂતિ પેદા કરી દે જેથી તે તેનાથી છુપો રહે છે અને આ લાગણી પણ પેદા કરે કે તેને તેની પાસે હાજર થવાની જરૂરત છે અને આખરે બીજી વાત પહેલી વાત પર છવાઈ જાય.
- ✭ આ પ્રકારની સ્થિતિઓમાં જ્યારે ભૂલ કરનાર પોતાનો વિચાર બદલી લે છે તો તેનાથી એ જાહેર થાય છે કે તે પોતાની ભૂલ ક઼બૂલે છે અને તેનાથી દૂર થઈ રહ્યો છે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૩, અઝ : મુહમ્મદ હાશિમ ક઼ાદરી સિદ્દીક઼ી મિસ્બાહી)*

# જૂઠા દજ્જાલના ચેલા : ક઼ાદયાનીઓથી સાવધાન !

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી–કુરચણ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

વર્તમાન ઈ.સ. ત્રણ હજાર વર્ષ તરફ જતા (Third Millenium)ના પ્રારંભ પર પાપાએ રોમે (પોપે) વેટીકનથી એ હજાર વર્ષને એશિયાના નામ કરતાં વૈશ્વિક ઈસાઈ મિશનરીઓના નામે આ ફર્માન બહાર પાડયું કે એમણે **આવતા હજાર વર્ષોમાં મહાન એશિયાખંડને Evangalize એટલે સર કરવાનો છે એટલે કે અહિંયાં વસવાટ કરતા સર્વ લોકોને ઈસાઈ બનાવવાના સારા કાર્યમાં જોડાઈ જવાનું છે.** એ જ પ્રમાણે **ક઼ાદયાનીઓની 'જમાઅતે અહમદિયહ'ના પાંચમા ખલીફાએ પણ વર્તમાન પંદરમી સદી હિજરીને દુનિયાભરના મુસલમાનોના નામે સંબંધિત કરીને પોતાની જમાઅતના વર્કરોને આદેશ આપ્યો છે કે એમણે આવતા સો વર્ષોમાં જમીન પર વસનારા સર્વ મુસલમાનોને 'અહમદિયા' (ક઼ાદયાની) બનાવવાનો હેતુ સિધ્ધ કરવાનો છે.** ઈસાઈ અને ક઼ાદયાની મિશનરીઓથી સંબંધિત લોકો આવુ ક્યારે કરશે અને એમના પ્લાનો શું છે ? અલ્લાહ બેહતર જાણે ! પરંતું એ એક સ્પષ્ટ હક઼ીક઼ત છે કે ઈસાઈઓની સાથોસાથ ક઼ાદયાની જમાઅતને વૈશ્વિક સ્તરે સામ્રાજયવાદી તાક઼તોનું ભરપૂર સમર્થન પહેલાંથી જ રહ્યું છે. અફસોસ ! મુસલમાનો આ ફિત્ના વિશે અત્યાર સુધી ઓછા પરિચિત છે એટલા માટે ઘણા મુસલમાનોએ "ખલીફએ જી"ના આ એલાન તરફ ખાસ ધ્યાન નથી ધર્યું. લગભગ આ જ કારણે મિડીયામાં આ વાતની વધારે કોઈ ચર્ચા પણ નથી. પણ હું યોગ્ય સમજુ છું કે પહેલાંથી જ પોતાના સુન્ની ભાઈઓને આ જમાઅતના મૂળ અક઼ીદાઓથી પરિચિત કરાવી દઉં.

### ★ ખત્મે નબુવ્વતનો અક઼ીદો : ઈમાનનો પાયો ★

"ખત્મે નબુવ્વત" એટલે "હુઝૂર ﷺ આખરી નબી છે" અને આ પાયાનો અક઼ીદો છે અને આ અક઼ીદા પર પૂરી ઉમ્મત સહમત છે કે નબી કરીમ ﷺની જાત પર નબુવ્વતનો સિલસિલો સદા માટે ખત્મ થઈ ગયો છે અને **આપના પછી ક઼યામત સુધી કોઈ પણ પ્રકારનો કોઈ નબી નહીં આવશે.** આ અક઼ીદાના સબૂત માટે કુર્આન તથા હદીષમાં ઘણી દલીલો મૌજૂદ છે જેનાથી દિલોને ખુશી અને ઈમાનને તાજગી મળે છે. આ જ કારણસર પબ્લિક સમક્ષ ખત્મે નબુવ્વત પર દલીલો ક઼ાયમ કરવી તથા દલીલોના સહારે બયાન કરવું એક સ્પષ્ટ સિધ્ધ તથા સાબિત મસ્અલાને વિવાદી બનાવવા સમાન છે. જેવી રીતે કે બે ને બે ચાર થાય છે, આસ્માન ઉપર છે અને જમીન નીચે છે, એના માટે દલીલ ક઼ાયમ કરવાની કોઈ પણ જમાનામાં જરૂરત નથી પડી. બિલ્કુલ એવી જ રીતે **પૈગમ્બરે ઈસ્લામ "ખાતમુન્નબીય્યીન" છે, આપના પછી જે પણ નબુવ્વતનો દાવો કરશે એ કાફિર અને એના અનુયાયીઓને મુર્તદ તથા કાફિર ગણવામાં આવશે ત્યાં સુધી કે નબુવ્વત પર દલીલો માગવાવાળાઓનો સમાવેશ પણ આ ગૃપમાં થશે.**

### ★ મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની : એલાને નબુવ્વત સુધી ★

ઓગણીસમી સદીમાં અખંડ ભારતના પંજાબના જિલ્લા ગુરદાસપુરના 'ક઼ાદયાન' ગામમાં એક એવો મનહૂસ વ્યક્તિ જાહેર થયો જેણે જૂઠો નબુવ્વતનો

દાવો કર્યો, આ વ્યક્તિનું નામ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની હતું. ઈ.સ. ૧૮૩૯માં જન્મ થયો, ૧૮૫૭ના બળવા વખતે એની ઉમર ૧૬ વર્ષની હતી. ૨૪ વર્ષની વયે એને અંગ્રેજ ગવર્નમેન્ટ હેઠળ નોકરી મળી અને ડે. કમિશ્નર (જિલ્લા અધિકારી) સિયાલકોટની ઓફિસમાં માસિક પંદર રૂપિયાના પગારથી ક્લાર્કના પદે કામ કરવા લાગ્યો. આ નાની સર્વિસ એ વ્યક્તિ માટે અંગ્રેજ સરકારથી સંપર્ક થવાનો સબબ બની ગઈ કેમ કે અંગ્રેજોને એક એવી વ્યક્તિની શોધ હતી જે મુસલમાનો દરમિયાન વિખવાદ નાખવાનું કામ સારી રીતે નિભાવી શકે. અંગ્રેજોના તૈયાર કરાયેલા મનસૂબા તથા પ્લાનને પ્રેક્ટિકલી રૂપ આપવા માટે મિર્ઝા અહમદ કાદયાનીએ હક્ક અદા કરી આપ્યો ! આ ષડયંત્રની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ એ છે કે ભારતમાં આલિમો અને મુસલમાનોના જેહાદના જઝબા તથા અંગ્રેજ સામ્રાજયના વિરૂદ્ધ એમની ક્રમબદ્ધ જેહાદી પ્રવૃતિઓનો ખાત્મો કરવા માટે અંગ્રેજોએ ઈ.સ. ૧૮૪૯માં ઈસાઈ આલિમો તથા પાદરીઓની એક ટુકડી ભારત રવાના કરી જેમને એ જવાબદારી સોંપવામાં આવી કે ભારતના સંજોગોનું નિરીક્ષણ કરી મુસલમાનોના જેહાદના જઝબાને ખત્મ કરી એમને ધાર્મિક રીતે વેરવિખેર કરી દેવા માટે ભરપૂર પ્રયત્નો કરવામાં આવે. જેથી એ ટુકડીએ બ્રિટન પરત ફરીને હુકૂમતને એવો રિપોર્ટ રજૂ કર્યો કે મુસલમાનોની બહુમતિ પોતાના ધાર્મિક ગુરૂઓનું અનુસરણ કરે છે માટે આવા સંજોગોમાં કોઈ એવી વ્યક્તિ મળી જાય જે નબુવ્વતનો દાવો કરે તો આપણા માટે શક્ય છે કે એ વ્યક્તિના નબુવ્વતના દાવાનો બ્રિટનની હુકૂમતના સહકાર હેઠળ પ્રચાર કરી સફળતા પ્રાપ્ત કરી શકાય. કેમ કે ૧૮૫૭ સુધી ભારતમાં મુસલમાનોનું વર્ચસ્વ હતું જેથી બ્રિટિશ ગવર્નમેન્ટની નજર સદા મુસલમાનોને વેરવિખેર કરવા તરફ કેન્દ્રિત રહેતી હતી કે જો આ વેરવિખેર થઈ ગયા તો વિશ્વની કોઈ શક્તિ એમને સામ્રાજીયતથી નથી રોકી શકતી. અંગ્રેજોને જ્યારે મિર્ઝા અહમદ કાદયાનીના સ્વરૂપમાં તેમના કામનો વ્યક્તિ મળી ગયો તો એમણે મકસદને પ્રાપ્ત કરવા માટે થોડા દિવસો પછી ક્લાર્કના પદથી હટાવી તેને પોતાના મુખ્ય હેતુ પર લગાડી દીધો અને ત્યાર પછી નિયમાનુસાર મનસૂબા સાથે કામ કરવાના બધા માધ્યમો એકત્રિત કરી આપ્યાં. જેથી મિર્ઝા અહમદે જૂઠી નબુવ્વતનો પોશાક પહેરતાં જ બ્રિટન હુકૂમતની વફાદારી અને જેહાદ ન કરવાની શીખામણો શરૂ કરી આપી. આ પ્રમાણે બયાન એની કિતાબ 'બરાહીને અહમદિયા' ભાગ ત્રીજા ચોથામાં છે. મિર્ઝા અહમદે ઈસ્લામના પ્રસિધ્ધ જેહાદના ખયાલને (જે અંગ્રેજો વિરૂદ્ધ હતો) ખતરનાક ઠરાવ્યો બલ્કે જેહાદની મોટા (કબીરા) ગુનાહની યાદીમાં ગણના કરી. *(જુઓ તોહફએ કૈસરિયા અને બીજી અન્ય કાદયાની કિતાબો)*

મિર્ઝા અહમદ કાદયાનીએ આટલા પર જ બસ ન કરી બલ્કે વિના પાયાના અસંખ્ય દાવા કરી મુસ્લિમ એકતાને વેરવિખેર કરવા માટે અનથક પ્રયાસો કર્યા. ૧૮૮૨માં એવો દાવો કર્યો કે એને પુષ્કળ ઈલ્હામ થાય છે, ઈ.સ. ૧૮૮૮માં મહેદીએ મૌઊદ હોવાનો દાવો કર્યો. ઈ.સ. ૧૮૯૦માં ઈસા علیہ السلام વિશે લખ્યું કે તે ન જીવિત છે અને ન ચોથા આસ્માન પર છે બલ્કે મૃત્યુ પામી ગયા છે અને એમની કબર કાશ્મીરમાં છે ! અને એ જ વર્ષે દાવો કર્યો કે તે પોતે ઈસા મસીહનો નમૂનો છે, એટલે કે હઝરત ઈસા علیہ السلام ના બીજી વખત આવવાનો મતલબ એ છે કે એમની જેમ સિફતો (ગુણો) ધરાવતો એક વ્યક્તિ ઉમ્મતમાં પેદા થશે અને એ હું છું ! ઈ.સ. ૧૯૦૦માં મિર્ઝાએ જેહાદના દુનિયાથી ખતમ થઈ જવાનો દાવો કર્યો. એના સિવાય મિર્ઝા અહમદે કૃષ્ણ મહારાજ, આર્યોના બાદશાહ, ખુદાના પુત્ર, પોતે ખુદા, હજરે અસ્વદ, હૈઝ, હમલ અને વિલાદત, દસ લાખ મોઅજિઝા, મિકાઈલ, આદમ, ઈબ્રાહીમ, ઈસાઈ શ્રેષ્ઠ, મરયમ, નૂહ, યાકૂબ, મૂસા, દાઊદ, શીશ, યૂસુફ, ઈસ્હાક, યહ્યા અને ઈસ્માઈલ હોવાના પણ દાવા કર્યા. *(હકીકતુલ વહી, બરાહીને*

*અહમદીયા, દાફિઉલ બલા વગેરે)*

આ રીતે મિર્ઝા અહમદે એક બાજુ મુસલમાનોમાં એઅતેકાદી, રૂહાની અને ધાર્મિક સ્તર પર વ્યગ્રતા તથા ઉલઝન પેદા કરવાનો પ્રયત્ન કર્યો અને બીજી બાજુ અંગ્રેજોની ગુલામીના વિરૂદ્ધ ભારતના મુસલમાનના આઝાદીના જઝબા અને જેહાદના શોખને ખત્મ કરવાનો પ્રયત્ન કર્યો. બ્રિટન સામ્રાજ્યની સતત દેખરેખમાં અને પુષ્કળ માલી ઈમદાદના જોર પર મિર્ઝાએ પોતાના જમાનાના ગરીબ, નાદાર, અભણ અને ઈસ્લામી તાલીમથી વંચિત મુસલમાનોને પોતાની જાળમાં ફસાવી એક નવા ફિર્કાનો પાયો નાખ્યો જેને 'અહમદી', 'કાદયાની' અથવા 'મિર્ઝાઈ' ફિર્કો કહેવામાં આવે છે.

**★ ઈશ્કે રસૂલ પર ખતરનાક હુમ્લો ★**

અંગ્રેજ સામ્રાજ્યના હેઠળ મુસ્લિમ કૌમમાં પેદા થવાવાળો આ સૌથી નાપાક ફિત્નો (કાદયાની) વાસ્તવમાં ઈશ્કે રસૂલ પર હુમ્લાનુ બીજુ નામ છે. ઈમાન તથા ઈશ્કના લૂટારાઓનો હેતુ એ છે કે મુસ્લિમ ઉમ્મત નબી ﷺની મહોબ્બતથી વંચિત થઈ જાય અને જ્યારે 'રૂહે મુહમ્મદી' એમના શરીરથી નીકળી જશે તો એમનું તબાહ અને બર્બાદ થઈ જવું કાંઈ મુશ્કેલ નથી. મુસલમાન ઉમ્મત પોતાના અંતિમ મહાન નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને પોતાની બેહદ મહોબ્બતોનું કેન્દ્ર દર્શાવી આજ સુધી પોતાની જિંદગીની દૌલત માનતી ચાલી આવી છે અને આજે પણ મુસલમાનોમાં ઈશ્કે રસૂલ ﷺની આગ બુઝી નથી, કેમ કે ઈશ્કે રસૂલ ﷺ જ આપણા અકીદા તથા ઈમાનની રૂહ અને જિંદગીની શાન તથા પહેચાન છે. એટલા માટે જ ઈમામ અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અલ્લાહ કી સર તા બકદમ શાન હૈં યહ**
**ઈનસા, નહીં ઈન્સાન, વહ ઈન્સાન હૈં યહ**
**કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં**
**ઈમાન યહ કહેતા હૈ મેરી જાન હૈં યહ**

અને એ દર્દનાક હકીકત છે કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીનો નબુવ્વતનો દાવો કરવાથી મકસદ આ જ હતો કે મુસલમાનોના દિલોમાંથી નબી ﷺની મહોબ્બત નીકળી જાય અને મિર્ઝા અહમદ કાદયાનીની જાત મહોબ્બતનું કેન્દ્ર બની જાય, જેથી જે લોકો મિર્ઝાના અનુયાયીઓ છે તેઓ સૌ પ્રથમ નબી કરીમ ﷺની ગુલામીથી બગાવતનું એલાન કરે છે. જો આવું ન હોતું તો એ લોકો 'રસૂલે મદની'ની સરખામણીમાં 'રસૂલે કદની'ની પરિભાષા ન બનાવતા અને મુહમ્મદ ﷺના પવિત્ર લકબો જેમ કે બદરૂદુજા, અહમદે મુજતબા, મુસ્તફા વગેરેને મિર્ઝા અહમદ કાદયાની પર ન ફીટ કરતા. એવું સમજો કે કાદયાની ફિકાનો પ્રથમ પ્રહાર ખત્મે નબુવ્વતના માર્ગ ઈશ્કે રસૂલ ﷺ પર પડયો છે. કાદયાનથી ઉઠવાવાળા આ સૌથી બુરા ફિત્નાને કચુંડવા માટે શરૂથી અત્યાર સુધી ઉલમાએ કિરામે અથાગ પ્રયત્નો કર્યા જેની વિગતમાં ન જતાં તમારી સમક્ષ કુર્આન તથા હદીષના હુકમો દર્શાવી આપું કે આપ ﷺ ખાતમુન્નબીય્યીન (અંતિમ નબી) હતા અને આપના પછી કોઈ નબી થશે નહીં.

**★ કુર્આનનું માર્ગદર્શન ★**

૧. ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં અલ્લાહ તઆલા કુર્આન શરીફ (સૂરએ અહઝાબ, આ–૪૦)માં ફર્માવે છે : وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ **''આપ અલ્લાહના રસૂલ તથા અંતિમ નબી છે.''** કુર્આનમાં નબી આખિરુઝઝમાં માટે ''ખાતમુન્નબીય્યીન''ની પરિભાષા વાપરવામાં આવી છે, એટલે કે નબીઓના સિલસિલાને ખત્મ કરવાવાળો. મિર્ઝા અહમદ કાદયાનીએ પણ પોતાની તફસીરમાં 'ખાતમ'નો અર્થ આ જ લખ્યો છે.

૨. ખત્મે નબુવ્વતનો વધુ એક કુર્આની મઝહર આ છે કે ખુદા તઆલાએ આપણા નબી ﷺ પર દીનની સંપૂર્ણતા અને નેઅમતની સમાપ્તિનું એલાન કર્યું. (સૂરએ માઈદા, આ–૩) આ વાત નોંધ કરવા લાયક

છે કે કુર્આન તથા હદીષમાં આપણા નબી માટે વારંવાર ઈકમાલ, તકમીલ, ઈતમામ અને તતમીમ જેવા શબ્દો આવ્યા છે જેનાથી આપની ખત્મે નબુવ્વતની સંપૂર્ણતા વિશે જાણવા મળે છે.

**★ હદીષોથી માર્ગદર્શન ★**

**૧.** નબી કરીમ ﷺએ ફર્માવ્યું : મારી ઉમ્મતમાં ત્રીસ લોકો એવા ઉઠશે જે કઝ્ઝાબ (મહા જૂઠા) હશે, એમાંથી દરેક વ્યક્તિ પોતાના વિશે આ ગુમાન કરતો હશે કે એ નબી છે. જયારે હું નબી છું, મારા પછી કોઈ નથી. *(તિર્મિઝી, સુનને અબૂ દાઊદ)*

આ જ અર્થની વધુ એક હદીષ બુખારી તથા મુસ્લિમ શરીફમાં મૌજૂદ છે અને આ સર્વ હદીષોના શબ્દોથી ખત્મે નબુવ્વતનો અર્થ સ્પષ્ટ થઈ જાય છે કે નબુવ્વત નબી કરીમ ﷺની જાત પર ખતમ થઈ ગઈ છે.

**૨.** નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ખરેખર મારા અને મારાથી પહેલા અંબિયાનું ઉદાહરણ એ વ્યક્તિ સમાન છે જેણે એક અતિ સુંદર ઘર બનાવ્યું પણ ઘરના ચાર ખૂણાઓમાંથી એક ખૂણામાં એક ઈંટની જગ્યા ખાલી છોડી દીધી. પછી લોકો આવી એ સુંદર ઘરના ચક્કર લગાડવા લાગ્યા અને આશ્ચર્યમાં પડી કહેવા લાગ્યા અહિંયાં ઈંટ કેમ ન લગાડવામાં આવી ? આપ ﷺએ ફર્માવ્યું, ''તે ઈંટ હું છું અને **હું ખાતમુન્નબીય્યીન છું.''** *(બુખારી તથા મુસ્લિમ, હઝરત અબૂ હુરૈરહથી રિવાયત)*

આ હદીષમાં નબુવ્વતની સંપૂર્ણતાનો પાઠ કેટલી સુંદર પધ્ધતિથી સમજાવ્યો છે. અભ્યાસ કરનારાઓ પોતે વિચારે ! વાત લગભગ સંપૂર્ણ થઈ ગઈ છે પણ દિલના સુકૂન માટે થોડીક ચર્ચા આ વિશે કરતા ચાલીએ કે, શું નબુવ્વતના ક્રમને (સિલસિલાને) ચાલુ રાખવા માટે કોઈ કરીનો અથવા શક્યતા છે કે નથી ? અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ લખે છે, ''આના વિશે અમે ઈલ્મ તથા યકીનની અંતિમ ટોચ પર ઉભા રહીને ડંકાની ચોટ પર એલાન કરીએ છીએ કે મુદ્દતથી ઈમકાન (શક્યતા)નો દરવાજો બંધ થઈ ગયો છે અને કરીનાનુ લુપ્ત થઈ જવું તો એવું છે કે જો સંપૂર્ણ જગતમાં દીવો લઈ શોધવામાં આવે તો પણ ક્યાંય નહીં મળે. *(નક્શે ખાતિમ, પેજ-૧૭)*

**★ કાદયાની દેવબંદી ભાઈ ભાઈ ! ★**

જ્યારે આવું છે તો છેવટે કઈ વસ્તુ નબુવ્વતનો દાવો કરવા માટે કારણ બની ?! જયારે કે **કુર્આન તથા હદીષથી સાબિત** થઈ ગયું છે કે **આપ ﷺના પછી કોઈ નબી નથી આવી શકતો.** એક કારણ અમોને એ સમજમાં આવે છે કે અંગ્રેજોએ ધનરૂપે ઘણો સપોર્ટ કર્યો જેથી એને ઉન્નતિ પ્રાપ્ત થઈ. પણ અહિંયાં એક વાત વિચારવા લાયક છે કે શું માલી ઈમદાદ સિવાય પણ કોઈ ઈમદાદ હતી જે આ ફિત્નાને પ્રચલિત કરવામાં મદદરૂપ સાબિત થઈ હોય ? હા ! ઈતિહાસ સાક્ષી છે કે આ નબુવ્વતના દાવાનો પ્રચાર કરવા પાછળ વધુ એક હાથ પણ હતો! સ્પષ્ટ વાત છે કે કુર્આનના સાફ શબ્દ 'ખાતમુન્નબીય્યીન'ને બદલવો અશક્ય હતો જેનો અર્થ અંતિમ નબી છે, માટે મઅનવી તહરીફ (હેરફેર)નો સહારો લેવામાં આવ્યો અને નક્કી થયું કે **ખાતમુન્નબીય્યીનનો જે અર્થ સહાબાના જમાનાથી લઈ અત્યાર સુધી ઉમ્મતમાં મશ્હૂર છે એને જ બદલી નાખવામાં આવે !** અને આ શબ્દનો કોઈ એવો અર્થ શોધવામાં આવે જે કોઈ નવા નબીના આગમનમાં રુકાવટ ન બને ! જેથી એના માટે માલી ઈમદાદની સાથે સાથે ઈલ્મી ઈમદાદની પણ જરૂરત પડશે તો આ ઈલ્મી ઈમદાદ દેવબંદીઓના મોલ્વી કાસિમ નાનોત્વીએ પૂરી પાડી. તહઝીરુન્નાસ, પેજ-૩માં લખે છે : ''અવામ (લોકો)ના ખયાલમાં રસૂલુલ્લાહ ﷺનું ખાતિમ હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો ભૂતપૂર્વ અંબિયાઓની પછી અને આપ સૌમાં અંતિમ નબી છે, પરંતું બુધ્દિશાળીઓ પર રોશન હશે કે પ્રાથમિકતા અથવા અંતિમતામાં બિઝ્ઝાત (સ્વયં)

કોઈ ફઝીલત નથી, પછી મક઼ામે મદહ (પ્રશંસા સ્થાન)માં وَلَكِنْ رَّسُوْلَ اللهِ وَخَاتَمَ النَّبِيِّنَ ફર્માવવું એ હાલતમાં કેવી રીતે સહીહ થઈ શકે છે ?!

સરળ શબ્દોમાં મોલ્વી ક઼ાસિમ નાનોત્વીના આ લખાણનો અર્થ આ પ્રમાણે છે કે 'ખાતમુન્નબીય્યીન'' શબ્દનો અર્થ ''અંતિમ નબી'' નથી સમજતા, કેમ કે જમાનાના એતેબારથી કોઈનું પહેલા અથવા અંતમાં હોવું કોઈ પ્રશંસા અને ફઝીલતને લાયક નથી. આ શબ્દનો અર્થ અંતિમ નબી ઠરાવવામાં હુઝૂરની કોઈ ખાસ ફઝીલત નથી જણાતી. જો આ અર્થ મુરાદ લેવામાં આવે તો પ્રશંસાના સ્થાનમાં وَلَكِنْ رَّسُوْلَ اللهِ وَخَاتَمَ النَّبِيِّنَ વર્ણન કરવું વ્યર્થ થઈ જશે.

**★ એક ભેજાગેપ તથા હઠધર્મીની વાત ! ★**

વળી દેવબંદીઓના પેશવા મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ આગળ લખ્યું કે, ''જો હુઝૂરના જમાનામાં કોઈ અન્ય નબી પેદા થઈ જાય, તો પણ આપનું આખરી નબી હોવું યથાવત બાકી રહે છે. બલ્કે જો **આપના જમાના પછી કોઈ અન્ય નબી પેદા થઈ જાય તો પણ ખાત્મિયતે મુહમ્મદીમાં (આપના અંતિમ નબી હોવામાં) કાંઈ ફરક નહીં આવે !''** *(તહઝીરુન્નાસ)* અને આ જ ભેજાગેપ વાત ક઼ાદયાની ધર્મનો પાયો બની.

પ્યારા વાંચકો ! વિચારો ! દોઢ હજાર વર્ષના લાંબાગાળામાં સહાબાના જમાનાથી આજ સુધી કુર્આન તથા હદીષની રોશનીમાં સંપૂર્ણ ઉમ્મત એ વાત પર સહમત છે કે **'ખાતમુન્નબીય્યીન'**નો અર્થ **અંતિમ નબી** છે. આ શબ્દથી જો હુઝૂરને અંતિમ નબી ન માનવામાં આવે તો નવા નબીના આગમનનો માર્ગ કઈ દલીલથી બંધ કરી શકાશે ?! આ તે કિંમતી સેવા છે જેના બદલામાં ક઼ાદયાની જમાઅત તરફથી મૌલાના ક઼ાસિમ નાનોત્વીને ખિરાજે અક઼ીદત પેશ કરવામાં આવે છે ! જેમ કે એક ક઼ાદયાની લેખક લખે છે : ''જમાઅતે અહમદિયા ખાતમુન્નબીય્યીન (અંતિમ નબી)ના અર્થોના સ્પષ્ટીકરણમાં એ જ મસ્લક પર ક઼ાયમ છે જે અમે ઉપરના લખાણમાં દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીના હવાલાથી રજૂ કર્યો છે. *(ઈફ઼ાદાતે ક઼ાસિમિયા, પેજ–૧૫)*

એક સામાન્ય દિમાગનો વ્યક્તિ પણ આટલી વાત સરળતાથી સમજી શકે છે કે કોઈ વ્યક્તિ પોતાના વિરૂદ્ધ મસ્લક પર ક઼ાયમ રહેવાનો નિશ્ચય કદાપિ નથી કરી શકતો, પાછળ પાછળ ચાલવાનો જઝબો ખુલૂસપૂર્ણતા સાથે એ જ વ્યક્તિના હૃદયમાં પેદા થાય છે જેને પોતાનો સાથી તથા પેશવા સમજવામાં આવે.

મારા આ મંતવ્યથી કોઈ પણ જમાઅતના લોકોને મતભેદ હોય તો ઈલ્મી અંદાજમાં વાતચીત કરી શકે છે. *(કન્ઝુલ ઈમાન મંથલી, એપ્રિલ–૨૦૧૩)*


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. મેમણ યુવતી :** ૩૨ વર્ષ, બાર પાસ, તલાક઼ શુદા, **Mob. 8238210065** (હિંમતનગર તરફ)

**૨. મેમણ યુવતી :** ૨૪ વર્ષ, બાર પાસ, **Mob. 8238210065** (હિંમતનગર તરફ)

**૩. પટેલ યુવતી :** ઉમર : ૪૧ વર્ષ, અપરિણત, ૯મી પાસ, સિલાઈકામ, કુકીંગ ઘરકામમાં એક્સપર્ટ, ડાઈવોર્સી કે વિધુર પણ સ્વીકાર્ય, **Mob. 09375501770** (ફક્ત ભરૂચ વડોદરા જિલ્લા માટે)

**૪. મેમણ વિધુર :** ઉમર : ૫૫ વર્ષ, કાંદા બટાટાના સપ્લાયનો બિઝનેસ, ૨ છોકરીઓ, મેરીડ, જામનગર તરફના હાલાઈ મેમણ (હાલ : મુંબઈ) ૪૫ થી ૫૦ની વયની વિધવા, અન મેરીડ, ત્યક્તા પસંદગી પાત્ર સંપર્ક **Mob. 09773944230**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**થામ** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૫–૪–૨૦૧૩ જુમ્આના રોજ ઈશાની નમાઝ બાદ ''મેહફિલે સમાએ નઅત'' મુફતી મોહસિન રઝા (S/o. હાજી ઈબ્રાહીમ મુહમ્મદ લાકડાવાળા)ની ફાઝિલા તસ્લીમાબાનુ હાફિઝ સીરાજ (કંબોલી) સાથે થયેલ શાદીના મોક઼ા પર રાખવામાં આવી જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાનખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ મુંબઈથી તશરીફ લાવી નઅત તથા મન્ક઼બતના તરાનાં સ્ત્રીઓના મર્તબા તથા તેણીઓની ઈસ્લાહ કરતા બયાન સાથે અનોખા અંદાઝમાં રજૂ કર્યા હતાં. ખૂબ ખૂબ મુબારકબાદ ! ખુદા હમેશાં ખુશીઓથી નવાઝે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૧૪–૪–૨૦૧૩ (હિ. ૨–૫–૧૪૩૪) બુધવારે નઝીર અલી પટેલ (તંત્રીના ભાઈ)ની નેક દુખ્તર તસ્નીમબાનુની શાદી દયાદરા નિવાસી ઉસ્માનભાઈ ઈબ્રાહીમ ખાનના નેક ફરઝંદ મોહસિન સાથે રાખવામાં આવી. એ નિમિત્તે ૧૩–૪–૨૦૧૩ શનિવારે ઈશા બાદ મોટા ચકલા પર નઅત તથા બયાનની મેહફિલ થઈ જેમાં હઝરત મૌલાના મોહસિન સાહબ (પેશ ઈમામ–દયાદરા મસ્જિદ)એ શાદી શા માટે ? કોની સાથે અને કેવી રીતે ? એ વિષયે શરીઅતની રોશનીમાં બોધદાયક બયાન કર્યું હતું. રવિવારે સવારે સલાતો સલામના જુલૂસ સાથે બારાત અકુજી હોલ પર આવી જ્યાં તિલાવત, ક઼સીદા બાદ નિકાહ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (આમોદ)એ પઢાવ્યા. સલાતો સલામ બાદ દુઆ થઈ હતી. (સૌને મુબારકબાદ ! અલ્લાહ ખુશ રાખે, નેક રાહે જીવવાની તૌફીક઼ આપે. આમીન –તંત્રી)

**નબીપુર** : ખાતે તા. ૧૬–૨–૨૦૧૩ને શનિવારના રોજ નબીપુર મુકામે જનાબ ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ હાફિઝ નબીપુરીની નેક દુખ્તર ગુલશનબાનુની શાદી દયાદરા નિવાસી જનાબ હાફિઝ ઈકબાલહુસૈન મછાસરાવાલા (હાલ લેસ્ટર)ના નેક ફરઝંદ મુહમ્મદહુસૈન સાથે થતાં ઘણા સાદાતે કિરામ, ઉલમા, હુફ્ફાઝ તથા વિવિધ દારુલ ઉલૂમોના કર્તાહર્તાઓ તથા સુન્ની માસિકોના તંત્રીઓ.....વગેરે અનેક નામાંકિત સુન્ની જગતના અગ્રેસરોએ ખાસ ઉપસ્થિત રહી દુલ્હા દુલ્હનને દુઆઓથી નવાઝયા હતા. સ્થાનિક જુમ્મા મસ્જિદના પેશ ઈમામ હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ કારંટવી અશરફીએ નિકાહની રસ્મ અદા કરાવી દુઆઓ ગુઝારી હતી. (દુલ્હા–દુલ્હન સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા બંને જહાનમાં આબાદ રાખે. આમીન *–તંત્રી*)

**સૂરત** : ખાતે જનાબ સલીમભાઈ ટંકારીબંદરવાળાની નેક દુખ્તર આસિફાબાનુના નિકાહ મૂસા પટેલ આછોદવાળાના નેક ફરઝંદ મુહમ્મદ સઈદ (બાજીભાઈ) સાથે તા. ૩–૩–૨૦૧૩ રવિવારના રોજ સૂરત રૂબી કોમ્પલેક્ષ ખાતે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં તેમને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન)

*–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**કંબોલી** : (તા. જિ. ભરૂચ) ખાતે જનાબ મૌલાના ફારૂક઼ સાહબની સરપરસ્તીમાં જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો જેમાં **આલે રસૂલ ખતીબે ઝીશાન હઝરત મૌલાના અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)**એ અહલે સુન્નતની હક્ક઼નિયત પર દલીલો રજૂ કરીને વહાબી દેવબંદી ફિર્ક઼ાના રદની સાથોસાથ સુલેહ કુલ્લિયતની ઝાટકણી કાઢીને સાચા સુન્ની બનવા, સાચા આશિક઼ બનવા લોકોને અસરકારક રીતે સંબોધ્યા હતા કે ''મહબ્બતે રસૂલની દલીલ એ છે કે

રસૂલેપાક ﷺના દુશ્મનોથી દુશ્મની હોય.'' ગૌષ પાક رضی اللہ عنہ, ખ્વાજા સાહબ رضی اللہ عنہ તથા અન્ય બુઝુર્ગોના દાખલા ટાંકી મઝહબે અહલે સુન્નત પર અડગ રહેવા તાકીદ કરી હતી.

**ભરૂચ** : (નેશનલ પાર્ક–રોશનપાર્ક પાછળ) ખાતે જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો જેમાં પણ **આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં: સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)**એ અહલે સુન્નતની સચ્ચાઈ સાબિત કરવામાં વહાબી દેવબંદી વગેરેની કુર્આન હદીષ સાથે તથા તેમની કિતાબોમાં બાતિલ ફિર્કાવાળાએ કુર્આન હદીષ વિરૂદ્ધ શું શું નબી કરીમ ﷺની ગુસ્તાખીઓ કરી છે તેનો સંક્ષિપ્ત ચિતાર રજૂ કરીને અહલે સુન્નતના હક્કને ઉજજવળ કરીને સુન્નીઓના દિલોમાંની ઈમાની જયોતને ઔર તેજ કરી હતી.

**હિંગલ્લા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૧૨–૪–૨૦૧૩ના રોજ હઝરત મૌલાના સૈયદ તલ્હા અશરફ અશરફી જીલાની કછોછવીનો શાનદાર તકરીરી પ્રોગ્રામ થઈ ગયો જેમાં આપે સુન્નિયત માટે જાગૃત થવા હાકલ કરી હતી અને આપસી ફુરઈ વિવાદોને ન ચગાવવા તથા સુન્ની સંગઠનને મજબૂત કરવા તાકીદ કરતુ અસરકારક બયાન કર્યુ હતું..

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : ખાતે ફાતિમા ઈસ્માઈલ પટેલ (ગુંગા)નો ઈન્તેકાલ તા. ૨૬–૩–૨૦૧૩ મંગળવારના રોજ ૮૩ વરસની વયે થયો હતો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુંટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૫–૪–૨૦૧૩ જુમ્આના રોજ અલીભાઈ ઈસ્માઈલ આઝાદનો ૧૦૨ વર્ષની વયે ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુંટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સરનાર** : ખાતે શરીફાબેન યાકૂબ ભામાનો તા. ૨૪–૩–૨૦૧૩ના રોજ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુંટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે પણ કુર્આન ખ્વાની કરાવી મર્હૂમો માટે દુઆએ મગફિરત ગુઝારવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

તદ્દન નવી આવૃત્તિ

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૩૫૦/–** (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા.૩૦ અલગ)

**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન :–**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

| કિતાબનું નામ | કોપી | અંદાજિત ખર્ચ |
|---|---|---|
| ક઼ાનૂને શરીઅત (ભાગ–૧) | ૧૦૦૦ | 50,000/- |
| ક઼ાનૂને શરીઅત (ભાગ–૨) | ૧૦૦૦ | 50,000/- |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦૦ | 55,000/- |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં | ૧૦૦૦ | 52,000/- |
| અન્વારુલ હદીષ | ૧૦૦૦ | 50,000/- |
| નુઝહતુલ ક઼ારી શરહે બુખારી (ભાગ–૫) | ૪૦૦૦ | 4,00,000/- |

**મર્હૂમોના સવાબ અર્થે કિતાબો છપાવી સવાબે જારીઆ કમાઓ !**

ઉપરોક્ત કિતાબો જે અક઼ાઈદ તથા મસાઈલ તથા ઈસ્લામની હક્કાનિયત જાહેર કરતી લાજવાબ કિતાબો છે જે દરેક સુન્ની મુસ્લિમના ઘરમાં હોવી અનિવાર્ય છે. જેના છાપકામમાં મર્હૂમોના સવાબ અર્થે કોઈ એક કિતાબ અથવા અમુક રકમની પણ મદદ કરી હિસ્સો લેવા દર્દભરી નમ્ર દિલી અપીલ છે. અલ્લાહ જઝાએ ખૈર આપે. (આમીન)

**સંપર્ક કરો : ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

રજીસ્ટ્રેશન ફ્રી !

તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–

**www.sunnimuslimshaadi.com**

***ચેતવણી*** *: મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે

બસ ઉપડવાની તારીખ :

**૨૩/૫/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૮ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૫૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૯/૫/૧૩ અને ૩/૬/૧૩ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૧૦/૬/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૫૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૭.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. મસૂરી પ્રવાસ દરમિયાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે.

## મસ્જિદોના બાંધકામમાં સહાય કરો !

**ટંકારીઆ** : હાજી ઈબ્રાહીમ મનમન માસ્તર જણાવે છે કે ટંકારીઆ ખાતે નૂરાની મસ્જિદનું કામકાજ ચાલુ છે અને હાજી પીર કમરૂદ્દીન બાવા સાહબ કારંટવીના મુબારક હાથો વડે મોટી સંખ્યામાં સુન્ની ભાઈઓની હાજરીમાં તા. ૨૯–૩–૨૦૧૩ જુમ્આ બાદ સંગે બુનિયાદ રાખવામાં આવી. જેમાં પ્રેસ્ટન (યુ.કે.)ના સફરી હાજી અબ્દુલ્લાહ માસ્તર "કમાલ" ટંકારવી તથા અન્ય અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. મસ્જિદના બાંધકામમાં આપના પોતાના તેમજ મર્હૂમોના સવાબે અર્થે ભરપુર સહાય કરવા કરાવવા અપીલ છે.

**Contact Ph. No. 02642-270442, 270407**

**ડભોઈ** : (જિ. વડોદરા) "ચિશ્તિયા મસ્જિદ મદ્રસા"નું ઉદ્‌ઘાટન ગત્ મીલાદુન્નબી ﷺના દિવસે કરી નાખ્યું પણ હજી ઘણુ કામ બાકી છે. વસ્તી ગરીબ છે, નજીકમાં વહાબીઓનું મર્કઝ છે જે લોકોના ઈમાન છીનવા મથે છે. મદ્રસામાં ૫૫ બાળકો છે, એક જ પેશ ઈમામ નમાઝ તથા છોકરાં પઢાવે છે, પગાર પણ પૂરો પાડવો મુશ્કેલ છે, અને તામીરી કામ પણ અપૂર્ણ છે, તો સુન્નિયતની લાગણી સાથે સખીદાતા દિલ ખોલીને સહાય કરે તેવી અપીલ છે. સંપર્ક કરો : ચિશ્તિયા મસ્જિદ વ મદ્રસા, સોનેશ્વર પાર્ક, રેલ્વે સ્ટેશન સામે, ડભોઈ, જિ. વડોદરા, પિન. ૩૯૧૧૧૦ (મો. ૮૬૭૨૯ ૦૫૫૮૩, ૯૦૯૯૩ ૫૧૮૧૨, ૯૮૯૮૧ ૮૪૭૧૭)

**ગોંડલ** :થી બે કિલોમિટરના અંતરે વોરા કોટડા રોડ ખાતે "મસ્જિદે ચિશ્તિયા"ની સંગે બુનિયાદ કરવામાં આવી છે જેનો અંદાજિત ખર્ચ સિત્તેર હજાર રૂપિયા છે આબાદી ગરીબ મજૂરવર્ગ છે. તો આ સવાબે જારીઆના કામમાં તમારા તથા મર્હૂમોના સવાબ અર્થે જરૂર જરૂર રોકડથી કે ઈંટો, રેતી, સિમેન્ટ, કપચી, લોખંડ વગેરેથી સહાય કરશો. સંપર્ક કરો : સુન્ની મુસ્લિમ ચિશ્તિયા કમિટી, વોરા કોટડા રોડ, પાંચ પીરની ધાર, ચિશ્તિયા નગર (હુડકો), ગોંડલ જિ. રાજકોટ, પિન. ૩૬૧૩૧૧ (મો. ૯૯૭૯૬ ૩૫૮૫૧, ૯૯૧૩૪ ૪૧૭૯૦ તથા **SBI A/c No. 31761429852**)

**નોબાર** : તા. જંબુસર જિ. ભરૂચ ખાતે "મસ્જિદે ફયઝુર્રસૂલ"નું બાંધકામ ચાલુ છે. ગામની વસ્તી મોટાભાગે ગરીબ છે. બાકી રહેલા બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. ૨૦ લાખ જેમ થાય તેમ છે. તો સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે રોકડ, ઈંટો, રેતી, પથ્થર, લોખંડ.....વગેરે સપ્લાય કરીને ભરપુર સહાય કરે એવી અપીલ છે. સંપર્ક કરો : મસ્જિદે ફયઝુર્રસૂલ કમિટી, મુા. નોબાર, તા. જંબુસર, જિ. ભરૂચ (મો. ૯૫૮૬૨ ૦૩૪૩૪)


**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**

**(કેલેન્ડર ટાઈપ)**

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૦૦/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧